પ્રકૃતી સામેની દુનીયાની સૌથી ઘાતક પરંપરાનો પર્દાફાશ

શું શ્રેષ્ઠ ? દફન કે દહન ?

# ભુમીસંસ્કાર

## આદર્શ અંતીમક્રીયા

વીનોદ વામજા

રેશનલ પ્રકાશન

એટલે

સત્ય, સચોટ અને સંક્ષીપ્ત વાચનનું વચન

Promise of sure, smoth and short reading

BHUMISANSKAR
**Adarsh antim kriya** (Gujarati)
by Vinod B. Vamja

© વીનોદ વામજા

આવૃત્તી : ત્રીજી આવૃત્તી
નકલ : 2000
પૃષ્ઠસંખ્યા : 80
કીંમત : 20.00
પણ
(પ્રાયોજકના સૌજન્યથી કીંમત રુ. 10)
પ્રાયોજક : સતીશભાઈ ઠકરાર તથા એલ. ડી. શાહ

પ્રકાશક :
રેશનલ પ્રકાશન
વીનોદ વામજા
માઈક્રોવેવ બીલ્ડીંગ,
ટેલી. એક્ષચેન્જ પાસે,
વીસી પ્લોટ, ધોરાજી-360410

ભુમીસંસ્કાર પુસ્તકનું અંગ્રેજી ભાષાંતર (પ્રથમ આવૃત્તી)
Ideal Final Rites (price Rs. 15)
અનુવાદક : નરેન્દ્ર જે. જાની
પ્રાપ્તીસ્થાન : 301, પ્રીત ફ્લેટ્સ, ઘોડદોડ રોડ,
સુરત 395001 ફોન 0261-2664927

ટાઈપસેટિંગ :
શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી, પહેલી લેન,
આંબાવાડી, અમદાવાદ 380 006

મુદ્રક :
ભગવતી ઑફસેટ
15/સી, બંસીધર એસ્ટેટ,
બારડોલપુરા, અમદાવાદ 380004

# પ્રસ્તાવના

## દફ્ન : આદર્શ અંતીમક્રીયા

મનુષ્યજાતની એક પ્રકૃતી છે કે, કશુંક પણ મહત્ત્વનું કે ગંભીર કાર્ય આરંભવામાં આવે એવે પ્રસંગે કશુંક વીધીરુપ, સમારોહ જેવું યા ઔપચારીક આયોજન કરવું. આવી વૃત્તીમાંથી જ કર્મકાંડ તથા ધાર્મીક વીધીઓનો ઉદ્‌ભવ થયો છે, જે મુળભુત રીતે વાસ્તવમાં મહદઅંશે અનાવશ્યક જ હોય છે. દા.ત., મકાન બાંધ્યું અને એમાં વસવાટ શરુ કરવો. એ એક મહત્ત્વનું કાર્ય છે, મતલબ કે માણસને એવું લાગે છે. માટે સીધા જ એવા મકાનમાં રહેવાનું શરુ કરવામાં તેને કશુંક અધુરું અનુભવાય છે. કેવળ આવી મનઃસ્થીતીમાંથી જ વાસ્તુનો વીધી શરુ થયો. એવો જ બીજો દાખલો લગ્નનો આપી શકાય. ખરેખર તો ‘આજથી અમે પરસ્પર પરણેલાં છીએ’ એટલી જાહેરાત બસ ગણાવી જોઈએ. પરંતુ જગતભરના માનવસમાજોમાં ક્યાંય આવી સરળ વ્યવસ્થા સ્વીકારાઈ નથી. સર્વત્ર કોઈક ને કોઈક પ્રકારનો ચુસ્ત વીધી અનીવાર્ય મનાયો જ છે. આમ છતાં, મુળભુત હકીકત તો એ રહે જ છે કે, આવા કોઈ પણ વીધીની કશી જ તાત્ત્વીક અનીવાર્યતા નથી.

હવે, જીવનના બધા જ પ્રસંગોમાં સૌથી વધુ ગંભીર, ભયાવહ, રહસ્યમય તથા અન્ય પ્રસંગોથી ઉલટી જ રીતે અતીકરુણ એવો પ્રસંગ મૃત્યુનો છે. જાતીય હી ધ્રુવો મૃત્યુ એવો ગમે તેટલો બોધ માનવપ્રાણીને આપવામાં આવે અથવા તો મૃત્યુનું મહાત્મ્ય કે એની મંગલતાનાં ગાણાં ભલે ને ગાવામાં આવે યા ગ્રંથો રચવામાં આવે, માણસને મરણ ભયંકર, અસ્વીકાર્ય, અણગમતું અને દુઃખદ લાગવાનું જ; જેનું કારણ સ્પષ્ટ જ છે : પ્રથમ તો જીજીવીષા, મતલબ કે કોઈ પણ પ્રાણીને મરવું ગમતું નથી, બાકી મરનાર સ્વયં માટે તો મૃત્યુ બાદ કંઈ જ નથી. ન સુખ, ન દુઃખ ! કારણ કે અનુભવની ચેતના જ સદંતર નષ્ટ થઈ ગઈ હોય છે. મરણની ખરી તીવ્ર વેદના તો પાછળ જીવનારાં સ્વજનો જ ભોગવે છે. માટે જ, મૃત્યુ ભયંકર તથા કરુણ લાગવાનું. બીજું કારણ એ છે કે, માણસ કાયમ માટે પોતાના એક સ્વજનને ગુમાવી દે છે. ત્રીજું મૃત્યુ – ઘટનાની રહસ્યમયતા વળી મનુષ્યની મનઃસ્થીતીને વધુ ગંભીર તથા તેથી વધુ મુંઝવણકારી બનાવી મુકે છે. પરીણામે, મૃત્યુ સાથે અનેકવીધ કર્મકાંડ તથા ન



સમજાય અને વીવેકબુદ્ધીમાં જરાય ન ઉતરે એવા અસંખ્ય વીધીઓ જોડાઈ ગયા છે. હીંદુ સમાજમાં તો મરણોત્તર વીધીઓ સૌથી વધુ લાંબા, ખર્ચાળ તથા ત્રાસદાયક હોય છે; જે મરનારની મરણાસન્ન અવસ્થાથી શરુ થઈ, મહીનાઓ સુધી અને અમુક સંદર્ભે, અર્થાત્ શ્રાદ્ધ અને સંવત્સરીરુપે તો વર્ષો સુધી નીરર્થક ચાલ્યા જ કરે છે.

હવે માનવપ્રાણીની બીજી એક ખાસીયતની અર્થાત્ પ્રકૃતીની પણ સમીક્ષા કરીએ : એ છે, જે સમસ્યા પ્રત્યક્ષ ન દેખાય અથવા એકદમ નજીકના ભવીષ્યમાં નક્કર હકીકતરુપે યા વ્યક્તીગત રીતે માથે ત્રાટકેલી જ્યાં સુધી ન પ્રતીત થાય; ત્યાં સુધી માણસ એના પ્રતી ત્રણ પ્રકારનો અભીગમ દાખવે છે : એક તો, એને સાવ હળવી રીતે લેવાનો, એટલે કે એ તો ‘પડશે તેવા દેવાશે’ – એવા પ્રકારનો, બીજો, શઠતાનો, અર્થાત્ પ્રસ્તુત સમસ્યાની ગંભીરતાને જાણવા છતાં, ટુંકા સ્વાર્થને વશ થઈ એની ધરાર અવગણના કરવાનો. મુખ્યત્વે સામુહીક આપત્તી પ્રતી સ્વાર્થી મનુષ્યો આવો જ શઠ અભીગમ દાખવે છે અને ત્રીજો તે ઘોર અજ્ઞાનનો. ભારત જેવા પછાત અને અસંસ્કારી રાષ્ટ્રમાં છેલ્લા બે પ્રકારનો અભીગમ અતીવ્યાપક રીતે પ્રવર્તે છે : શઠતા અને અજ્ઞાન જે વીષયની ચર્ચા આજે અત્રે અપેક્ષીત છે; એનો જ દાખલો તીવ્ર દુઃખ સાથે ટાંકું તો, પ્રદુષણ પ્રતીનો આપણો અભીગમ મહદંશે આવો જ બરાબર શઠતા અને અજ્ઞાનનો છે. દા.ત...., વીવીધ નીમીત્ત કાઢીને અથવા તો ચોરીછુપીથી જંગલો કાપી નાખનારા કે હવામાં ઝેરી ધુમાડા છોડનારા યા જળાશયોમાં પ્રદુષીત પાણી મીલાવનારા મુખ્યત્વે શઠ શાહુકારો છે. જ્યારે વસ્તી વધારનારા, રીક્ષાદી વાહનોમાં કેરોસીન ભરીને દોડાવનારા યા તો ધાર્મીક દષ્ટીએ મુડદું તો લાકડાથી જ બાળવું પડે, એવો આગ્રહ સેવનારા ઘોર અજ્ઞાન માણસો છે. જીસસને વધસ્તંભે ચઢાવનારા મારાઓ માટે એ કરુણા – પુરુષે પ્રાર્થના કરી કે, ‘હે ઈશ્વર, તું તેઓને માફ કરજે, કારણ કે તેઓ શું કરી રહ્યા છે એ પોતે જ જાણતા નથી.’ પરંતુ આવી પ્રાર્થના આ અજ્ઞાન મનુષ્યો વતી આપણે પ્રકૃતીને કરી શકતા નથી, કરવાનો કશો જ અર્થ નથી; કારણ કે પ્રકૃતી કદી પણ, કોઈનેય કશી વાતે માફ કરતી જ નથી; પુરી સજા અચુક કરીને જ રહે છે.

કોઈ પણ સમાજનો માણસ મૃત્યુ પામે ત્યારે એના મૃતદેહનો નીકાલ જગતભરની પ્રજાઓ પોતપોતાની ધાર્મીક પરંપરા પ્રમાણે કરે છે. પરંતુ હવે આપણે આપણી તમામ પરંપરાઓ, બધા જ રીતરીવાજો સદંતર ત્યજવા પડશે

અને કેવળ પર્યાવરણ તથા પ્રદુષણની દૃષ્ટીએ જ વીચારી, તદનુસાર જીવન-વ્યવસ્થા ગોઠવવી પડશે. અને જો પર્યાવરણની સમતુલા તથા પ્રદુષણનો જ ખ્યાલ કેન્દ્રમાં રાખીએ તો, ભારતવાસીઓએ મુડદાં બાળવાની પ્રથાને તત્કાલ તીલાંજલી આપવી જ રહી. કારણ કે, કોઈ પણ ચીજને બાળવા માટે લાકડું જોઈએ અને લાકડું મેળવવા માટે વૃક્ષ કાપવાં પડે અને વૃક્ષો એ જ તો માનવીનો જીવનાધાર છે. આપણી બેવકુફ, રુઢીચુસ્ત, પછાત પ્રજાએ બેફામ વસતી વધારીને તે લગભગ સો કરોડ પર પહોંચાડી છે. હવે એ સંદર્ભે વીચાર કરો કે રોજનાં કેટલાં બધાં મુડદાં આપણે બાળતાં હોઈશું ? મતલબ કે રોજીંદા હજારો એકર જંગલો આપણે કાપી નાખીએ છીએ ! માનવસ્વાસ્થ્ય માટે વૈજ્ઞાનીક ગણતરી મુજબ જમીનના ત્રીસ ટકામાં જંગલો હોવાં જોઈએ, એને બદલે આપણે દેશમાં આજે ફક્ત છ ટકા જ રહ્યાં છે. આપણે હાથે કરીને જ મરવાના થયા છીએ, તો ભલે મરીએ; પરંતુ આપણાં મુડદાં બાળવા માટે વૃક્ષોને તો ન જ મારીએ ! કારણ કે એ ઝાડવાં જીવશે, તો જ આપણાં સંતાનો ય જીવી શકશે. વીચાર કરો, પર્યાવરણની અસમતુલાની આવી સમસ્યા પ્રત્યેનો આપણો અભીગમ ખરેખર કેવો છે ? અગાઉ ગણાવેલા અભીગમોમાંના છેલ્લા બે જેવા જ ને ?

પ્રસ્તુત પુસ્તક 'ભુમીસંસ્કાર – આદર્શ અંતીમક્રીયા',માં મૃતદેહને કેવળ દાટવાની જ હીમાયત કરવામાં આવી છે અને બાળવાની પ્રથાનાં જીવલેણ દુષ્પરીણામો વીગતે દર્શાવવામાં આવ્યાં છે. અગાઉ મેં આ જ વીષયની ચર્ચા કરતાં વીજળીક ભઠ્ઠીની વ્યવસ્થાને બહેતર ગણાવી હતી, પરંતુ આ પુસ્તકના લેખક શ્રી વીનોદ બી. વામજા જણાવે છે કે, વીજળીથી મૃતદેહને બાળવામાં પણ ઉર્જાનો ગંભીર બગાડ થાય જ છે, કારણ કે વીદ્યુત ઉત્પન્ન કરવા માટેય કોલસા, લાકડાં, પેટ્રોલીયમ જેવા ઉર્જાસ્રોતની અનીવાર્યતા રહે જ છે. તેઓ એક સરસ સમીકરણ પ્રસ્તુત કરે છે : પાંચ કીલો લાકડાં કે કોલસાથી જેટલી રસોઈ થઈ શકે; એટલી જ રસોઈ જો વીજળીક સાધનથી કરીએ, તો તેટલી વીજળી ઉત્પન્ન કરવા માટે પાંચ કીલોથી વધારે લાકડાં જોઈએ. વળી વીદ્યુત જીવતા માણસની સુખસગવડ માટે અત્યંત ઉપયોગી એવી મુલ્યવાન ઉર્જા છે; એને કેવળ મરેલા દેહને બાળવા માટે બગાડવી એ સરાસર મુર્ખતા જ કહેવાય. આખરે મૃતદેહ છે શું ? એક નીશ્ચેતન લાકડું જ ને ? એનો ગમે ત્યાં નીકાલ કરો; કશો જ ફરક પડતો નથી. પરંતુ એવા ચેતનહીન, મૃત લાકડાને બાળવા માટે ભારોભાર ચૈતન્ય વીલસતાં, જીવનદાયક વૃક્ષોનું નીકંદન કાઢી નાખવું એમાં કઈ સમજદારી



છે, કઈ બુદ્ધી છે ? એ તો ઘોર અપરાધ જ છે, પાપ છે.

અગાઉ જણાવેલું તેમ, મૃતદેહને મોટાં જળાશયોમાં પધરાવી દેવા જોઈએ; પરંતુ શ્રી વામજા લખે છે કે, આવી સગવડ, કેવળ સમુદ્રકાંઠાના વાસીઓ જ ભોગવી શકે, કારણ કે વસતીવધારા સાથે મૃતદેહની સંખ્યા એટલી બધી વધી ગઈ છે કે, અન્ય જળાશયો એનો નીકાલ કરી શકવા સમર્થ જ નથી. જો મૃતદેહો નદીઓમાં કે મોટાં તળાવોમાં નાખી દઈએ, તો અંતે જળપ્રદુષણ જ વધે. માટે આદર્શ અંતીમક્રીયા તે દાટવાની – દફનવીધી જ છે. અર્થાત્ મુડદાં જમીનમાં ફક્ત દાટી દેવાં. પછી એના પર કોઈ જ સ્મારક રચવું નહીં : જેથી થોડાં મહીના યા વર્ષ બાદ, એના એ જ સ્થળે બીજું મુડદું દાટી શકાય. વળી, શ્રી વામજા કહે છે કે મુડદાં આમ દાટવાથી જમીનની ફળદ્રુપતા વધે : જે ખરેખર વૈજ્ઞાનીક સત્ય છે. ધાર્મીક માન્યતા મુજબ, બાળવાથી જ દેહ પંચમહાભુતમાં મળી જાય છે; પરંતુ આવી માન્યતા સાવ પાયા વગરની છે કારણ કે પૃથ્વી, પાણી કે વાયુ જેવાં પંચમહાભુતો તો દાટવાથી પણ પ્રાપ્ત થઈ શકે અને તેજ કે આકાશ તત્ત્વ તે વળી છે શું ? એ પ્રશ્ન જ અસ્પષ્ટ છે. ઉપરાંત, આજેય હીંદુઓમાં પણ ઘણા સંતોમહંતો આદીનું તો દફન જ કરવામાં આવે છે, તો શું એમના દેહ પંચમહાભુતોમાં વીલીન ના થાય ? ટુંકમાં, હીંદુ સમાજમાં દફનની મનાઈ નથી; માટે અનીવાર્યતા છે, કેવળ આ પ્રથાને સર્વસ્વીકૃત બનાવવાની, હવે સ્થળ સંકોચવશે, હું એક સુત્રમાં, શ્રી વામજાનો અનુરોધ સમેટી લઉં કે, ગ્રંથીઓ છોડો ! મૃતદેહનો મોહ છોડો ! એને સીધો જ જમીનમાં દફનાવી દો ! (શબપેટીની પણ આડશ ના રાખો !)

શ્રી વીનોદ વામજાએ 'દેહદાન, નેત્રદાન, કીડનીદાન, રક્તદાન' પર પણ યોગ્ય ભાર મુક્યો છે : પ્રદુષણની સમસ્યા વીગતે ચર્ચતાં, યજ્ઞાદી દહનથી પણ પ્રદુષણ વધે એમ દર્શાવ્યું છે અને અંતમાં એક નમુનેદાર વસીયતનામું પણ આપ્યું છે, આમ આજની કટોકટીમાં આ પુસ્તક ઘણું મુલ્યવાન તથા પ્રેરક બની રહે છે. સૌરાષ્ટ્રના વંથલી (જી. જુનાગઢ) જેવા ખુણામાંથી આવી રેશનલીસ્ટ વીચારસરણી પ્રગટે એ અતીઆવકાર્ય ઘટના લેખાય.

– પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)
(1994)

403, નટરાજ એપાર્ટમેન્ટ,
સરદારબાગ, બારડોલી-394601
ફોન : (02622) 222176

# નવો વીચાર..... સૌના માટે સુખ.....

ભાઈ વીનોદ વામજા વીજ્ઞાનના સ્નાતક. ભારત સરકારના ટેલીફોન ખાતાના ઇજનેર. નોકરીનાં સ્થળો તો બદલાતાં રહે. બહોળો જનસંપર્ક. સ્મશાનો-કબ્રસ્તાનોની મુલાકાત તો લે જ લે. વીજ્ઞાન અને ઇજનેરીવીદ્યાના અભ્યાસનો આમાં વીનીયોગ થયો અને આ પુસ્તક મળ્યું. આ પુસ્તકનો ત્રીજો ભાગ : 'પર્યાવરણ સમીક્ષા' તો મારા મતે, નાનામોટા સૌએ વાંચવા–વીચારવા–આચરવા જેવો. એમાં એમની સંવેદના અને તર્ક બન્ને સોળે કળાએ ખીલેલાં જણાય.

લેખન એ એમનો વ્યવસાય નથી. માનવમાત્રની સુખાકારીની નીસ્બત અને સંવેદનાથી છલોછલ હૃદય એ એમની મુડી. સાવ નીરભીમાની, ઓછાબોલા, સરળ અને સંકોચશીલ આ નવયુવાન નખશીખ રેશનલીસ્ટ (વીવેકપંથી).

બાકી દુનીયાની દૃષ્ટીએ આ વીચારમાં કશું નવું નથી. પણ આપણા માટે વીશીષ્ટ. જે સૃષ્ટીમાં રહીએ છીએ તેનું હીત જોવાની આપણા સૌની પહેલી ફરજ છે. પરંતુ રુઢીગત લોકોને વાસ્તવીકતા કરતા માન્યતા વધુ ગમે છે. ઘણા સમાજસુધારકો તેમના સમયમાં ખુબ ઝઝુમ્યા પણ લોકોએ સહકાર આપવાને બદલે વીરોધ જ વધુ કર્યો. જોકે તેમના પછીના સમયમાં બધું સ્વીકારી લેવાતું રહ્યું.

પુસ્તકમાં લેખકની આક્રોશ અને ઝનુન વગરની તર્કબદ્ધ દલીલો ખુબ ગમી જાય તેવી છે. તેમની સરળતા, સાદાઈ અને વીનમ્રતા આપણને સ્પર્શી જાય તેવી છે. તેમનો હેતુ સૌના ભલા માટે છે.

પુસ્તક 'ભુમીસંસ્કાર' (પ્રથમ આવૃત્તી)નો શ્રી નરેન્દ્ર જાનીએ અંગ્રેજીમાં અનુવાદ કરી, પોતાના ખર્ચે છપાવી, દેશ-વીદેશોમાં મોકલી, સારો આવકાર પ્રાપ્ત કર્યો. શ્રી વીનોબા ભાવે કહેતા, ''વીચાર પ્રચાર-પ્રસાર એ જ પરીવર્તનનો પાયો છે.'' કોઈક આનું હીંદી ભાષાંતર આપે તો ઉત્તર ભારતમાં પણ વીચાર-પ્રસાર શક્ય બને. એમનો પ્રયાસ ફળો એ જ શુભકામના.

– ઉત્તમ ગજ્જર

53, ગુરુનગર,
વરાછા રોડ, સુરત 395006
ફોન : (0261) 2553591



# ભુમીસંસ્કાર વીચારનો ઉદ્ભવ

ભુમીસંસ્કારનો વીચાર સૌ પ્રથમ મને વીસેક વર્ષની ઉંમરે આવ્યો, જ્યારે મારે મારા ગામમાં એક સ્વજનની અંત્યેષ્ઠી પ્રસંગે સ્મશાનમાં જવાનું થયું. તે પહેલાં આટલાં લાકડાં વપરાતાં હશે તેની મને કલ્પના ન હતી. 10-15 કીલો લાકડાં માટે મારી માતાને 5-7 કલાક વગડામાં રખડવું પડતું હતું. જે અમારા ઘરના ચુલા માટે થોડા દીવસો ચાલતાં હતાં. જ્યારે મેં સ્મશાનમાં 400-500 કીલો લાકડાં મૃતદેહ માટે ખડકાયેલાં જોયાં ત્યારે મને આઘાત સાથે અચરજ થયું. મને લાકડાનું મુલ્ય વધારે સમજાય તે સ્વાભાવીક હતું. વધારે આઘાત તો અગ્નીદાહનો લાગ્યો. મને તે દૃશ્ય દુરથી જોયું છતાં પણ જુગુપ્સા પ્રેરક તેમજ ક્રુરતાપુર્ણ લાગ્યું. ચીતાની નજીક જવાની તો હીંમત ન ચાલી પણ જોવાનું ટાળી લોકોની વાતોમાં મન પરોવવાનો પ્રયત્ન કર્યો. લોકો પણ પ્રસંગની ગંભીરતાને બદલે અન્ય વાતો કરતા હતા. અગ્નીદાહ ઘણો લાંબો ચાલતો હોય છે તેથી બધાને ખુબ કંટાળો આવતો હતો. ઘરે આવ્યા પછી પણ મને પાંચ-સાત દીવસ અસર રહી.

મને પહેલી વાર એવો વીચાર આવ્યો કે શું મૃતદેહ માટે અગ્નીસંસ્કાર જ યોગ્ય છે ? શા માટે દફન ન કરી શકાય ? પછી મને જાણવા મળ્યું કે દુનીયામાં માત્ર હીન્દુઓ જ અગ્નીસંસ્કાર કરે છે. મારા મનમાં વીચારસંઘર્ષ જાગેલો કે આપણે સાચા કે તેઓ. વળી કથાકારો, શીક્ષીત લોકો દ્વારા અગ્નીસંસ્કાર શ્રેષ્ઠ છે. તેવું સાંભળવા મળતું. તેથી અગ્નીદાહ હાનીકારક છે, એવું માની શકતો ન હતો. પણ મને લાકડાંનો વ્યય ખુબ ખુંચતો હતો.

હું કૉલેજમાં વીજ્ઞાન ભણતો હતો. થોડા સમય પછી કાર્બનચક્ર, ઑક્સીજનચક્ર, નાઈટ્રોજન ચક્ર વાંચવામાં આવ્યાં. તેનો ફરીફરીને અભ્યાસ કર્યો. ત્યારે મને પહેલી વખત દૃઢતાપૂર્વક એવું લાગ્યું કે ભલે કોઈ ના માને પણ અગ્નીદાહ કુદરતી રીતે પણ યોગ્ય નથી જ. પછી વીચાર-ચીંતન કરતાં એક રાત્રે ઉઠીને વીચારો નોંધી લીધા. ''વનસ્પતી અને પ્રાણીઓ એકબીજાનાં પુરક છે. શ્વસનમાં અને

ખોરાકમાં. એકનું ઉત્સર્જન બીજાનું પોષણ.'' પછી એક લેખ તૈયાર કર્યો જેમાં અગ્નીસંસ્કાર વીરુદ્ધ બે જ મુદ્દા હતા (1) કુદરતી ચક્ર અને (2) લાકડાંનો દુર્વ્યય. ત્યાર પછી વીચાર-ચીંતન અને વાચન અભ્યાસથી માહીતીની નોંધ કરવા માંડી. અંતે જુન-1993માં ભાણવડમાં પુસ્તીકા છપાવી. ''ભુમીસંસ્કાર–આદર્શ અંતીમક્રીયા.''

ઘણા વીચારને અંતે હીન્દુસમાજને અનુરુપ એવું અણીશુદ્ધ ભારતીય નામ ''ભુમીસંસ્કાર'' સ્ફુરતાં આનંદ થયો. વળી આ પદ્ધતી બીજા ધર્મની ઉછીની લીધેલી ન હતી. હીન્દુઓમાં બાળમરણ, સાધુ-સંતોને સમાધીમાં આ જ રીત છે. જો આપણે ભુમીસંસ્કાર અપનાવીએ તો બીજા ધર્મોને પણ સુધારા કરવાની (કબર, કોફીન નહીં કરવાની) પ્રેરણા મળશે એવું લાગ્યું. ડર એ વાતનો હતો કે લોકો આ વીષય સાથે મને પણ તીરસ્કૃત કરશે ! તેમ છતાં મારે તો આ મુદ્દાને લોકો સમક્ષ પ્રકાશમાં લાવવો જ હતો. કારણ કે તે રાષ્ટ્ર અને પર્યાવરણને ભારે નુકસાન કરતો હતો. કોઈ પણ અનીષ્ટ સામે આખરે કોઈએ તો આગળ આવવું જ જોઈએ. આ વીચારમાં મારો કોઈ અંગત સ્વાર્થ તો નથી એટલું તો લોકો અવશ્ય સમજી શકશે.

વીજ્ઞાનના વીકાસથી વીશ્વના લોકો એકબીજાની ખુબ નજીક આવ્યા છે. વાહનો, વીમાનો, ટેલીફોન, ટેલીવીઝન, ઈન્ટરનેટ દ્વારા એકબીજાના રીત-રીવાજો, પરંપરાઓ જાણ્યા પછી તેમાં ફેરફાર થતો જાય છે. સંકુચીતતા ઘટી માનવતાવાદ વીકસી રહ્યો છે. જે સારી નીશાની છે. ભુમીસંસ્કાર પણ વીશ્વએકતાની એક મજબુત કડી હશે. આખરે મનુષ્યના પ્રશ્નો તો સ્વયં મનુષ્યે જ ઉકેલવા પડશે, ભલે પછી કોઈ પણ ક્ષેત્રના હોય. વીજ્ઞાન તો માર્ગદર્શક છે. તેનું માર્ગદર્શન નહીં સ્વીકારીએ તો ખોટ વીજ્ઞાનને નથી; આપણને છે. પ્રાચીન ધર્મ / સંસ્કૃતીઓમાંથી પણ મારું-તારું નહીં પણ સારું-સારું શોધવાનું છે. પોતાનાં પૂર્વજોનું ગૌરવ લેવા કરતાં સત્યનું ગૌરવ વધારે શ્રેષ્ઠ છે. વધારે શ્રેયકર છે. સત્ય તે છે; જે પૂર્વગ્રહરહીત તટસ્થતાથી, વૈજ્ઞાનીક અભીગમથી અને તર્કની કસોટીઓમાંથી તારવેલું હોય.

– વીનોદ વામજા



# આંખોમાં આતશ, ને હાથમાં મશાલ

ક્યા હોગા કૌન સે પલમેં
કોઈ જાને ના.

હીંદી ફીલ્મનું આ ગીત, કોઈ ગૂઢ – ગેબી શક્તીના સંદર્ભમાં ભલે લખાયું હોય, પણ છે તો સાવ વાસ્તવલક્ષી જ. કોઈ પણ ક્ષણે કોઈ પણ વીશીષ્ટ અનુભવ માણસના માનસને કાયમ માટે પ્રભાવીત કરી જાય તેવું બને. માનસપલટો એ કંઈ રાતોરાત બનતી ઘટના નથી, એ તો રફ્તા રફ્તા પરીવર્તનને અંતે સધાતી વસ્તુ છે.

એમ ના હોત તો સ્મશાનમાં વારંવાર તો શું પણ પુત્રને એકવાર પણ ના જવા દેવાની વીનોદ વામજાની માતાની ઈચ્છા ફળીભુત થઈ હોત. મા-બાપની લાખ મના છતાં તેઓ નાનપણમાં વતન વંથલીના સ્મશાનમાં ગયા જ, અને ત્યાં જઈને મૃત્યુની ભયાવહતા અને પછી તેની અકાટ્યતા તો મનમાં સ્થાપીત થઈ જ, પણ વીશેષ સ્થાપીત થઈ તે એની એટલે કે મૃતદેહના દહનની ક્રીયાની નીરર્થકતા. એટલે વીચાર્યું કે ઓહો, એક મરેલ, કાષ્ટવત શરીરને બાળવા માટે કેટલાં બધાં મણ લાકડાંનો ખો બોલી જાય છે ? વંથળી ગીરની નજીક આવેલું (વનસ્થળી) ગામ. ધીરે ધીરે પાંખા થતા જતા જંગલને જોઈને એમનો જીવ કકળી ઉઠતો હતો. અને એનો સંદર્ભ અચાનક જ આ ભડભડતી લાકડાંની ચીતા સાથે જોડાઈ ગયો.

બાળ વયે મનમાં દૃઢ થયેલો આ વીચાર એમને મૃતદેહના નીકાલ માટે દહનને બદલે દફનની ઝુંબેશ શરુ કરવા ભણી લઈ ગયો અને આજે હવે ગુજરાતમાં એ આ અનોખી રેશનલની વ્યાખ્યામાં આવે તેવી પ્રવૃત્તીમાં, એની ઝુંબેશના અગ્રેસર છે.

શ્રી રમણ પાઠકના માધ્યમથી એમને મળવાનું બન્યું, ત્યારે દરેક વખતે એમની આંખોમાં મને એક આતશ દેખાઈ છે. કશા પણ માન-સન્માન, કદરદાનીની અપેક્ષા વગર સરકારી નોકરી કરતાં કરતાં એ આ કામમાં લગનથી મચી પડ્યા છે. એ જોઈને મને મારા લંડનના વાચક મીત્ર શ્રી સતીશ ઠકરાર સાથે એમનો પરીચય કરાવવાનું સુઝ્યું. મારા આવા જ બીજા મીત્ર મુંબઈના શ્રી એલ. ડી. શાહ પણ આમાં માધ્યમ બન્યા, અને આજે શ્રી સતીશ ઠકરારના સહયોગથી આ અમુલ્ય છતાં મુલ્યવાન પુસ્તીકા શ્રી વીનોદ વામજા બહાર પાડી રહ્યા છે ત્યારે તેમને શુભકામના સાથે આવકારું છું.

21-1-2003 – રજનીકુમાર પંડ્યા

ડી-8, રાજદીપ પાર્ક, બળીયાકાકા રોડ,
મણીનગર, અમદાવાદ 380028 ફોન 079-5323711

# સરળ જોડણી શા માટે ?

ગુજરાતી ભાષામાં બોલવામાં હ્રસ્વ-દીર્ઘના ભેદ રહ્યા નથી. તે પ્રમાણે બોલવા જઈએ તો કૃત્રીમ અને બેહુદુ લાગે. તો માત્ર લખવામાં ફક્ત ઈ-ઉમાં જ બે ચીહ્નો (િ, ી, ુ ૂ) શા માટે ? અ, આ, એ, ઓ....માં કેમ નથી ? ચોકસાઈ માટે હોય તો અનુસ્વારનાં એક બીંદુ (ચીહ્ન)થી મ, ન, ણ......ઉચ્ચાર કરાય છે તેનું શું ?

કેટલાક અર્થભેદ કરતા શબ્દો (પાણી-પાણિ, વધુ-વધૂ, દીન-દિન)ને આગળ ધરીને રુઢીચુસ્ત વીદ્વાનો સાર્થ જોડણીને વળગી રહ્યા છે. (અન્ય કારણો પણ ઉપજાવી કાઢ્યાં છે, તેમાં કાંઈ દમ નથી) પણ લખાણ અને ઉચ્ચારમાં એક જ હોય તેવા થોડાક શબ્દો તો દરેક ભાષામાં હોય જ છે. (સંસ્કૃત/અંગ્રેજીમાં તો બહુ છે.) જેમ કે (1) માળા = ગળાની માળા, પક્ષીઓના માળા (2) હાર = પહેરવાનો, હારજીતનો (3) કર = ટેક્સ, હાથ (4) ચલણ = વ્યવહાર, નાણું (5) વાસ = ગંધ, રહેઠાણ તથા કાળ, ભાવ, વાર, મોર, ગોળ, તક.... વગેરે. આ શબ્દોમાં હ્રસ્વ-દીર્ઘ ન હોવા છતાં તેના અર્થો વાક્યના સંદર્ભથી સ્ફુરતા હોય છે. જેમ કે ⁕ દરીયાનાં મોજાંમાં મારા પગના મોજાં તણાયાં. ⁕ તારા માન ખાતર મેં આ રાસાયણીક ખાતર વાપર્યું છે. જે તારી જાણ ખાતર.

જોડણી માત્ર વીદ્યાર્થી-શીક્ષકો માટે જ બોજ છે. વ્યવહારમાં તેનો કોઈ ભાવ પુછતું નથી. બેંકમાં ખોટી જોડણીથી ચેક પાછો ફરતો નથી. કોર્ટમાં ખોટી જોડણીથી સજા/ન્યાય થતાં નથી. છાપાંઓ, મેગેઝીનો, ચોપડીઓમાં જોડણીની અનેક ભુલો હોય છે. અને બધું ચાલે છે. આપણે જુની જોડણીથી ટેવાયેલા છીએ એટલે થોડાક શબ્દો શરુઆતમાં અજુગતા લાગે, બાકી આપણી આંખો ટેવાઈ જાય પછી તે શબ્દો ખુંચતા નથી. જે અનુભવ આ પુસ્તકના વાચનના અંતે આપને થશે.

આજના ઝડપી અને માહીતી યુગમાં બબ્બે ઈ-ઉ વાળી વીચીત્ર જોડણી બાળકો પર અર્થહીન કર્મકાંડી બોજ છે. લાભ તો કાંઈ જ નથી. વીદ્યાર્થીઓ જોડણી ગોખવામાં સમય બગાડે તેના કરતાં ગણીત, વીજ્ઞાન, કમ્પ્યુટર, સમાજશાસ્ત્ર... વગેરેનું વધુ ઉંડું તલસ્પર્શી જ્ઞાન મેળવે તે વધુ હીતાવહ છે. કોઈપણ પ્રશ્નનાં જવાબમાં શુદ્ધ જોડણીમાં ગપ્પા કરતાં અર્થસભર જવાબ વધુ મહત્ત્વનો ગણાય.

હવે ઉંઝા સરળ જોડણી પુરજોશમાં સ્વીકૃત બની રહી છે. કેટલાંક સામયીકો અને દૈનીક (મધ્યાંતર) તેમાં પ્રકાશીત થાય છે. પચાસ જેટલાં પુસ્તકો પણ એક ઈ-ઉમાં છપાયાં છે. આવતાં વર્ષે સો થશે. ઉપરાંત માત્ર જોડણી વીષય પર જ ત્રીસેક પુસ્તકો લખાયાં છે. તેમાં તમામ શંકાઓનું જુદા જુદા એંગલથી નીરસન કરવામાં આવ્યું છે. આ એક નુતન ક્રાંતીકારી વ્યવસ્થા છે. તેમાં ભાવી સમાજ અને રાષ્ટ્રનું હીત સમાયેલું છે. તેનાથી લોકોનાં સમય-શક્તીનો વ્યય અટકશે તેથી સરકાર માન્યતા આપે તે જરુરી છે.

– વીનોદ વામજા



# અનુક્રમણીકા


વીભાગ – 1 ⁕ ભુમીસંસ્કાર .......... 13

(1) દુનીયાની મુખ્ય અંતીમક્રીયાઓ (2) દેહદાન (સૌથી ઉત્તમ પદ્ધતી... પણ) (3) શું હીન્દુઓમાં દફન છે ? (4) ભુમીસંસ્કાર શું છે ? (5) ભુમીસંસ્કાર શા માટે ? (6) ભુમીસંસ્કાર કુદરતી અને વૈજ્ઞાનીક દૃષ્ટીએ

વીભાગ – 2 ⁕ અગ્નીસંસ્કારની ખામીઓ .......... 20

(1) ઉર્જા (બળતણ)નો વ્યય (2) વૃક્ષોનો નાશ (3) અગ્નીસંસ્કારથી પ્રદુષણ (4) જમીનની ફળદ્રુપતાનો નાશ (5) વરસાદને અસર (6) દફન ખર્ચાળ કે દહન ? (7) અગ્નીસંસ્કારથી ક્રુરતા અને હીંસા (8) સમયની દૃષ્ટીએ લાંબી રીત (9) ખાદ્ય સામગ્રીનો બગાડ (10) જમીન ઘટવાનો પ્રશ્ન (11) અગ્નીસંસ્કારથી જમીન રોકાય છે.

વીભાગ – 3 ⁕ પર્યાવરણ સમીક્ષા .......... 33

(1) વીદ્યુત સ્મશાન : આધુનીક અનીષ્ટ (2) વીદ્યુત સ્મશાનથી પ્રદુષણ (3) કુદરત દ્વારા પ્રદુષણ (4) વીજ્ઞાનના વીકાસથી પ્રદુષણ (5) વસ્તી વીસ્ફોટથી પ્રદુષણ (6) ધાર્મીકતા અને પરંપરાથી પ્રદુષણ (7) પ્રદુષણથી માનવજાતને ખતરો (8) ઉર્જાનું વૈશ્વીક સંકટ (9) લાકડાંના વીકલ્પો ના હોત તો ? (10) અગ્નીદાહથી જલપ્રદુષણ (11) મહાપુરુષોના ખર્ચાળ અગ્નીસંસ્કાર (12) વૃક્ષોનું મહત્ત્વ અનેક રીતે. (13) વૃક્ષો ઉછેરવાનો શોખ.

વીભાગ – 4 ⁕ સાંસ્કૃતીક સમીક્ષા .......... 49

(1) અગ્નીસંસ્કારની ઉત્પત્તી અને ધાર્મીકતા (2) ભુમીસંસ્કાર સૈદ્ધાન્તીક દૃષ્ટીએ (3) શું ભુમીસંસ્કારથી હીન્દુત્વને નુકસાન છે ? (4) પંચમહાભુતોનું વૈજ્ઞાનીક વીશ્લેષણ (5) દફનથી રોગચાળો થાય ? (6) શું વીદેશીઓ અગ્નીદાહ સ્વીકારે છે ? (7) અગ્નીદાહના ફાયદા છે ? (8) મૃત્યુ પછી શું ?

વીભાગ – 5 ⁕ સામાજીક સમીક્ષા .......... 62

(1) મારુ વસીયત (2) દેહદાન (3) રક્તદાન (4) નેત્રદાન (5) રુદન મનોવૈજ્ઞાનીક દૃષ્ટીએ (6) ઇચ્છામૃત્યુ (7) મૃતદેહનું વસીયત (વીલ)

વીભાગ – 6 ⁕ ભુમીસંસ્કાર પ્રાયોગીક રીતે .......... 74

(1) ભુમીસંસ્કાર દ્વારા સજીવ ખેતી (2) સમુહ ભુમીસંસ્કાર (3) આદર્શ ભુમીસંસ્કાર (4) મૃતદેહનું માટીમાં રુપાંતર (5) ભુમીસંસ્કાર કેવી રીતે ? (6) હેતુ અને ઉપસંહાર

# વીભાગ : ૧

# ભુમીસંસ્કાર

વીષય પ્રવેશ :

સમગ્ર દુનીયામાં જન્મ એ આનંદનો અને મૃત્યુ એ દુઃખનો પ્રસંગ છે. જીવનને સમાપ્ત કરનાર મૃત્યુ એ ખરેખર ખુબ જ કરુણતમ ઘટના છે. મૃત્યુ બાદ મૃતદેહને યથાવત સ્થીતીમાં જાળવી શકાતો નથી, કે તેનો કોઈ અર્થ પણ નથી. તેથી તેનો યોગ્ય નીકાલ જરુરી છે.

મૃત્યુ બાદ શરીરની જૈવીક ક્રીયાઓ બંધ પડી જતાં મૃતદેહ કોહવાતો જાય છે અને સમય જતાં ભયંકર દુર્ગંધ ફેલાવે છે, રોગચાળો પણ ફેલાઈ શકે તેથી દુનીયાની દરેક પ્રજાઓએ પોતાનાં પ્રદેશ, પરીસ્થીતી, ધર્મ, માન્યતા પ્રમાણે અંતીમક્રીયાઓ નક્કી કરી છે. આમ વીશ્વમાં ધાર્મીક સામાજીક, સાંસ્કૃતીક અને ભૌગોલીક વીવીધતા પ્રમાણે અંતીમક્રીયામાં ભીન્નતા છે. દરેક પોતાની પદ્ધતીને ઉત્તમ ગણાવે છે. પણ શ્રેષ્ઠ તો ત્યારે જ કહી શકાય જ્યારે તેનો વૈજ્ઞાનીક અભ્યાસ કરવામાં આવે. અહીં તેનો તટસ્થ અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો છે કે કઈ રીત કેટલી સારી, કેટલી નુકસાનકારક, શા માટે ?

પહેલાં વસ્તી ઓછી હોવાથી વીશાળ ભુમી પર આ કારણે કોઈ પ્રશ્નો નહોતા. છેલ્લી સદીમાં વીજ્ઞાનના વીકાસને કારણે દુષ્કાળ, ભુખમરો, બાળમરણ, રોગ અને યુદ્ધ સામે મનુષ્યને ઘણું રક્ષણ મળ્યું. તેથી વસ્તી ખુબ જ વધી અને સમગ્ર જીવનસૃષ્ટી માટે અનેક પ્રકારની સમસ્યાઓ સરજાઈ છે. જે ભાવી પેઢી માટે ખુબ ગંભીર છે. જોકે વીજ્ઞાને વસ્તીવધારો રોકવા પણ ઘણાં રચનાત્મક સંશોધન અને સુચનો કર્યાં પણ મનુષ્યનાં ધર્મ, પરંપરા, રુઢીઓ અને જુનવાણીપણાના સંસ્કારને કારણે સફળ થયા નહીં.

અમારી દૃષ્ટીએ જીવનનાં દરેક ક્ષેત્રોમાં વીવેકબુદ્ધીવાદ અને વૈજ્ઞાનીક અભીગમ હોવો જોઈએ. તેના દ્વારા દરેક પ્રશ્નોનું નીરાકરણ શક્ય છે. તે પછી પર્યાવરણ હોય કે અંતીમક્રીયા. પ્રદુષણનું દુષ્ચક્ર અતી ગંભીર બની રહ્યું છે ત્યારે રાષ્ટ્રીય પરીપેક્ષ્યમાં કુદરતી અને વૈજ્ઞાનીક રીતે મૃતદેહની આદર્શ અંતીમ ક્રીયા વીચારવાનું જરુરી બની ગયું છે. અહીં એક નાનો પ્રયત્ન કર્યો છે.



## (1) દુનીયાની મુખ્ય અંતીમક્રીયાઓ

1. દફન : દુનીયામાં સૌથી વધારે લોકો દફન પદ્ધતી અપનાવે છે. ખ્રીસ્તી, મુસ્લીમ, શીંટો, તાઓ, યહુદી તથા અન્ય ધર્મો સહીત 75 %થી 80 % લોકો મૃતદેહોનું દફન કરે છે. વીસ્તારની દૃષ્ટીએ પૃથ્વીના 90 થી 95 % જમીન પર દફનપદ્ધતી ચાલે છે. તેઓની ધાર્મીક માન્યતા અનુસાર જગતનો એક દીવસ અંત આવશે. તે કયામતના દીવસે કબરમાં દફન પામેલા મનુષ્યોને ગોડ – અલ્લાહ સમક્ષ હાજર કરવામાં આવશે. અને તેઓને કાર્યો પ્રમાણે ન્યાય (સ્વર્ગ-નરક) મળશે. આ માન્યતાને કારણે, કેટલાક દેશોમાં હજારો વર્ષો પછી પણ કબરો દુર કરવામાં આવતી નથી. ત્યાં જમીનનો પ્રશ્ન વીકટ બન્યો છે. પરંતુ તે નૈસર્ગીક હોવાથી પર્યાવરણને કાંઈ નુકસાન થતું નથી.

2. દહન : શબને બાળવાની એટલે કે અગ્નીસંસ્કાર કરવાની પદ્ધતી માત્ર હીન્દુઓમાં જોવા મળે છે. તેઓની ધાર્મીક માન્યતા મુજબ માનવીનું પાર્થીવ શરીર પંચમહાભુતોનું બનેલું છે. અગ્ની દ્વારા તે મૃતદેહનો નાશ થઈ પાંચ મુળ તત્ત્વોમાં વીલીન થઈ જાય છે. હીન્દુ ધર્મ પુનર્જન્મમાં માને છે. શરીરમાંથી જીવ (આત્મા) નીકળી ગયા પછી દેહની કોઈ કીંમત નથી. તેને ઈશ્વરીય ન્યાય તેના કર્મ અનુસાર મળે છે. શબને લાકડા દ્વારા બાળવાથી બળતરનો વ્યય, વૃક્ષોનો નાશ થાય છે અને પર્યાવરણ અને જમીનની ફળદ્રુપતાનો ભોગ લેવાય છે.

3. જલદાહ : મૃતદેહને સમુદ્રમાં કે મોટી નદીમાં પધરાવવાની પ્રથા ઘણી ઓછી જગ્યાએ જોવા મળે છે. દરીયાને દેવ (ઈશ્વર) માનતા હોવાથી તેને હવાલે કરી દેવાની પદ્ધતી હોય કે પછી અન્ય કોઈ ધાર્મીક કારણ હોય, પણ સાગર ખેડુઓએ જીંદગીભર માછલી વગેરેનો ખોરાક તરીકે ઉપયોગ કર્યો હોય, ત્યારે પોતાનો અંતીમ ઉપયોગ દરીયાઈ જીવોનો ખોરાક બને તે સારી બાબત છે, સજીવો એકબીજાના પુરક બને તે કુદરતી ક્રમને અનુકુળ છે, વળી સમુદ્રકાંઠે લાકડાં પણ ઓછાં મળતાં હોય છે. પણ આ લાભ માત્ર સમુદ્રકીનારાના લોકોને જ મળી શકે છે. નદીમાં આમ કરવાથી પાણી દુષીત થઈ જાય, જ્યારે સાગરમાં તેની વીશાળતા અને ખારાશને કારણે તેવું કાંઈ થતું નથી. તેથી આ રીત ઘણી સારી ગણાય.

મૃતદેહોને સમુદ્રમાં સીધા નાખવાથી ભરતી-ઓટ અને મોજાંને કારણે શબ કીનારે ફેંકાઈ શકે છે. અને કોહવાઈને વાતાવરણ બગડી શકે છે. તેથી ખાડી જેવી જગ્યાનો ઉપયોગ થતો હશે. અથવા હોડી/વહાણમાં દુર લઈ જઈ જલદાહ થતો હશે. સમુદ્રમાં વેપાર કે ખોરાકની શોધમાં ગયેલા સાગરખેડુઓ અકસ્માતે પાછા ન ફરે ત્યારે દફન કે દહન થઈ શકતું નથી. તેથી એક જ પ્રકારની અંતીમવીધી રાખવા માટે

પણ જલદાહ અપનાવાતું હશે. બાકી દરીયાકિનારે તો દફન માટે ખાલી જમીન ઘણી મળી રહે.

4. પારસીઓની વીશીષ્ટ પદ્ધતી : 5-7 હજાર વર્ષ પહેલાં ઈરાન દેશને પર્શીયા (પારસ) કહેવાતો. તેના મુળ વતની એટલેકે પારસીઓની અંતીમક્રીયા વીશ્વની સૌથી ઉદાર અને પરોપકારી ગણાય છે, કે જ્યાં પક્ષીઓના ખોરાક માટે શબ આપી દેવાય છે. દુનીયામાં અઢીથી ત્રણ લાખની કુલ વસ્તી ધરાવતા પારસીઓની સંખ્યા ભારતમાં માત્ર 60થી 80 હજાર છે.

પારસી લોકો તેના જરથોસ્તી ધર્મ પ્રમાણે પહોળા અને છીછરા કુવા આકારની જમીન પર તલેસમ (ધાર્મીક) વીધી કર્યા બાદ વર્તુળ આકારે ઉંચી દીવાલ બાંધે છે. તેને દોખમુ કે ભસ્તા કહે છે. એક બારણા દ્વારા શબ (રુવાન)ને તેની અંદર પગથીયા પર મુકી આવવામાં આવે છે. ત્યાં ગીધ પક્ષીઓ તેનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. ક્યારેક અન્ય માંસાહારી પક્ષીઓ કાગડા, સમડી, વગેરે પણ શબનું ભક્ષણ કરી ભુખ તૃપ્ત કરે છે. પારસીઓ પોતાની ભાષામાં આ પદ્ધતીને 'દોખ્મે નસીની' કહે છે. તલેસમને કારણે મૃતકનાં આત્માની સદ્ગતી થાય છે. તેવી તેમની ધાર્મીક માન્યતા છે.

છેલ્લા થોડા સમયથી દોખમા પર ગીધ (વલ્ચર) પક્ષીઓ ઓછાં આવે છે. વાઈરલ ઇન્ફેક્શનથી તેની સંખ્યા ઘટી ગઈ છે કે શહેરના પ્રદુષણ અને ઘોંઘાટીયા વાતાવરણથી નથી આવતાં કે પછી અન્ય કારણ હોય. પારસીઓએ ગીધ પક્ષીઓને ઉછેરવાના ઘણા પ્રયત્ન કર્યા પણ સફળતા મળી નથી. દોખમામાં શબ કોહવાય અને દુર્ગંધ ન ફેલાય માટે તેઓએ હમણાં સોલાર સીસ્ટમ દ્વારા સુર્યપ્રકાશને કેન્દ્રીત કરી શબનો નીકાલ કરવાનું શરુ કર્યું છે. નાની વસ્તીને આટલી મુશ્કેલી પડે તો વીશાળ વસ્તી માટે આ પદ્ધતી ઉપયોગી નથી. જોકે પારસ દેશમાં પારસીઓનાં પ્રાચીન વંશજો શબને ડુંગરાઓમાં મુકી આવતા હતા. ત્યાં પક્ષીઓ અને પશુઓ પણ ભક્ષણ કરતા.

5. વનદાહ : કુદરતની દ્દષ્ટીએ જોઈએ તો મનુષ્યના જીવનનો હેતુ – ઉપયોગ શો ? ઘણા પ્રાચીન સમયમાં મનુષ્ય પણ બીજાં પ્રાણીઓ જેવું જ એક સામાન્ય પ્રાણી હતું. અને કુદરતનો એક ભાગ હોઈ તે બીજા જીવોનું ભક્ષણ કરતો તેમ તે પણ માંસાહારી પ્રાણીઓનો ખોરાક માત્ર હતો. ઉત્ક્રાન્તીના ક્રમમાં મનુષ્યનો બૌદ્ધીક વીકાસ થતાં દરેક જીવો પર પ્રભુત્વ જમાવ્યું છે. એક સમયે કુદરતી હથીયાર (શીંગડાં/નહોર) ન હોવાને કારણે પોતાનું રક્ષણ ન કરી શકનાર મનુષ્ય આજે બધાનો નાશ કરી રહ્યો છે.

જ્યારે મનુષ્ય સંપૂર્ણ જંગલી અવસ્થામાં હતો ત્યારે જંગલમાં જ ગુફાઓ/કોતરોમાં રહેતો. પોતે ખોરાક માટે શોધમાં નીકળ્યો હોય અને પોતે શીકારી પ્રાણીનો



ખોરાક થઈ જતો. એટલે શબના નીકાલનો પ્રશ્ન જ.... કુદરત હલ કરી નાખતી. આદી માનવનું અન્ય કારણે મરણ થતું તો તેને ત્યાં છોડીને જતા રહેતા હશે. બધે જ જંગલ હોવાથી જેનો ખોરાક હોય તે આવીને ખાઈ જતા હશે. ત્યારે મનુષ્યમાં પણ બીજાં પ્રાણીઓની જેમ દફન કે દહન કરવા જેટલી બુદ્ધી જ ક્યાં હતી ?

વનદાહથી પ્રાચીન અને કુદરતી પદ્ધતી મળશે નહીં. જેમાં જંગલી પ્રાણીઓને ખોરાક મળી જતાં, જીવતાં અન્ય ઘાસાહારી પ્રાણીઓ બચી જતાં. આને જીવદયા ગણો કે કુદરતી, આમાં નથી વૃક્ષોનો નાશ થતો કે નથી જમીન રોકાતી. વળી તે માંસાહારી પ્રાણીની દેહધાર્મીક ક્રીયાઓ પતાવી મળ રુપે ફરીથી માટીમાં ભળી જાય છે. વધેલાં હાડકાંઓ પણ અંતે માટી થઈ જતાં હોય છે.

પ્રાચીન કાળમાં પારસી વંશોમાં આ પદ્ધતી હતી. બીજી જાતીઓમાં પણ કદાચ હોઈ શકે. પછી ધર્મો આવતાં અંતીમક્રીયાઓ ચુસ્ત બની. દફનમાં કબર ચણવાની કે પથ્થર રાખવાનો રીવાજ એટલે પડ્યો હોય કે શબને કુતરા-શીયાળોથી બચાવવામાં આવે. અર્થાત્ તેમનો એક ખોરાક ઝુંટવાયો. સામાન્ય રીતે માંસાહારી પક્ષીઓ અને કુતરા, શીયાળ, લોંકડી, ઘોરખોદીયા જેવાં પ્રાણીઓ મરેલ પ્રાણીઓને ખાય છે. જ્યારે શીકારી પ્રાણીઓ (સીંહ, વાઘ, ચીતા....) જીવતાં પ્રાણીઓનું મારણ કરે છે. આજે જંગલી અને માંસાહારી પ્રાણીઓ ઘટતાં જાય છે. માત્ર માનવવસ્તી જ વધતી જાય છે. તેમ છતાં આવી પદ્ધતી આજે અસ્તીત્વ ધરાવતી હોત તો શબને વાહન દ્વારા જંગલમાં મુકી આવવું સુગમ રહેત, નહીતર મુકવા જનારને જોખમ રહે. માંસાહારી પ્રાણીઓને ખોરાક મળી રહેતાં શાકાહારી પ્રાણીઓની કાંઈક રક્ષા થઈ શકે. (સરકસના સીંહોને પણ ક્યાં તાજો ખોરાક મળે છે ? જંગલના સીંહો પણ ટેવાઈ જાત.)

## (2) દેહદાન સૌથી ઉત્તમ પદ્ધતી.....પણ

આધુનીક સમયમાં દેહદાન સૌથી ઉત્તમ પદ્ધતી ગણાય છે. મેડીકલ કૉલેજોમાં માનવશરીરના અભ્યાસ/ઉપયોગ અર્થે આપવામાં આવતા મૃતદેહને દેહદાન કહે છે. આપણે અત્યાર સુધી મેડીકલ વીજ્ઞાનનો જે કાંઈ લાભ લીધો તેના ઋણ અર્થે પણ દેહદાન કરવું જોઈએ.

અત્યારે મેડીકલ કૉલેજોમાં ડેડ બોડી (શબ)ની તંગી રહે છે. પણ દેશના 0.2% લોકો પણ દેહદાન કરે તો જરુરીયાત પુરી થઈ જાય. ભારતની 100 કરોડ વસ્તીમાં વર્ષે દોઢ-બે કરોડ લોકો મરણ પામે છે. સામાન્ય રીતે મૃત્યુ-દર (દર હજારે) 15થી 20નો હોય છે. સેંકડે ગણીએ તો 1.5થી 2%. અત્યારે દેશની તમામ મેડીકલ કૉલેજોની વાર્ષીક શબની જરુરીયાત 20થી 30 હજાર હોય છે. અર્થાત્ કુલ મૃત્યુ પામનારનાં

0.2% દેહદાન પર્યાપ્ત છે. તેથી 99.8% મૃતદેહોનાં નીકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરવી જરુરી છે.

### (3) શું હીન્દુઓમાં દફન છે ?

હા, હીન્દુઓમાં ત્રણેય પ્રકાર છે. અગ્નીદાહ પ્રમાણમાં વધારે છે. જલદાહ અને ભુમીદાહ પણ છે જ. ભરવાડ, બાવાજી, વાઘરી, ઠાકોર, વ્યંઢળો તથા કેટલીક પછાત તેમજ આદીવાસી જાતીઓમાં દફન છે. તમામ જ્ઞાતીનાં બાળમરણનું 'ભુમીસંસ્કાર' જ થાય છે. એટલું જ નહીં પરંતુ સાધુ, સંતો, મહંતો કે શુરવીરોની સમાધી કે ખાંભી એક પ્રકારનું દફન જ છે. જે શાસ્ત્રોક્ત છે તેથી તેમાં કોઈ વીરોધ હોઈ શકે નહીં.

સૌરાષ્ટ્રમાં દલીતો હંમેશાં દફન જ કરે છે. ભારતના ઘણા પ્રદેશોમાં આજે પણ 30 થી 50 % હીન્દુઓ દફન અપનાવે છે. ઘણાં નાનાં ગામોમાં બ્રાહ્મણો સીવાયના 70થી 80% લોકો દફન કરે છે. સામાન્ય રીતે વ્યંઢળોમાં દફનનો રીવાજ છે. જે સમુહ બહુચરાજીના ભક્તો ગણાય છે.

### (4) ભુમીસંસ્કાર શું છે ?

આધુનીક સમયના સંદર્ભમાં વીચારાયેલ મૃતદેહના નીકાલની કુદરતી તથા વૈજ્ઞાનીક પદ્ધતી છે. તે એક પ્રકારનું 'આદર્શ દફન' છે. ભુમીસંસ્કાર એક સંપુર્ણ ભારતીય અને નવીનતમ પદ્ધતી છે. તેમાં શબને જમીનની અંદર માટીના સંપર્કમાં આદર્શ રીતે દફન કરવામાં આવે છે. જેથી તેનું ઝડપથી માટીમાં રુપાંતર થઈ જાય. તે હીન્દુઓની કેટલીક જાતીમાં ચાલી રહેલી તથા બાળમરણમાં લેવાતી પદ્ધતી જેવી છે. તેના પર (જમીન ઉપર) કોઈ પણ પ્રકારનું બાંધકામ (સમાધી, ખાંભી, કબર, મકબરા કે અન્ય સ્મારક) ચણવામાં આવતું નથી, પણ શક્ય હોય ત્યાં સુધી તેની પાસે વૃક્ષ વાવવામાં આવે, જેથી વનીકરણને વેગ મળે. તેમાં શબની સાથે મીઠું કે અન્ય પદાર્થો નાખવામાં આવતા નથી. કારણ કે જમીન ક્ષારીય બને અથવા બીજી કોઈ રીતે નુકસાન થાય. તથા તેની સાથે મૃતકને પ્રીય એવી કોઈ વસ્તુ કે પદાર્થો પણ મુકવામાં આવતા નથી. અર્થાત્ તે બધું પ્રતીબંધીત છે.

ભુમીસંસ્કાર કરાયેલ જમીન પર મૃતકના કુટુંબીજનો/વારસદારોનો કોઈપણ પ્રકારનો હક્ક સ્થાપીત થતો નથી. કે નથી કોઈ માલીકીનો દાવો કરી શકતા. તેથી ભવીષ્યમાં તે જમીન પર ખેતી, રસ્તા, રહેઠાણ કે અન્ય ઉપયોગ કરી શકાય છે. પણ તે જમીન કોઈની અંગત માલીકીની હોય તો માલીક ઈચ્છે તેમ ઉપયોગ કરી શકે છે. કોઈ ખેડુત પોતાની જમીન ફળદ્રુપ કરવા ભુમીસંસ્કારની છુટ આપે તો પણ તેના



પર મૃતકના વારસદારોનો કોઈ હક્ક/દાવો રહેતો નથી. આમ ભુમીસંસ્કાર દુનીયાની સૌથી સસ્તી સારી અને સરળ પદ્ધતી બની રહે છે.

### (5) ભુમીસંસ્કાર શા માટે ?

વર્ષોથી અગ્નીસંસ્કાર થતા આવ્યા છે તો હવે પરીવર્તનની જરુર શા માટે ? તેવો પ્રશ્ન સહેજે થાય.... પણ... વીજ્ઞાનના વીકાસથી, રોગ અને યુદ્ધ ઘટતાં વસ્તી અને પ્રદુષણ વધ્યાં છે. આઝાદી વખતે જે વૃક્ષો-જંગલો 33% હતાં તે હવે માત્ર 6થી 10% જ રહ્યાં છે. અને વસ્તી ત્રણ ગણી (300%) વધી છે. (34 કરોડમાંથી 100 કરોડ) વૃક્ષો-જંગલો પાંચમા ભાગનાં થઈ ગયાં છે. (33%માંથી 7%) 50-60 વર્ષ પહેલાં ભારતમાં કારખાનાં કે વાહનો ન હતાં જે હવે લાખો-કરોડોની સંખ્યામાં થઈ ગયાં છે. ઈલેક્ટ્રીક ટ્રેનો, વીમાનો, રૉકેટો, વીજમથકો, રસાયણો, પ્લાસ્ટીક, દવાઓ, અણુવીસ્ફોટો... વગેરે પહેલાં કાંઈ જ ન હતું. આમ હવામાં ફેંકાતા કાર્બન ડાયોક્સાઈડ (ધુમાડા)નું પ્રમાણ અનેક ગણું વધ્યું છે. બીજી બાજુ પ્રદુષણ દુર કરનાર વૃક્ષોનો અગ્નીસંસ્કાર જેવી નીરર્થક પરંપરામાં ભોગ લેવાઈ રહ્યો છે. વસ્તી વધવાથી તેનું પ્રમાણ પણ ત્રણ-ચાર ગણું વધ્યું છે. આમ પર્યાવરણની કુદરતી સમતુલા ખતરનાક હદે ખોરવાઈ રહી છે. પ્રદુષણનું દુષણ દુર કરનાર એક માત્ર શકતી વૃક્ષો જ છે. તેને બચાવ્યા સીવાય કોઈ વીકલ્પ નથી.

પહેલાં યુદ્ધો અને બાળમરણ વધારે થતાં હતાં. તેનું ફક્ત દફન જ કરાતું, તેથી વૃક્ષો ઓછાં કપાતાં હતાં. પ્રગતી અને વીકાસ અટકાવી ફરી પાછો પહેલાં જેવો અંધકાર યુગ લાવી શકાય નહીં. યુદ્ધો માટે ફરજ પાડી ન શકાય. (પહેલાં નાનાં નાનાં રાજ્યો વચ્ચે વારંવાર યુદ્ધો થતાં) તેમજ મેડીકલ વીજ્ઞાનની ઉપેક્ષા કરી માણસને મોતના મુખમાં ધકેલી ન શકાય. તેથી પર્યાવરણનાં પ્રશ્નોને વાસ્તવીક રીતે ઉકેલવા, વસ્તી કંટ્રોલ કરવી અને બીનજરુરી રીતે થતું પ્રદુષણ અટકાવવું જોઈએ.

### (6) ભુમીસંસ્કાર – કુદરતી અને વૈજ્ઞાનીક દૃષ્ટીએ

કુદરતે સૃષ્ટીની રચના ખુબ જ ખુબીપુર્વક અને આયોજનપુર્વક કરી છે. સજીવ સૃષ્ટીમાં મુખ્યત્વે બે ભાગ જોવા મળે છે. વનસ્પતીજગત અને પ્રાણીજગત અથવા તો સ્થીર સજીવો અને મુક્ત સજીવો. તે બન્ને કુદરતી રીતે એકબીજાનાં આધાર અને પુરક છે. પશુ-પક્ષી, મનુષ્ય હવામાંથી પ્રાણવાયુ ગ્રહણ કરી અંગારવાયુ કાઢે છે. જ્યારે વનસ્પતી અંગારવાયુ (કાર્બન ડાયોક્સાઈડ) શોષીને પ્રાણવાયુ (ઓક્સીજન) મુક્ત કરે છે. તેવી જ રીતે પશુપક્ષીઓ તેનો ખોરાક વનસ્પતીનાં વીવીધ ભાગો (ફળ, બીજ,

પર્ણ, થડ, મુળ વગેરે)માંથી મેળવે છે. ત્યારે વનસ્પતીનો આહાર પ્રાણીઓનાં મળ, મુત્ર અને મૃત શરીરો છે. કેવી અદ્ભુત કરામત !! એકનું ઉત્સર્જન બીજાનો ખોરાક !! પશુપક્ષી-મનુષ્યના મૃતદેહોનું જમીનમાં ફળદ્રુપ માટીમાં રુપાંતર થાય છે. જે રાસાયણીક ખાતર કરતાં પણ ઉત્તમ છે. આ 100% વૈજ્ઞાનીક સત્ય છે. આ પ્રકીયા સમુદ્રના જીવોમાં પણ થોડા ફેરફાર સાથે આવી જ છે. અને બન્ને પ્રકારનાં સજીવો સુર્યપ્રકાશ અને પાણીનો ઉપયોગ સ્વતંત્ર રીતે કરે છે. પણ ખોરાક અને હવામાં પરતંત્ર છે. પુરક છે.

સૃષ્ટી અને તેના નીયમો ઈશ્વરે જ બનાવ્યા છે તો શું અગ્નીસંસ્કારમાં તેની આજ્ઞાનું ઉલ્લંઘન નથી થતું ? શું કુદરતના ક્રમથી વધીને કોઈ પરંપરા હોઈ શકે ? શું વીકૃતીને સંસ્કૃતીનું લેબલ લગાડી શકાય ? કુદરતની પ્રકીયામાં ટાંગ લગાડનારા આપણે કોણ ? કુદરતની વીરુદ્ધ જઈ આપણે શું મેળવવા ઈચ્છીએ છીએ ? પ્રકૃતી સામે સંઘર્ષ નહીં પણ સમાધાનમાં જ માનવજાતનું હીત રહેલું છે. જીંદગીભર લાખો-કરોડો વનસ્પતી બીજ-ફળ-પર્ણ (અનાજ-શાકભાજી)નો ઉપયોગ ખોરાક તરીકે કર્યો હોય તે અંતે તેમનો ખોરાક બની જાય તેમાં ખોટું શું છે ?

વૈજ્ઞાનીક રીતે સર્વ પ્રકારનાં પ્રાણીઓનાં શરીર મુખ્યત્વે હાઈડ્રોકાર્બન્સ તથા અન્ય તત્ત્વોનાં બનેલાં હોય છે. જે જમીનમાં દાટવાથી તેનું કુદરતી રીતે જ બેક્ટેરીયાની મદદથી માટીમાં રુપાંતર થાય છે. તેમાંથી વનસ્પતીને તમામ પ્રકારનાં રસાયણો મળી શકે છે. તેથી છાણીયા ખાતરથી પણ શ્રેષ્ઠ છે. આ પ્રકીયા વૈજ્ઞાનીક રીતે સંપૂર્ણ સીદ્ધ થયેલ હકીકત છે. આપણે અન્ય પ્રાણીઓને તો બાળતા નથી. અરે, સરખાં દાટતા પણ નથી. પ્રાણીઓનો માંસાહાર તરીકે ઉપયોગ થયા પછી વધેલાં હાડકાંઓને કારખાનામાં મોકલવામાં આવે છે. ત્યાં તેનો ભુકો કરીને ખાતર તરીકે વેચવામાં આવે છે. માછલીનાં વધેલ ભાગોનું પણ ખાતર બને છે.

*



# વીભાગ : ૨

## અગ્નીસંસ્કારની ખામીઓ

### (1) બળતણનો(ઉર્જા) વ્યય (આર્થીક નુકસાન)

એક મૃતદેહને બાળવા માટે 15થી 25 મણ (300થી 500 કીલોગ્રામ) સુકાં લાકડાં જોઈએ છે. છેલ્લાં 20-25 વર્ષોથી ઘણી જગ્યાએ લોખંડના સ્ટેન્ડ પર અગ્નીસંસ્કાર કરવામાં આવે છે તેમાં 10-12 મણ લાકડાં પુરતાં છે. આ પદ્ધતી શહેરો અને ગુજરાત સીવાય બહુ પ્રચલીત નથી. બાકી ખુલ્લા મેદાનમાં જમીન પર જ અગ્નીદાહ આપવામાં આવે છે. તેમાં 20થી 30 મણ લાકડાંની જરુર પડે છે.

ઉર્જાનું સૌથી પ્રાચીન સ્રોત એવું લાકડું બળતણ તરીકે મોંઘું થતું જાય છે. એક અંદાજ પ્રમાણે માત્ર ગુજરાતમાં વર્ષે 4થી 5 લાખ મૃતદેહોને બાળવા માટે 80થી 90 લાખ મણ લાકડાંની જરુર પડે છે. (ઈ.સ. 2000 પ્રમાણે) તેની કીંમત લગભગ રુ. 30થી 50 કરોડ થઈ શકે છે. પુરા દેશની ગણતરી કરીએ તો અંદાજે એક હજાર કરોડ રુપીયાનાં લાકડાં માત્ર અગ્નીદાહમાં બાળી નાખીએ છીએ માત્ર એક વર્ષમાં [નોંધ : વધતી વસ્તી, ઘટતાં વૃક્ષો અને ફુગાવાને ધ્યાનમાં લેતાં આ રકમ દર 4-5 વર્ષે બમણી થતી જાય છે.] વૃક્ષોની દૃષ્ટીએ જોઈએ તો વર્ષે 10 હજાર હેક્ટરનાં જંગલનો નાશ બરાબર થાય. આવો બગાડ તો આપણે સદીઓથી કરતા આવ્યા છીએ તેનો વીચાર કરીએ તો ?!! અને પ્રકૃતીને નુકસાન થયું તે તો જુદું જ !! આ તો સારું છે કે કુદરતી રીતે ચોમાસામાં ઉગી નીકળતાં વૃક્ષોથી કંઈક ભરપાઈ થઈ જાય છે. બાકી તો મુશ્કેલીઓની કલ્પના ન થઈ શકે !

એક અંદાજ પ્રમાણે જેટલાં લાકડાં માત્ર શબ બાળવા માટે વપરાય છે; તેટલાં

પ્રમાણમાં આપણા દેશમાં વૃક્ષો ઉત્પન્ન થતાં નથી. તેથી વૃક્ષો/જંગલો ઘટી રહ્યાં છે. રાષ્ટ્રની અબજો રુપીયાની સંપત્તી નષ્ટ થતી જાય છે. વૃક્ષોની કમીને કારણે આપણે વીદેશોમાંથી ઈમારતી લાકડાં વર્ષોથી આયાત કરીએ છીએ. તેમાં અબજો-અબજોનું હુંડીયામણ ગુમાવ્યું છે. બાકી આ દેશની ફળદ્રુપ જમીનમાં એટલાં વૃક્ષો ઉત્પન્ન કરી શકાયાં હોત કે ખર્વો રુપીયા સામા મેળવ્યા હોત... અને તેનો અન્ય લાભ મળ્યો હોત તે જુદો. તેનાથી કેટકેટલી યોજનાઓ થઈ ગઈ હોત.

આજે આપણા દેશમાં ગટર માટે પણ વીદેશી લોન લેવી પડે છે. દેવાદાર દેશોમાં આપણે આગળ છીએ અને સમૃદ્ધીમાં 130મા નંબરે ગરીબ દેશ તરીકે છીએ. આપણી ગરીબી માટે આવાં જ કેટલાં કારણો છે ! આપણે જો દરેક ક્ષેત્રમાં વાસ્તવીક દ્દષ્ટી કેળવીએ તો 10 દેશોમાં આપણો નંબર આવી શકે. આપણી બુદ્ધી માત્ર અંધશ્રદ્ધા, કર્મકાંડ અને રીવાજો પોષવા, પ્રસારવામાં અને બચાવ કરવામાં જ વપરાઈ રહી છે. આત્મશ્લાઘામાં રાચીએ છીએ. હમ મહાન હૈ... હમારી સંસ્કૃતી શ્રેષ્ઠ હૈ... તો પછી પરીણામ ઉંધાં કેમ મળે છે ? દરેક ક્ષેત્રમાં પાછળ કેમ છીએ ? પછાતપણાને પોષીને કોઈ દેશ પ્રગતી ન કરી શકે. માનસીક ગુલામી જેવી કોઈ ગુલામી નથી.

"દેહદહન માટે વપરાતા લાકડામાંથી ફર્નીચર કે અન્ય ચીજ-વસ્તુઓ બની જ ન શકે" તેવી દલીલ ખોટી છે. સ્મશાનના સ્ટોરરુમમાં જઈ જોઈ આવજો. અડધાં લાકડાં ઈમારતી હોય છે. તેથી ક્યાંક તો લાકડાં કાપવાનાં મશીન રાખવાં પડે છે. અન્યત્ર મજુરોથી ફાડવાં પડે છે. તેમ છતાં દલીલ માન્ય રાખીએ તો પણ એટલું કહી શકાય કે વૃક્ષોને મોટાં થતાં પહેલાં જ કાપી નાખીએ તો ઈમારતી લાકડાં ક્યાંથી મળે ? અમેરીકા-યુરોપ આફ્રીકામાં હજારો વર્ષ જુનાં 300-300 ફુટ ઉંચાં કદાવર વૃક્ષો જોવા મળે છે.

### (2) વૃક્ષોનો નાશ :

ઘરવપરાશનાં અડધાં ઉપરાંત લાકડાં તો વીદેશથી મંગાવીએ છીએ પણ હજુ નહીં જાગીએ તો આવતી કાલે કદાચ અગ્નીસંસ્કાર માટે પણ લાકડાં આયાત કરવાં પડે. જોકે ત્યાર બાદ વૃક્ષ વગરનો પ્રદેશ રણમાં ફેરવાઈ જાય તે વાત જુદી છે. આજે દેશમાં સરેરાશ 8થી 10% જ જંગલો છે. તે પણ પાંખાં થઈ ગયાં છે. ટીપે ટીપે સરોવર (ભરાય તેમ) ખાલી થઈ જાય તો અહીં મણ મોઢે લાકડાંનો નાશ થતો હોય ત્યાં બાકી શું રહે ? વૃક્ષોને ઉગતાં ઓછામાં ઓછાં 20-30 વર્ષ લાગે તેથી પછી છેલ્લી ઘડીએ કશું ના થઈ શકે. વળી વરસાદ પણ ઘટી જાય ત્યારે વૃક્ષોનો ઉછેર પણ કેમ કરવો ! બીજી બાજુ બીજા અનેક ઉપયોગ માટે પણ વૃક્ષો કપાતાં રહેતાં હોય છે.



આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે. ખેતી માટે વરસાદની અને વરસાદ માટે વૃક્ષો/જંગલોની આવશ્યકતા રહે છે તેથી ભારત સરકારે ખાસ ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ (જંગલખાતા)ની રચના કરી છે. તેમાં કરોડો રુપીયાની ફાળવણી કરી હજારો કર્મચારીઓ રોકવામાં આવેલા છે. તેનું મુખ્ય કાર્ય વૃક્ષો-જંગલોની જાળવણી તથા વાવણી અને ઉછેરની રહેલી છે. તેમ છતાં ક્યારેક ગેરકાયદે વૃક્ષો કપાતાં હોય છે. જો લાકડાંનો દુર્વ્યય અને અગ્નીસંસ્કાર જેવી પરંપરા અટકાવી શકાય તો લાકડાંની માંગ ઘણી ઘટી જાય અને વૃક્ષો બચી જાય. બીજા દેશોને આવી યોજના નહીં કરવી પડતી હોય. તેમ છતાં આપણને આ યોજનાથી ઘણો ફાયદો થાય છે. કારણ કે જંગલોથી દેશને કરોડોની આવક થતી હોય છે. મહામુલી વનસ્પતી અને નષ્ટ થતાં પ્રાણીઓની જાતી બચાવવી પણ જરુરી છે.

વસ્તી વધવાથી રહેઠાણ માટે ગામ/શહેરો વિસ્તૃત થતાં જાય છે. જેના માટે આડાં આવતાં વૃક્ષો કાપવાં પડતાં હોય છે. વધતી વસ્તી માટે ખેતીલાયક જમીન પણ વધારવી પડે જેના માટે પણ ઘણાં વૃક્ષોનો ભોગ લેવાતો જાય છે. તે ઉપરાંત ઘણી વખત પુર પ્રકોપ / વાવાઝોડામાં સેંકડો વૃક્ષો ઉખડી જતાં હોય છે. દુષ્કાળ પડે ત્યારે ઘણાં વૃક્ષો સુકાઈ જાય છે. આમ વૃક્ષોનો બીજી અનેક રીતે નાશ થતો હોય છે. એક મેટ્રીક ટન કાગળ બનાવવા 20-25 વૃક્ષોનું લાકડું જોઈએ.

સરેરાશ શહેરી જન તેના જીવનમાં ક્યારેય એક વૃક્ષ વાવતો-ઉછેરતો નથી. (ફુલ-છોડની વાત અલગ છે) પણ જીવન દરમ્યાન મકાન, ફર્નીચર વગેરેમાં એકથી વધારે વૃક્ષ વાપરી નાખે છે. ત્યારે મૃત્યુ વખતેય એક વૃક્ષનો નાશ શું વાજબી છે ?

### (3) અગ્નીસંસ્કારથી પ્રદુષણ

મૃતદેહને લાકડાં સાથે બાળવાથી હવામાં પ્રદુષણ થાય છે. કાર્બન ડાયોક્સાઈડ અને અન્ય તત્ત્વોનો ઝેરી વાયુ ઉત્પન્ન થાય છે. તેની રાખ જમીન અને નદીને પણ દુષીત કરે છે. કોઈ પણ દહનમાં ઑક્સીજન (પ્રાણવાયુ) વપરાય છે. માણસે તેના જીવન પર્યંત જેટલો ઑક્સીજન શ્વસનમાં નહીં વાપર્યો હોય તેટલો તેના દેહદહનમાં વપરાય જાય છે. એક મોટર મહીને જેટલું પ્રદુષણ કરે તેટલું એક અગ્નીસંસ્કારથી થઈ જાય છે. એક સામાન્ય કારખાના કરતાંય શહેરના એક સ્મશાનનું પ્રદુષણ વધારે હોય છે. છતાં આપણને / પર્યાવરણવાદીને કદી સ્મશાનનું પ્રદુષણ ખુચતું નથી.

અગ્નીદાહમાં ઑક્સીજન વપરાય, પ્રદુષણ થાય અને તેમાં ઑક્સીજન આપનાર અને પ્રદુષણ દુર કરનાર એવાં વૃક્ષોનો જ ભોગ લેવાય છે. ત્યારે આ બાબતમાં ગંભીરપણે વીચારવું જરુરી છે. એક અંદાજ પ્રમાણે એક અગ્નીદાહમાં એક વૃક્ષનો

નાશ (500 રુ.નાં લાકડા માટે) કરવાને બદલે 10 વર્ષ જીવતું રહે તો રુ. એક લાખનો પર્યાવરણને ફાયદો થાય.

"અગ્નીસંસ્કારમાં નકામાં અને મૃત (સુકાઈ ગયેલ) વૃક્ષોનાં લાકડાંનો નીકાલ કરવામાં આવે છે" તેવી દલીલમાં ય દમ નથી; કારણ કે વૃક્ષોનું આયુષ્ય હજારો વર્ષ હોય છે. રોગગ્રસ્ત કે સુકાઈ ગયેલ વૃક્ષોનું પ્રમાણ એટલું ઓછું હોય છે કે તે બળતણ તરીકેય પુરતાં નથી. તેથી અગ્નીદાહ અને ફર્નીચર માટે લીલાં-જીવતાં વૃક્ષો જ કાપવામાં આવે છે અને નકામાં લાકડાં એ કાંઈ નડતર વસ્તુ નથી કે તેનો બાળીને નાશ કરવો પડે. તેનું સડીને માટીમાં રુપાંતર થઈ શકે છે. આપણે 'પરંપરા' બચાવવા દલીલો કરીએ તેના કરતાં વૃક્ષ બચાવવા મહેનત કરીએ તો કાંઈક પરીણામ મળે.

સત્ય કોઈ ધર્મધુરંધર કે વૈજ્ઞાનીકની શરમ રાખતું નથી. એટલે જ વીજ્ઞાનની કેટલીક થીઅરી/નીયમો ખોટાં પડ્યાં છે. જોકે તેને વૈજ્ઞાનીકો નીખાલસતાથી સ્વીકારી લે છે. પણ બધું વીજ્ઞાન ખોટું પડ્યું નથી. અને પડવાનું પણ નથી. બલકે તેના આધાર પર બીજા અનેક શોધ-સંશોધન થયાં છે. પરંતુ ધર્મમાં અનેક જુઠાણાં હોવા છતાં દુનિયાના કોઈ ધર્મગુરુઓએ પોતાનો કક્કો છોડ્યો નથી. જુઠાણા પર સત્યનો ઢોળ ચઢાવવાનો પ્રયત્ન જ કરવામાં આવે છે. [સત્યની શોધ ચલાવે તે વીજ્ઞાન અને પરંપરાને પકડી રાખે તે ધર્મ – પ્રા. રમણ પાઠક]

## (4) જમીનની ફળદ્રુપતાનો નાશ

એક દેહદહનથી શબ અને તેના વજનના 6થી8 ગણા લાકડાંનો દ્રવ્યનાશ થાય છે. તથા તેની રાખ જમીનમાં ફેલાવાથી કુલ એકાદ ટન જમીનની ફળદ્રુપતાનો ભોગ લેવાય છે. આ રીતે દેશ દર વર્ષે લાખો ટન જમીનની ફળદ્રુપતા ગુમાવતો રહે છે.

અગ્નીસંસ્કારથી આપણને શો ફાયદો થયો ને બીજાને શું નુકસાન થયું તે કોઈ કહેશે !! કેવી રીતે ? ખરેખર હકીકત તો એ છે કે સર્વ પ્રાણીઓનાં મળમુત્ર અને મૃતદેહોથી જમીન વધારે ફળદ્રુપ જ થાય. અને તેના પર છોડ-વૃક્ષ વધુ ઝડપથી ઉગે છે. વધુ ફળે-ફુલે છે. આ અનુભવસીદ્ધ તથ્ય છે. કરોડો વર્ષોથી અબજો જીવ-જંતુઓ, પ્રાણીઓ જમીનમાં જ પેદા થતાં રહ્યાં છે અને તેમાં સમાતાં રહ્યાં છે.

કેટલાક ખેડુતો કહે છે કે હાડકાંનો ભુકો, તથા માછલીનાં ભીંગડાંનું ખાતર ઘણા પાકમાં સારું પરીણામ આપે છે. કહેવાય છે કે લીંબુડી જેવા છોડને અભડાવવામાં ન આવે તો લીંબુ આવતાં નથી. અભડાવવું, એટલે તે છોડનાં મુળ પાસે મરેલું કુતરું-બીલાડું દાટી દેવું. ચોખલીયા લોકોએ આપેલ 'અભડાવવું શબ્દ ખોટો છે. બાકી રીત ખોટી નથી. છોડને બત્રીસ ભાતનાં ભોજન 'ખવડાવ્યાં' ગણાય. અમારા ગામના એક



ખેડુતના અનુભવ પ્રમાણે, જુન 1982માં મોટી પુર-હોનારત થયેલી. તે વખતે તેના આંબાના બાગમાં એક આંબાના થડ પાસેથી એક બાજુ ખુબ માટી ધોવાઈ ગઈ હતી જ્યાં તેના મુળમાં એક ઢોર ફસાઈ ગયું હતું. જેના પર માટી નાખી ઢાંકી દેવામાં આવ્યું. ખેડુતના કહેવા પ્રમાણે 4-5 વર્ષ સુધી તે આંબામાં વધુ કેરી આવતી અને વળી તેની કેરી વધુ સ્વાદીષ્ટ હતી. બાકી બધા આંબા એક જ પ્રકારના હતા. હવે રસાયણ ખેંચાઈ જવાથી સરખા થઈ ગયા છે.

ખેડુતો પાક લઈ લીધા પછી છોડનાં નકામાં થડીયાં-મુળીયાંને ખેતરમાં એક જગ્યાએ ભેગાં કરી બાળી નાખે છે. તે જગ્યાએ બીજા વર્ષે પણ છોડ બરાબર ઉગી શકતા નથી. રાખ અને તાપથી ઉપયોગી બૅક્ટેરીયાનો નાશ થવાથી આવું થાય છે. તેથી ખેડુતોએ એ કુડાકચરાને ખાડામાં નાખી સડાવીને ખાતર કરવું જોઈએ. અગ્નીસંસ્કારમાં પણ જે રાખ ઉત્પન્ન થાય છે. તે પાસેની નદીમાં નાખવામાં આવે છે. ત્યાંથી જીવજંતુ-માછલીઓ ભાગી જાય છે. જમીન પર નાખવામાં આવે તો વનસ્પતીને નુકસાન થાય.

## (5) વરસાદને અસર

વરસાદને અસર કરતાં મુખ્ય ત્રણ પરીબળો છે.

(1) પવનો (2) પર્વતો (3) વૃક્ષો

(1) પવનો : વરસાદને અસર કરતું મોટામાં મોટું પરીબળ હોય તો મોસમી પવનો છે. ભૌગોલીક સ્થાન પ્રમાણે વર્ષના મુખ્ય પવનના પ્રવાહો લગભગ નક્કી જ હોય છે. આમ છતાં તેમાં ફેરફાર થતા રહેતા હોય છે. પૃથ્વીની ધરી, ગતી, સુર્યની જ્વાળાઓ, વાયુપ્રદુષણ, અણુવીસ્ફોટો તથા અન્ય કારણોથી પવનોનો વેગ-દીશા બદલાતાં હોય છે. તેથી વરસાદની આગાહી ચોકસાઈપૂર્વક થઈ શકતી નથી.

(2) પર્વતો : પર્વતોના અવરોધોને કારણે વાદળો ઉંચે ચઢે છે. અને ઠંડાં પડવાથી પર્વતાળ પ્રદેશોમાં વરસાદ વધારે થાય છે (આસામ, ચેરાપુંજી વગેરે)

(3) વૃક્ષો : વૃક્ષો / જંગલો ઉપરથી પસાર થતાં વાદળાંને ઠંડાં કરીને વરસાદ ખેંચે છે. તે પવનનો વેગ પણ રોકે છે. તેથી પણ વરસાદ વધુ વરસે છે.

આમ આપણે જાણીએ છીએ કે પવનોનાં પ્રવાહો કે દીશા આપણાથી કંટ્રોલ થઈ શકતાં નથી કે નથી પર્વતો ઉભા કરી શકાતા. તેથી આપણી પાસે એક માત્ર વીકલ્પ વૃક્ષોનો જ રહે છે. જે વધારીને વધુ વરસાદ મેળવી શકીએ. ક્યારેક પવન અને તેના દબાણને કારણે રણમાં પણ વધુ વરસાદ પડે તેથી વૃક્ષોનું મહત્ત્વ ઘટી શકે નહીં. જંગલો અને રણપ્રદેશોનાં વર્ષોનાં સર્વેક્ષણ થયાં છે. લેબોરેટરીમાં કૃત્રીમ

વાદળો રચી પ્રયોગો થયા છે. જે સ્થળોએ વૃક્ષો ઓછાં થયાં છે ત્યાં સરેરાશ વરસાદ પણ ઘટ્યો છે. વૃક્ષો વધારીને વરસાદ વધારે મેળવી પણ શકાયો છે. તેથી આખી દુનીયાએ વરસાદ માટે વૃક્ષોનું મહત્ત્વ સ્વીકાર્યું છે.

આવાં વૃક્ષોનો શું વ્યર્થ કર્મકાંડમાં દુર્વ્યય કરવાનો ? મનુષ્યનું જીવન જ વરસાદ અને વૃક્ષ પર આધારીત હોય ત્યારે તેની ઉપેક્ષા કેવી રીતે કરી શકાય ?

### (6) દફન ખર્ચાળ કે દહન ? કઈ પદ્ધતી ખર્ચાળ ?

એક વ્યક્તી કે પ્રજા તરીકે અન્ય કોઈના દોષ જોવા યોગ્ય નથી, પરંતુ તેમ કરવાથી પોતે જ વામણા પુરવાર થતા હોય છે. મહાનતા તો એ ગણાય જે પોતાના અવગુણ/ખામીઓ જુએ-જાણે. અને તો જ તે દુર કરવાનો પ્રયત્ન પણ કરી શકે અને લાભ મેળવી શકે. પોતાની ખામીઓ પ્રત્યે ગૌરવ લઈએ તો છેવટે હાસ્યાસ્પદ જ ઠરીએ. વળી તે ખામીઓને વધુ ગાઢ બનાવીને પારાવાર નુકસાન વહોરીએ તે જુદું. પોતાનું દર્દ દુર કરવા રોગીએ જ કડવી દવા લેવી પડે. પાડોશીને દવા (દોષ) આપવાથી કાંઈ ન વળે. દરેકે દરેક ક્ષેત્રનાં વિષયનું મુલ્યાંકન તટસ્થ જ થવું જોઈએ તો જ તેનો કાંઈ અર્થ સરે.

દુનીયાની પરંપરાગત દફન પદ્ધતી ખર્ચાળ જણાય છે. ખ્રીસ્તી, મુસ્લીમ દફનમાં કબર બનાવવાનો ખર્ચ ઘણી વખત અગ્નીસંસ્કારનાં લાકડાં કરતાં વધી જાય છે. ખ્રીસ્તીઓમાં કોફીનની કીમત રુ. 500થી 5000 સુધીની થઈ શકે છે. વળી તે લાકડાં પાટીયાનાં સ્વરુપનાં (ઈમારતી) હોવાથી તે બીજી ઘણી રીતે ઉપયોગી હોય છે. વળી તેની સાથે પ્રીય વસ્તુઓ મુકવાની પ્રથા ઘણી મોંઘી પુરવાર થતી હોય છે. મુસ્લીમો કબરમાં પોલાણ રચવા માટે સપાટ પથ્થરનો ઉપયોગ કરતા હોય છે. કબર પર આરસની તકતી કોતરાવવાનો ખર્ચ પણ દફનને ખર્ચાળ બનાવે છે. છતાં દુનીયામાં થોડી એવી દફન પદ્ધતીઓ પણ છે જેમાં કબર, કોફીન કે પોલાણ કાંઈ હોતું નથી. તે પદ્ધતી ઘણી જ સસ્તી અને સારી ગણાય. જ્યાં સુધી માનવસમુદાય ઝુંપટપટ્ટીમાં વસે છે. ત્યાં સુધી પથ્થરો પણ કીંમતી છે.

કહેવાય છે કે કેટલાક દેશોમાં દફન એટલું ખર્ચાળ હોય છે કે પહેલેથી પૈસાની બચત કરવી પડે. પણ તે માત્ર ખાસ પવીત્ર કબ્રસ્તાન/ગ્રેવયાર્ડમાં દફન કરવું હોય તો જ, બાકી નીઃશુલ્ક સરકારી વ્યવસ્થા હોય જ છે. આપણે ત્યાં પ્રયાગ, હરદ્વારમાં (ગંગા નદીની તીર્થભુમી પર) અગ્નીસંસ્કાર મોંઘા પડે છે. સુખડનાં (ચંદન) લાકડાંથી અગ્નીદાહ કરવા માટે ઘરની માલમીલકત પણ વેચવી પડે. સ્વ. વડાપ્રધાન મોરારજી દેસાઈનાં અગ્નીસંસ્કાર ટીવી પર બતાવ્યા હતા. તેમાં ચંદનનાં લાકડાં અને એક ડબ્બો



(15 કી.) શુદ્ધ ઘી વાપરવામાં આવ્યાં હતાં. મરણ પછીની આપણી જટીલ ધાર્મીક વીધીઓનો ખર્ચ તો વળી ખુબ વધારે હોય છે. આમ દુનીયાની દરેક પદ્ધતી આર્થીક દષ્ટીએ ખર્ચાળ હોય છે. કોણ કેવો ખર્ચ કરે છે તેના પર આધાર રાખે છે.

### (7) અગ્નીસંસ્કારથી ક્રુરતા અને હીંસા :

દુનીયાની દષ્ટીએ અગ્નીદાહ એક ક્રુર અને ઘાતકી પ્રથા ગણવામાં આવે છે. વીદેશોમાં વસતા આપણા હીન્દુઓના અગ્નીદાહ જોઈને ત્યાંના લોકો ખુબ આઘાત પામે છે. પોતાની નજર સામે સ્વજનોને બળતા જોવા એ કમકમાટી ભર્યું છે. કારણ કે ખુદ બળવું એ ખુબ જ દુખદ ઘટના છે. શરીર પર ઘા કરતાં જલન વધારે પીડાદાયક હોય તે બધાનો સ્વાનુભવ છે. તેથી ઘણા સંવેદનશીલ લોકો આ પ્રક્રીયા જોઈ શકતા હોતા નથી. મારા ખુદનો પણ એવો જ અનુભવ છે. 21 વર્ષની ઉંમરે પ્રથમવાર અગ્નીદાહ જોયો ત્યારે અઠવાડીયા સુધી ભુલી શક્યો નહોતો. જ્યારે દફન ક્રીયામાં મને આવી અકળામણ થઈ ન હતી.

વીદેશીઓ સભ્યતા ખાતર, આપણી સમક્ષ બહુ ટીકા ન કરે પણ તેઓ પોતાના સમુદાયમાં કહેતા હોય છે કે ''ભલે ડેડ બોડી હોય પણ તેને કદી બળાય ? આપણી સામે આપણા સ્વજનને !... એ તો એક સજા જેવું લાગે. હીંદુ જેવી શાંત-સહીષ્ણુ અને અહીંસક પ્રજા મૃતદેહ પ્રતી આટલી ક્રુર હોઈ શકે ? આવી હીંસક સંસ્કૃતી ?'' આમાં કયા આધારે વીદેશીઓ અગ્નીદાહ સ્વીકારે ?!!

મારા એક મીત્રે એક અગ્નીદાહ દરમ્યાન ખોપડી ફાટી જતી જોઈ, તેમાંથી લસણ-ડુંગળીનાં ગાંઠિયા જેવા મગજનાં વીચીત્ર ભાગો (સ્નાયુઓ) લાલ-પીળા રંગમાં બહાર નીકળી પડતા – બળતા જોયા. બળતા-ખદબદતા સ્નાયુઓ હાડકાંનાં ચિત્ર-વીચીત્ર ભયાનક દશ્યો ભલભલા જોઈ શકતા નથી હોતા. સ્વજનો સમક્ષ સ્ત્રી કે પુરુષનું ડેડબોડી બળી જતું હોય ત્યારે કેવી અરેરાટી થાય ! વળી અગ્નીમાં કપડાં પહેલાં બળી જતાં હોવાથી કેવી નીર્લજ્જતા અનુભવાય ? મૃતકનાં અંગત સભ્યો જો વધુ સંવેદનશીલ હોય તો આવાં જુગુપ્સાપ્રેરક દશ્યોથી કદાચ માનસીક સમતુલા ગુમાવી બેસે.

અંગો ભડભડ બળતાં હોય, નીચે પડી જતાં અંગોને ચીપીયાથી પકડીને ફરીથી જ્વાળામાં ધક્કા મારીને ધકેલાતાં હોય, ત્યારે શું આપણી લાગણી દુભાતી નથી ? બળતા ચામડાની વીચીત્ર વાસ અને ફાટતાં અંગોના અવાજ કોઈ પણને અકળાવી મુકે છે. પણ આવા ગંભીર પ્રસંગમાં કોઈથી ફરીયાદ તો થઈ શકે નહીં.

એક જૈન મીત્રે ધ્યાન દોર્યું કે 'લાકડામાં ઘણાં જીવજંતુઓ હોય છે. તેથી

અગ્નીદાહમાં તો હીંસા થાય' વાત સાચી છે. લાકડાની ફાટમાં, છાલની નીચે ઘણાં જીવજંતુઓ હોય જ છે. તે તેમનું આવાસ છે. તેના તો જીવતે જીવત કરુણ અગ્નીસંસ્કાર થઈ જાય. આ ઉપરાંત વૃક્ષ કપાય છે. ત્યારે પણ અસંખ્ય જીવો અને પક્ષીઓનો આધાર છીનવાય છે. વનસ્પતીમાં જીવ છે. અને તે માનવસહજ લાગણી અને સ્પંદનો અનુભવે છે. તેવું સૌ પ્રથમ સાબીત કરનાર વૈજ્ઞાનીક પણ એક ભારતીય છે – જગદીશચંદ્ર બોઝ (1857-1937)

## (8) અગ્નીસંસ્કાર સમયની દૃષ્ટીએ લાંબી રીત

સામાન્ય રીતે એક મૃતદેહને લાકડાંથી બાળતાં 3થી 4 કલાક જેવો સમય લાગે છે. જે બીજી અંતીમ ક્રીયાઓ (દફન વગેરે) કરતાં ઘણો વધારે છે. લાકડાંનું પ્રમાણ મૃતદેહના વજન (જાડા-પાતળા) પ્રમાણે હોય છે તેથી અગ્નીદાહમાં સમય કલાક વધુ-ઓછો થઈ જાય છે. જ્યારે દફન પદ્ધતી અડધાથી પોણા કલાકમાં પુરી થઈ જાય છે. ખાડો અગાઉથી તૈયાર જ હોય છે. ભુમીદાહ કરવા માટેનો ખાડો કરવાનો સમય લાગે તેના કરતાં અગ્નીદાહ માટેનાં લાકડાં જંગલમાંથી કાપીને લઈ આવવામાં વધુ સમય અને શક્તીનો બગાડ થાય છે.

આજના ઝડપી જમાનામાં લોકો સ્મશાનમાં અકળાતા જોવા મળે છે. 3-4 કલાકનો કંટાળાજનક સમય પસાર કરવા લોકો ગ્રુપમાં ભેગા થઈને જોક્સ, રાજકારણ, અન્યની નીંદા, કુટુંબક્લેશ, ઝઘડાની બેકાર વાતો કરતા હોય છે. મૃતકનાં-સ્વજનો સીવાય ભાગ્યે જ કોઈ પરીસ્થીતીની આમન્યા જાળવે છે. વીદ્યુત સ્મશાન અને ગેસ ભઠ્ઠીને લોકો એટલે જ બીરદાવતા હોય છે કે તે ઝડપી છે. 'આ સારું; એક કલાકમાં છુટકારો !' તેવા વાક્યો સાંભળવા મળે છે.

મૃતકનાં કુટુંબીજનોને તો સમય કીંમતી ના હોય પણ સ્મશાનયાત્રામાં જોડાયેલા અન્ય લોકોને તો જરુર હોય છે; પણ ઔપચારીકતા / રીવાજ ખાતર સમયનો ભોગ આપવો પડતો હોય છે; આ રીતમાં રાષ્ટ્રના ઘણા માનવકલાકોનો વ્યય થતો હોય છે. ભાવી સમય વધુ ઝડપી હશે ત્યારે આ મુદ્દો મહત્ત્વનો બનશે.

## (9) અગ્નીસંસ્કારમાં ખાદ્ય સામગ્રીનો બગાડ :

સ્મશાન મોટા ભાગે ગામની બહાર અને નદી કીનારે આવેલાં હોય છે જેથી શબ બળી રહે એટલે તેની રાખ પાણી દ્વારા નદીમાં વહાવી દેવામાં આવે છે. આમ જમીન અને હવા સાથે જળ-પ્રદુષણ પણ થઈ જાય. મોટાં શહેરોમાં 5-50 લાખના ખર્ચે વીશાળ અને ભવ્ય સ્મશાનો તૈયાર થતાં હોય છે. પહેલાં હીન્દુસ્તાનમાં જુદી



જુદી જ્ઞાતીઓના અલગ અલગ સ્મશાન હતાં જે વધારે જગ્યા રોકતાં હવે તેવું નથી એટલે સારું છે. અગ્નીદાહ માટે વપરાતાં લાકડાં મોટે ભાગે જંગલોમાંથી આવતાં હોય છે. સ્મશાનના સ્ટોરરુમમાં જુઓ તો જણાશે કે 60થી 70% લાકડાં ફર્નીચર બની શકે તેવાં હોય છે. મોટા ભાગનાં સ્મશાનોમાં લાકડાં મફત કે ફીક્સ કીંમતે મળતાં હોવાથી ત્યાં બગાડ પણ વધારે થતો હોય છે.

લાકડાનો ખર્ચ દાતાઓ ઉપાડી પુણ્ય કર્યાનો સંતોષ લેતા હોય છે પરંતુ ખરેખર તેઓ કુદરતની કહો કે ઈશ્વરની પ્રક્રીયાનું ઘોર ઉલ્લંઘન કરી પાપ કરી રહ્યા છે. ભારતભરમાં દરરોજ લાખો ટન લાકડાં સાથે લગભગ 20-22 હજાર કીલો ઘી તથા તલ વેડફાતા હશે (સરેરાશ એક મૃતદેહ માટે એકાદ કીલો ઘી તથા તલ બાળવામાં વપરાતાં હોય છે) વાર્ષીક બગાડ 10 હજાર ટન ઘી. દેશની 20થી 30% જનતાને પુરું તેલ પણ મળતું નથી એ આપણે ક્યાં નથી જાણતાં ? વળી ઘી તથા તલ એ શાકાહારી એવા હીન્દુ લોકોનો સૌથી પૌષ્ટીક અને મોંઘો ખોરાક છે. યજ્ઞો, ધુપ-દીપ, હોમ-હવનમાં પણ આવી સામગ્રીનો છુટથી બગાડ થાય છે. પાણીના બગાડ અટકાવવાના સંજોગોમાં આવાં કીંમતી દ્રવ્યોનો બગાડ કેમ પોષાય ?

## (10) જમીન ઘટવાનો પ્રશ્ન :

દફન પદ્ધતીના વીરોધમાં આ મુદ્દો ખાસ ચર્ચાય છે. જોકે તેના કારણ માટે જડ-પરંપરાગત દફન પદ્ધતી જવાબદાર હોઈ શકે, બાકી આ વાતમાં કાંઈ દમ નથી. દફનમાં કબર કરવી જ જોઈએ એવી સૌની માનસીકતા છે. બાકી દુનીયાની કેટલીક જાતીઓ દફન પર કબર કરતી નથી. એ તો ધાર્મીક માન્યતા, બાકી તેમાં જરુરીયાત કે ફરજીયાત જેવું કાંઈ હોતું નથી. ઘણા ધર્મોમાં માટી ઢાંકી, પથ્થરો એમ ને એમ મુકી દે છે જેથી કુતરા, શીયાળ, ઘોરખોદીયાં મૃતદેહ કાઢી ન જાય. ભારતમાં ખોજા લોકો પાકી ચણતર કબર કરતા નથી. તે જમીન થોડાં વર્ષો પછી ફરીથી ઉપયોગમાં લેવાય છે.

ઈ.સ. 2000ના આધારે આપણા દેશની વસ્તી 100 કરોડ છે. વીસ્તાર 32,87782 ચો. કી.મી. પ્રમાણે વસ્તી ગીચતા 300 માણસો પ્રતી ચોરસ કીલોમીટર છે. મૃત્યુદર દર હજારે 15થી 20 માણસો હોય છે. આમ દેશમાં વર્ષે, પ્રત્યેક ચો.કી.મીએ વધુમાં વધુ 6 માણસો મૃત્યુ પામે છે. એક મૃતદેહના ભુમીસંસ્કાર કરવા માટે વધુમાં વધુ 3થી 4 ચો.મીટર જમીન જોઈએ. 6x2 ફુટ (પલંગના માપનો) ખાડો તથા આસપાસ 1 ફુટ જમીન રાખતાં 3 ચો.મીટર (33 ચો. ફુટ) થાય. તેમ છતાં 4 ચો.મી. ગણીએ તો 6 મૃતદેહ માટે 6x4 = 24 = 25 ચો.મીટર જમીન જોઈએ. 1 ચો. કીમી = 1000

મી x 1000 મી = 10 લાખ ચો.મી. થાય. તે ગણતરીએ વર્ષે 0.0025% જમીન જોઈએ. (100x25 ÷ 10 લાખ = 0.0025) એટલે કે ભુમીસંસ્કાર માટે 400 વર્ષ સુધી 1% જમીન પર્યાપ્ત છે. ભુમીસંસ્કારની જમીનનો 50 વર્ષે ફરી ઉપયોગ કરીએ તો 0.05% જમીન કાયમ માટે કાફી છે.

હવે ભુમીદાહ પ્રમાણે તો દેહનું માટીમાં રુપાંતર થતાં 10 વર્ષ પણ ના લાગે. તેનો ફરી ઉપયોગ કરતા રહીએ તો 0.02% જમીન પુરતી છે. જ્યારે આપણા દેશમાં 10થી 15% જમીન પડતર છે. બીનઉપયોગી છે. સર્વેક્ષણો મુજબ દુનીયાની માત્ર 20% જમીન પર જ ખેતી થાય છે. આપણા દેશમાં પણ 25%થી વધારે જમીનમાં ખેતી થતી નથી. આમાં ભુમીદાહ માટે રોકાતી જમીન શું વીસાતમાં ? શું જોઈને હાંકે રાખીએ છીએ જમીન ઘટે.... જમીન રોકાય ? ગણતરી આપણી સામે જ છે.

વધુ ને વધુ જમીન પર ખેતી થાય તે પણ યોગ્ય નથી. કારણ કે ખેડથી જમીન પોચી થાય અને વરસાદ દરમ્યાન ધોવાણ થાય છે. ચોમાસામાં નદીનાં ડહોળા પાણીમાં જમીનનો કાંપ હોય છે. તે તળાવ, બંધ વગેરેમાં ભરાતાં છીછરાં થતાં જાય છે. બાકીનો ઘણો કાંપ દરીયામાં ઢસડાઈ જાય છે. વૃક્ષોથી જમીનનું ધોવાણ અટકે છે. વેરાન જમીન પરનું કુદરતી ઘાસ (લૉન, ઘ્રો) ધોવાણ અટકાવે છે.

આધુનીક જમાનામાં વૈજ્ઞાનીક પદ્ધતીથી ઓછી જમીનમાં વધુ ખેતઉત્પાદન મેળવી શકાય છે. પશ્ચીમના દેશો અને ઈઝરાયલ એકર દીઠ ઘણું વધારે અનાજ ઉત્પન્ન કરે છે. આજે આપણા દેશમાંથી પણ જો માત્ર ખેતી ક્ષેત્રમાંથી વીજ્ઞાનને ખેંચી લેવામાં આવે તો અડધી વસ્તી (50 કરોડ) ભુખે મરે. આઝાદી વખતે 34 કરોડ જનતા માટે આ જ જમીનમાં અનાજ પુરું પડતું નહોતું. તેથી અમેરીકા-રશીયાથી ઘઉં આવતા હતા. તેથી ખેતીમાં પણ જમીનના વીસ્તાર કરતાં વીજ્ઞાન અને ટેકનોલોજીનું મહત્ત્વ વધારે છે.

સમતુલીત – સુરક્ષીત પર્યાવરણ માટે 30થી 33% જમીન પર જંગલ/વૃક્ષો હોવાં જોઈએ તેને બદલે 8થી 10% છે. નકામી જમીનમાં ભુમીસંસ્કાર કરી વૃક્ષો વાવવાનું રાખીએ તો 30% જમીન પર વૃક્ષો ન થાય ત્યાં સુધી તો જમીન રોકાવાનો પ્રશ્ન જ નથી, કારણ કે વૃક્ષોની તો તાતી જરુરીયાત છે તેથી તે જમીન ઘટી કેમ ગણાય ? દર વર્ષે ભુમીસંસ્કાર દ્વારા 0.0025% જમીનમાં માંડ વૃક્ષો વવાય જેને 20% થતા 10 હજાર વર્ષ લાગે !! વળી લાકડાની જરુરીયાતને કારણે જંગલ કપાય તે જુદું. તેથી દફનથી જમીન ઘટવાનો ખ્યાલ જ ખોટો છે. વળી વૃક્ષોની વચ્ચે ભલે બીજું કાંઈ ન થઈ શકે પણ ભુમીસંસ્કાર તો થઈ જ શકે છે.

જમીન રોકાવાનો પ્રશ્ન એટલી હદ સુધી ચગાવવામાં આવે છે કે જાણે ચારે



બાજુ કબ્રસ્તાન-ગ્રેવયાર્ડ જ ન હોય ? જ્યાં 100% લોકો દફન અપનાવે છે તે દેશોમાં બસ-ટ્રેન કે પ્લેનનો પ્રવાસ કરો ત્યારે ભાગ્યે જ ક્યાંક કબ્રસ્તાન દેખાશે ! બાકી ખેતર ઉપરાંત વેરાન જમીન પુષ્કળ નજરે ચઢશે. યુરોપ, અમેરીકા, કેનેડા, રશીયા, ઓસ્ટ્રેલીયા, આફ્રીકા વગેરે દેશોની વસ્તી ગીચતા 5થી 30 માણસો/કીમીની છે. તેનાથી તો આપણે ત્યાં દફન કરનાર લઘુમતી વધારે છે. ત્યારે શું અહીં પણ બધે કબરો જ દેખાય છે ?? કે વેરાન ભુમી વધારે દેખાય છે ? (20% લઘુમતી ગણતા પ્રતી ચો.કીમી. એ 60 માણસો થાય તથા 10-15% દફન કરનારી હીન્દુ પ્રજા છે.)

શહેરોની વાત કરીએ તો વેરાન-નકામી જમીન દુર હોય છે. વળી વસ્તી ગીચતા વધારે હોય છે. (વીદેશોમાં પણ આટલાં ગીચ શહેરો છે. તેની દફન વ્યવસ્થાનો અભ્યાસ કરવો જોઈએ.) આધુનીક સમયમાં શબવાહીની દ્વારા શબને શહેરની બહાર દુર લઈ જવું અઘરું નથી. કેમ કે અગ્નીદાહ માટેનાં લાકડાં પણ માઈલો દુર જંગલમાંથી તો ક્યારેક બીજા રાજ્યો-દેશમાંથી લઈ આવવા પડે જ છે ને ! આમ છતાં શહેરમાં પાંચ-દસ-પચ્ચીસ જગ્યાએ જરુરી જમીન ફાળવવામાં આવે તો ભુમીસંસ્કાર કેન્દ્રનાં વૃક્ષો શહેરનું પ્રદુષણ દુર કરવામાં અને વાતાવરણનું તાપમાન જાળવવામાં ઘણું મદદરુપ થાય. શહેરોમાં જ પ્રદુષણ અને ગરમીનો પ્રશ્ન સૌથી વધુ હોય છે. તેથી શહેરોમાં બાગ-બગીચા વધુ હોય છે. જે લોકોને મનોરંજન, શાંતી ઉપરાંત હવા શુદ્ધ કરવામાં ઉપયોગી છે. તેથી તેને શહેરનાં ફેફસાં પણ કહેવામાં આવે છે.

આમ જરુરીયાતના ભાગ રુપ ભુમીસંસ્કાર કેન્દ્રો માટે પણ જમીન ફાળવવી જોઈએ. તે પણ હવા શુદ્ધ કરશે. તે સ્મશાનોની જેમ દુર્ગંધ કે પ્રદુષણ ફેલાવતા નથી. શહેરોનાં કદ એટલાં વધી ગયાં છે કે ભુતકાળમાં શહેરની બહાર રાખેલા સ્મશાન અને કબ્રસ્તાન આજે અંદર આવી ગયા છે. તે બન્નેમાં વૃક્ષો જોવા મળે છે તે સારી વાત છે.

છેલ્લી સદીમાં શહેરોનાં કદ 10થી 20 ગણાં વધી ગયાં છે. આજુબાજુનાં અનેક ગામો તેની અંદર સમાઈ ગયાં છે. [દા.ત. છેલ્લા 100 વર્ષમાં 70 ગામડાં અમદાવાદમાં સમાઈ ગયા છે. 1 લાખની વસ્તીનું 8 ચો.કીમી વીસ્તારનું અમદાવાદ 300 ચો.કીમીમાં પથરાઈ ગયું છે.] માઈલો સુધી સોસાયટીઓ, બહુમાળી મકાનો ફળદ્રુપ જમીનો પર બંધાઈ ગયાં છે. પહેલાં સ્થીર વસ્તી સદીઓ સુધી કીલ્લાઓમાં કેદ રહી, અત્યારે તો ગામડાં પણ બે-પાંચ ગણાં વધી ગયાં છે. વસ્તી વધે છે, જમીન વધતી નથી તે જાણવા છતાં તેમાં કોઈને જમીન રોકાતી દેખાતી નથી. હજુ પણ દેશમાં દર વર્ષે હજારો ચો.કીમી જમીનનો રહેઠાણમાં ભોગ લેવાતો જાય છે.

વસવાટ કે પ્રગતીનો વીરોધ નથી. વસ્તી વધારાનો વીરોધ છે. આડેધડ વસવાટ એ પ્રગતી નથી, અધોગતી છે. 10-12 ગણી વસ્તી ગીચતા હોવા છતાં; આપણે ઉંચાં મકાનોના વીરોધી; એટલે દુર સુધી સોસાયટીઓમાં જમીન વેડફાય. વાહનોનું પ્રદુષણ પણ વધે. સમય અને ઉર્જા પણ બગડે. આપણાં 70થી 80% મકાનો માત્ર એક-બે માળનાં જ છે. વળી મકાનોના ભાડુતોને રક્ષતા કાયદાને કારણે 10-15% મકાનો ઉપયોગ વગરનાં પડી રહે છે. જમીન ઘટવાનાં આવાં મજબુત કારણો આપણને દેખાતાં નથી. જમીન રોકાવાનું, બગડવાનું અને અનેક સમસ્યાનું ખરું કારણ તો વસ્તી વીસ્ફોટ જ છે.

### (11) અગ્નીસંસ્કારથી જમીન રોકાય છે.

હા... અને દફન કરતાં ઘણી વધુ જમીન રોકાય છે. આ કાલ્પનીક તર્ક નથી પણ નક્કર હકીકત છે. ચાલો જોઈએ... અગ્નીસંસ્કાર માટેનાં લાકડાં આકાશમાંથી કે દરીયામાંથી નથી આવતાં ! તેના માટે વૃક્ષ તો જમીન પર જ વાવવાં પડે. એક વૃક્ષ 8થી 10 ચો.મી. જમીન 25થી 500 વર્ષ સુધી રોકે છે. માત્ર જમીન રોકાવાનો જ પ્રશ્ન લઈએ તો આટલી જમીનમાં ત્રણ ભુમીસંસ્કાર 30 વખત થઈ શકે છે !!

એક વૃક્ષની આસપાસનાં 10થી 12 ફુટના ઘેરાવામાં ખેતી કે બાંધકામ થઈ શકતું નથી. દા.ત. ફળોના બગીચા, વાંસ-સાગનાં વૃક્ષોની ખેતી કે જંગલમાં અનાજ વગેરેની ખેતી થઈ શકતી નથી, કે નથી કોઈ મકાન વગેરેનું બાંધકામ થઈ શકતું. તેથી અગ્નીસંસ્કારના લાકડાં માટે વૃક્ષોને અલગ જ જમીન જોઈએ.

જો કે પર્યાવરણને ઉપયોગી એવાં વૃક્ષો માટે જમીન રોકાવાનો કોઈ પ્રશ્ન જ ન ગણાય; પણ અગ્નીસંસ્કારનાં લાકડાંના સંદર્ભમાં હિસાબ કરી શકાય. ઉદાહરણ તરીકે એક લાખની વસ્તીના શહેર માટે અંદાજે ભુમીસંસ્કાર માટે વધુમાં વધુ 1 હેક્ટર ભુમી વર્ષે જોઈએ તો અગ્નીસંસ્કાર માટે વૃક્ષોની ગણતરી કરીએ તો લગભગ 100 હેક્ટર જમીન ફાળવવી પડે. વૃક્ષ 15-20 વર્ષનું થાય ત્યારે ઉપયોગમાં આવે. તે સ્થાને બીજું વૃક્ષ વાવવું પડે. જેના માટે પાણી અને જાળવણીનું આયોજન કરતા રહેવું પડે જે ઘણા માણસોનાં સમય-શક્તી ખર્ચાતાં રહે.

અગ્નીસંસ્કારનાં લાકડાં માટે વૃક્ષો વાવવાં જોઈએ એવી વાત કેટલાક લોકો ઘણા સમયથી કરે છે. પણ આવું કાર્ય ક્યાંય થતું દેખાતું નથી. સ્મશાનમાં દાન આપનારા દાતાઓ આવું કાર્ય કરે તો કમસે કમ વૃક્ષો તો ઘટતાં બચે. તેમ છતાં આ કાર્ય માંસ માટે બકરાને મોટો કરવામાં આવે તેના જેવું લાગે ખરું. તેમ છતાં આ કાર્ય જોઈએ તેટલું સહેલું પણ નથી. તેના માટે જમીનની ફાળવણી થયા બાદ રખડતાં



ઢોરોથી બચાવવા ફરતે વાડ કરવી પડે. દુષ્કાળ જેવા સમયમાં શહેરમાં પાણીકાપ રાખીને વૃક્ષોને બચાવવાં પડે. લોકોમાં આ સેવાકાર્ય માટે સતત ઝુંબેશ ચલાવવી જોઈએ. (જો કે આવી ઝુંબેશનો ઉત્સાહ કાયમી ટકી રહેશે તેની કોઈ ખાતરી આપી શકાતી નથી) તેના માટે આર્થીક ખર્ચ પણ સતત થતો રહે છે. જ્યારે નાશ પામતાં વૃક્ષો બચાવવાં તદ્દન મફત–સરળ છે. જેટલા અગ્નીદાહ બંધ થાય તેટલાં વૃક્ષો બચી જશે. જેટલી વસ્તી ઓછી રહે તેટલો વપરાશ પણ ઘટે.

❋

## ધર્મ અને વીજ્ઞાન

અંધશ્રદ્ધા છે આંધળી, વહેમને વંટોળે વહે,
અતીશ્રદ્ધા છે અવળચંડી, વેવલાપણાનાં વાવેતર કરે.
યુરોપે અટપટાં યંત્રો શોધી, ફીટ કર્યાં ફેક્ટરીમાં,
આપણે સીદ્ધી યંત્રો બનાવી, ફીટ કર્યાં ફોટામાં.
પશ્ચીમે ઉપગ્રહ બનાવી, ગોઠવી દીધા અંતરીક્ષમાં,
આપણે ગ્રહોનાં નંગ બનાવી, મઢી દીધા અંગુઠીમાં.
જાપાન વીજાણુ યંત્રો થકી, સમૃદ્ધ બન્યું જગમાં,
આપણે વૈભવલક્ષ્મીનાં વ્રતો કરી, ગરીબી રાખી ઘરમાં.
અમેરીકા વૈજ્ઞાનીક અભીગમથી બળવાન બન્યો વીશ્વમાં,
આપણે ધાર્મીક કર્મકાંડો થકી, કંગાળ બન્યા દેશમાં.
પશ્ચીમે પરીશ્રમ થકી, સ્વર્ગ ઉતાર્યું આ લોકમાં,
આપણે પુજા-પાઠ ભક્તી કરી, સ્વર્ગ રાખ્યું પરલોકમાં.
એડવર્ડ જેનરે રસી શોધી, શીતળા નાબુદ કર્યા જગમાં,
આપણે શીતળાનાં મંદીર બાંધી, મુર્ખ ઠર્યા આખા જગમાં.
પર્યાવરણ-પ્રદુષણથી જ્યારે જગત આખું છે ચીંતામાં,
આપણે વૃક્ષો-જંગલો કાપી, લાકડાં ખડક્યાં ચીતામાં.

– ખીમજીભાઈ જે. પટેલ (કચ્છી)
A-38, સંત જલારામ સોસાયટી, વેડ રોડ, સુરત-395004

# વીભાગ : ૩

## પર્યાવરણ સમીક્ષા

### (1) વીદ્યુત સ્મશાન : આધુનીક અનીષ્ટ (1995-96)

ઘણા લોકો લાકડાની અવેજીમાં વીજળી પદ્ધતીને શ્રેષ્ઠ ગણે છે. જે જરાય યોગ્ય નથી. કારણ કે વીજળી ઉત્પન્ન કરવા માટે પણ કોલસા, ગેસ, પેટ્રોલીયમ જેવા ઉર્જાસ્રોતની જરુર પડે છે. આપણી પાસે વધારાની વીજળી નથી. ઉલટું તેની હંમેશાં માંગ વધતી રહેવાને કારણે ઘટ પડે છે. તેથી અપુરતી વીજળીને કારણે વારંવાર વીજકાપનો સામનો કરવો પડે છે. અને જ્યારે વીજળી તથા ઉર્જા બચાવવાની ઝુંબેશ ચાલે છે ત્યારે આ રીતે વીજળી વાપરવી (વેડફવી) યોગ્ય વીકલ્પ કેમ ગણાય ?

સામાન્ય રીતે જેટલી વીજળી વપરાય છે તેનાથી વધારે (લગભગ ડબલ) ઉર્જાની તેને ઉત્પન્ન કરવા માટે જરુર પડે છે. દા.ત. પાંચ કીલો લાકડાં કે કોલસાથી જે રસોઈ થઈ શકે તે જ રસોઈ વિદ્યુત સગડીથી કરીએ તો વીજમથકમાં પાંચ કીલોથી ઘણાં વધારે લાકડાં કે કોલસાની જરુર પડે. વીજ્ઞાનનો એક સામાન્ય નીયમ છે કે, ઉર્જા ઉત્પન્ન થતી નથી કે નાશ પામતી નથી. તેનું રુપાંતર થાય છે. કોઈ પણ પદાર્થ (લાકડાં-કોલસા)માંથી વધુમાં વધુ 50થી 60% ઉર્જાનું જ વીજળીમાં રુપાંતર કરી શકાય છે. બાકીની ઉર્જા ઉષ્મારુપે વાતાવરણમાં પ્રસરી જાય છે. વળી વીજળીનું સ્થળાંતર થતાં માર્ગમાં (લાઈન તથા ટ્રાન્સફોર્મરમાં) વીજળીનો વ્યય (ટ્રાન્સમીશન લોસ) 10થી 20% થતો હોય છે. (નોંધ : વાતાવરણમાં વેડફાઈ જતી ઉર્જા (ગરમી) આપણે ઉપયોગમાં લઈ શકતા નથી. તેથી જ ઉર્જાયુક્ત પદાર્થો પર આધાર રાખવો પડે છે. ગેસ, કોલસા, પેટ્રોલીયમનો પ્રાચીન કાળનો નીશ્ચીત જથ્થો જ છે. એ કોઈ પદાર્થો મનુષ્ય જાતને



પાછા મળવાના નથી.) ટુંકમાં, સીધી-સાદી વાત એ છે કે, લાકડાં કરતાં વીજળીથી રસોઈ (2-4 ગણી) મોંઘી પડે તેમ વીદ્યુત સ્મશાનથી શબદહન મોંઘું જ પડે છે તેમાં કોઈ શંકા નથી.

વીદ્યુત સ્મશાન (યુનીટ) એક પ્રકારની વીશાળ ઇલેક્ટ્રીક સગડી જ છે. તેમાં નાઇક્રોમ (નીકલ + ક્રોમીયમ) ધાતુની મોટી-જાડી કોઈલો હોય છે. જે તાપ અવરોધક ઈંટોની અંદર ગોઠવી દેવામાં આવી હોય છે. તથા મૃતદેહ દાખલ કરવાની, રાખ કાઢવાની અને ઉડાડવાની અન્ય વ્યવસ્થા હોય છે. આ યુનીટને 440 વોલ્ટ થ્રી ફેઈઝ (50 c/s) પાવરની જરુર પડે છે. તેનો વીજવપરાશ (પાવર કન્ઝપ્શન) 80થી 100 કી. વોટ હોય છે. (1 કી. વોટ = 1000 વોટ) તેમાં એક શબને દહન થતાં સરેરાશ 50થી 60 મીનીટ લાગે છે. તે દરમ્યાન 300થી 500 યુનીટ વીજળી વપરાય છે. જે 10-12 હજાર ટ્યુબ લાઈટો જલાવી શકે, અથવા એકાદ હજાર માણસોની રસોઈ પકાવી શકે તેટલી હોય છે. જોકે આ યુનીટો બનાવનાર કંપનીઓ એવો દાવો કરે છે કે, એક શબ દીઠ 50,000 થી 70,000 વોટ વીજળી જ વપરાય છે. પણ (મોટર-સાઈકલોની જેમ) તેની એવરેજ પણ વ્યવહારમાં જળવાતી હોતી નથી. તેમની દલીલ એ છે કે, એક વખત શબ બળ્યા પછી તેની જ ચરબીથી બળતું જાય છે. પણ તેમ હોય તો લાકડામાં પણ ચરબી બળવામાં મદદરુપ થઈ શકે છે.

આ વીદ્યુત સ્મશાનની કીમત કેટલી છે ! તે જાણો છો ? રુપીયા 50થી 60 લાખ ! ઉપરાંત જમીન તથા બાંધકામ (તેમની ડીઝાઈન પ્રમાણેનું ચણતર) 20-25 લાખ થાય તે અલગ. વીજળી બીલ મહીને રુ. લાખ ઉપર થઈ જાય તથા તેની જાળવણી, રીપેરીંગ, ચલાવનાર ઓપરેટરનો ખર્ચ તો જુદો જ !! લાકડાં કરતાં ખર્ચ વધુ આવતું હોવાથી ઘણી જગ્યાએ આ યુનીટ બંધ પણ થઈ ગયાં છે. તેમ છતાં લાકડાની કારમી તંગીને કારણે ધોળા હાથી સમાન આ યુનીટો શહેરમાં વસાવાં પડે છે; જ્યાં બે-ત્રણ દીવસે ટ્રક લાકડાંની જરુર પડતી હોય. બાકી આવડી મોટી રકમના વ્યાજમાંથી જ લાકડાં મળી શકે. આ હીસાબે આપણે અગ્નીદાહમાં લાકડાંનો સારો એવો દાટ વાળી નાંખ્યો છે. આ સ્મશાનોનાં રાક્ષસી વીજવપરાશ જોતાં વીજળીનીય કટોકટી સર્જાશે કે શું ?

આ વીદ્યુત યુનીટો સતત ચાલુ રહેવાને કારણે તેની હીટીંગ કોઈલ વારંવાર બદલવી પડે છે. તથા તેની સ્વીચો, પેનલબોર્ડ હાઈવોલ્ટેજ અને હેવી કરંટને કારણે ખરાબ થતા રહેતા હોવાથી નીભાવ ખર્ચ વધુ આવે છે. તેને ચલાવવા ઓપરેટર તથા વ્યવસ્થાપક તરીકે એન્જીનીયરની જરુર પડે છે. સરકાર વીજળીમાં રાહત આપતું હોવા

છતાં વધુ ખર્ચાળ છે. સરકારી સબસીડી ન મળે તો આ અગ્નીદાહ, લાકડાં કરતાં 4-5 ગણા મોઘાં પડે.

## (2) વીદ્યુત સ્મશાન : પ્રદુષણ મુક્ત નથી

એક અંદાજ પ્રમાણે ભારતમાં લગભગ 80થી 100 યુનીટો કાર્યરત છે. જે દરેકનો વીજવપરાશ એક નાના ગામ કે સામાન્ય કારખાના જેટલો થાય છે. અને પ્રદુષણ તો તેનાથી પણ અનેક ગણું વધારે !! વળી એ કોઈ પણ વસ્તુના ઉત્પાદન વગર !! વીદ્યુત સ્મશાનમાં મૃતદેહનું દહન થાય છે ત્યારે ગેસ અને રાખ ઉત્પન્ન થાય છે. તેની રાખથી ભરાતા ખાડાઓમાં વનસ્પતી ઉગી શકતી નથી, કે નથી જીવજંતુ રહી શકતાં, તેવી નીર્જીવ મૃતભૂમી થતી જાય છે. ઘણી જગ્યાએ રાખ ઉડાડવાના બ્લોઅર મુકાય છે. તેનાથી પુષ્કળ વાયુ પ્રદુષણ થાય છે. ઉપરાંત વીદ્યુત સ્મશાનમાં જે વીજળી વપરાય તેને ઉત્પન્ન કરનાર વીજમથકમાં જે ઇંધણ વપરાય અને જે પ્રદુષણ થાય, તેને તો અટકાવી શકાતું જ નથી. જળવીદ્યુત હોય તો વાત જુદી છે. પણ આપણે ત્યાં જળવીદ્યુત પુરતી ન હોવાથી થર્મલ તથા અણુવીજ મથકો દ્વારા ઘણી વીજળી ઉત્પન્ન કરવી પડે છે. પ્રદુષણ અટકાવવા માટે હવે તેની સાથે વધારાનું (એકસ્ટ્રા) પ્રદુષણ નીયંત્રક યુનીટ બેસાડવું પડે છે. જેની કીંમત 8થી 10 લાખ રુ. થાય છે. તે કેટલી વીજળી ખાતી હશે ? તે તો કોને ખબર ? પણ તે ધુમાડો (પ્રદુષણ) અટકાવી શકે, રાખ નહીં.

આ વીદ્યુત સ્મશાનોમાં બીજી થોડીક સામાન્ય અગવડો પણ છે. જેમકે, વીજળી ન હોય, લાઈન ખરાબ હોય, યુનીટમાં ફોલ્ટ થયો હોય, ચલાવનાર ઓપરેટર હાજર ના હોય, ત્યારે મૃતદેહ થોડો વધુ સમય રઝળી પડે. વળી આ યુનીટમાં હાઈ વોલ્ટેજને કારણે ચોમાસામાં વીજ અકસ્માતો પણ થઈ શકે છે. આ સ્મશાનોને ગરમ રાખવા સતત વીજળી આપવી પડે છે તેથી જ્યાં ઓછાં મરણ હોય તેવાં ગામડાંમાં આ યુનીટો પોષાય નહીં. વળી ગામડાંમાં વીજળી સતત રહેતી પણ નથી. આજે ભારતનાં અડધાં ગામોમાં વીજળી જ નથી અને 60થી 70% પ્રજા ગામડામાં વસે છે. ત્યારે આ વીદ્યુત સ્મશાનો કેટલાં ઉપયોગી ?

આમ જોઈએ તો આ પદ્ધતી પરંપરાગત કે ધાર્મીક રીવાજ પ્રમાણે તો નથી જ. 20 વર્ષ પહેલાં વીજળીથી દાહ આપવા કોઈ તૈયાર ન હતું. પણ હવે 80થી 90 % લોકો જ્યાં સગવડ હોય ત્યાં ઉપયોગ કરે છે. આમાં નથી લાકડાં કે નથી અગ્ની. માત્ર તાપ છે; વીજળીનો, વીજ્ઞાનનો ! આમાં પરંપરા ક્યાં સચવાય છે ? (ભૂમીસંસ્કારમાં હજી સમાધી-ખાંભી દ્વારા સંત-શુરાની પરંપરા સચવાય શકે છે.)

વીજળી આપણા માટે ખુબ જ મુલ્યવાન શક્તી છે. તેનો ઉપયોગ પ્રકાશ તથા



યાંત્રીક શક્તી (મોટર-યંત્રો) માટે વધારે સુયોગ્ય છે. કારણ કે તેના માટે સીધાં લાકડાં કે કોલસા વાપરી શકાતાં નથી. આપણાં સુખ-સગવડો માટે વીજળીના સેંકડો ઉપયોગો છે. કરોડો મકાનોને ઝળહળતાં રાખવાં, લાખો કારખાનાંઓને ધમધમતાં રાખવા માટે હજારો મેગાવોટ વીજળીની હમેશાં ખપત રહે છે. તેથી વીજળીનો દુર્વ્યય કોઈ રીતે પોષાઈ શકે નહીં. એક સામાન્ય થર્મલ વીજમથકમાં દર મીનીટે ટનથી માંડીને ટેન્કર જેટલાં કોલસા, ગેસ કે ઓઈલ ઓહીયાં થતાં હોય છે. ત્યારે આવી મહામુલી વીજળીને વેડફવી એ આઘાતજનક નહીં પણ આપઘાત સમાન છે.

હમણાં (1995)માં એવું જાણવા મળ્યું કે કલ્યાણ (મુંબઈ)માં 23 લાખના ખર્ચે ડીઝલ સંચાલીત સ્મશાન શરુ થશે. જેમાં પ્રત્યેક મૃતદેહ દીઠ 25થી 30 લીટર ડીઝલની જરુર પડશે. દેખીતી રીતે આ પદ્ધતી પ્રદુષણ મુક્ત નથી અને ખર્ચાળ પણ છે. તેમ છતાં વીદ્યુત સ્મશાન કરતાં વધારે બહેતર જણાઈ છે. તે જ બતાવે છે કે, વીદ્યુતપદ્ધતી કેટલી ખામી યુક્ત છે. જોકે ગેસ આધારીત સ્મશાનની ડીઝાઈન પણ કરી શકાય.. અને સોલાર પણ... પણ....

ક્યાં સુધી આપણે અંધારામાં ફાંફાં માર્યા કરીશું ? આપણે અત્યારે કોમ્પ્યુટર યુગમાં જીવીએ છીએ. દુનીયામાં ક્યારેય ન હતું એટલું ખગોળ, ભુગોળ અને સૃષ્ટીનું અગાધ જ્ઞાન તથા દરેક ક્ષેત્રની વીપુલ માહીતીઓનો ખજાનો આપણી પાસે છે. ત્યારે આપણે એક સામાન્ય બાબતમાં ઉત્તમ રીત શા માટે પસંદ કરી શકતા નથી ? શ્રેષ્ઠતા મેળવતાં કોણ રોકે છે આપણને ? આપણે અદ્યતન મશીનો નીર્મીત વસ્તુઓનો ઉપયોગ કરીએ ત્યારે શું પરંપરા તુટતી નથી ? આપણું માનસ 17મી સદીનું હોય ત્યારે 21મી સદીનો વીચાર કેમ કરી શકીએ ? કોઈપણ પ્રશ્નોના ઉકેલ શું થીગડાં મારવાથી આવે ? કોઈ પણ બાબતમાં નક્કર અને વાસ્તવીક પગલા વગર કોઈ ઇલાજ નથી.

## (3) કુદરત દ્વારા પ્રદુષણ

વીજ્ઞાન વીરોધી-સંકુચીત લોકો, એ સ્વપ્નેય નહી વીચારી શકે કે પ્રદુષણ કુદરતી રીતે પણ થાય !! પણ સત્યનો કદી ઈન્કાર થઈ શકે નહીં. હકીકત એ છે કે જ્વાળામુખી પર્વતો ફાટે છે ત્યારે માઈલો સુધી સજીવ સૃષ્ટી અને વૃક્ષોનો નાશ થઈ જાય છે. વર્ષે લગભગ નાના-મોટા અનેક જ્વાળામુખી પર્વત આ પૃથ્વી પર ફાટતા રહે છે. હજારો-લાખો ટન રાખ અને કાર્બન ડાયોક્સાઈડ (ક્યારેક વર્ષો સુધી) વાતાવરણમાં ફેંકાતાં રહે છે. જે પર્યાવરણને દુર સુધી પ્રભાવીત કરે છે, ઘણી વખત ધરતીકંપથી રણપ્રદેશો રચાય છે અને વનસ્પતીનો નાશ થઈ જાય છે. તો ક્યારેક ઉલટું પણ થાય છે.

દુષ્કાળ, અતીવૃષ્ટી, ટોરનેડો, વાવાઝોડાંમાં પર્યાવરણની ધરોહર સમાન સેંકડો

વૃક્ષોનો નાશ થઈ જાય છે. જંગલોમાં લાગતી કુદરતી આગ પણ મહીનાઓ સુધી વૃક્ષોને ખતમ કરતી, પ્રદુષણ કરતી રહેતી હોય છે.

આનો મતલબ એવો હરગીઝ નથી કે આપણે પર્યાવરણની ઉપેક્ષા કરવી. કારણ કે આ જ પ્રકૃતી વરસાદ દ્વારા વનસ્પતી/વૃક્ષો વધારી પર્યાવરણ જાળવતી હોય છે. મનુષ્ય આદીમાનવ અવસ્થામાં હતો ત્યારે સમગ્ર પૃથ્વી પર 90%થી 95% ભુમી વૃક્ષોથી છવાયેલી રહેતી હતી. એ વખતે પણ કુદરતી પ્રક્રીયાથી નાશ થતો અને ભરપાઈ પણ થતો રહેતો હતો. પણ આજે 2000નાં વર્ષમાં વીશ્વમાં 30% જંગલો નથી.

## (4) વીજ્ઞાનના વીકાસથી પ્રદુષણ

છેલ્લાં 100 વર્ષોમાં વીજ્ઞાનનો ઝડપથી વીકાસ થતા ઔદ્યોગીકરણ થયું અને તેને પરીણામે જળ-જમીન-વાયુનું પ્રદુષણ થઈ રહ્યું છે. આ પ્રદુષણ પણ વીજ્ઞાને જ બતાવ્યું છે. અને તેને દુર કરવાનો પ્રયત્ન પણ તે જ કરી રહ્યું છે. અનેક વૈજ્ઞાનીકો પ્રદુષણને નાથવા આકાશ-પાતાળ એક કરી રહ્યા છે. અને એક દીવસ વીજ્ઞાન જ પ્રદુષણનું મારણ શોધશે. પણ સમગ્ર માનવજાતે તેમાં સહકાર આપવો પડશે. વીજ્ઞાનની સગવડનો લાભ પણ બધાએ ઉઠાવ્યો જ છેને !

આજે પ્રદુષણ ઘટાડવામાં વીજ્ઞાન ઘણું સફળ પણ થયું છે. જેમકે ઉચ્ચ ટેકનોલોજીથી વાહનો ઓછાં ઈંધણ અને ઓછા ધુમાડાથી વધારે એવરેજ આપે છે. બહેતર-ટકાઉ સાધનો અને હાઈટેક કોમ્પ્યુટરથી કાગળ-પ્લાસ્ટીકનો વપરાશ ઘટાડી શકાશે. આધુનીક સંદેશા-વ્યવહારનાં સાધનો (ટેલીફોન, ફેક્ષ, ઈન્ટરનેટ, ફોનબેંકીગ) દ્વારા પ્રવાસ / પ્રદુષણ ઘટાડી શકાશે. સીમેન્ટથી ઉંચા મકાનો શક્ય બન્યાં જે લાકડાં વગર ઓછી જગ્યામાં વધુ લોકોને સમાવી શકે છે. વહાણો માટે મોટાં લાકડાં વપરાતાં જે જંગલો સાફ કરી નાખતાં ત્યાં હવે લોખંડની સ્ટીમર ચાલે છે... વનસ્પતી શાસ્ત્રનાં સંશોધનથી વૃક્ષો વધારવાનાં બહેતર પ્રયત્નો થાય છે. પહેલાં જ્યાં માત્ર લાકડાં જ વપરાતાં ત્યાં લોખંડ, સીમેન્ટ, સ્ટીલ, પ્લાસ્ટીક, અન્ય ધાતુઓ, સર્જી વીજ્ઞાને જ વૃક્ષોનો નાશ અટકાવ્યો. બીજી બાજુ ગેસ, કેરોસીન, સોલાર કુકર, હીટર દ્વારા દરરોજનાં બળતાં લાકડાંને અટકાવ્યાં. તેને કારણે કરોડો વૃક્ષો બચી ગયાં જે પર્યાવરણ બચાવે છે.

વીજ્ઞાનને ધીક્કારનારા સંકુચીત લોકોએ એટલું જરુર સમજવું જોઈએ કે વીજ્ઞાનને પ્રદુષણ ઉત્પન્ન કરવાનો શોખ નથી. માનવજાતનાં સુખ-સાધનોની તે આડપેદાશ છે. તેઓ તો પ્રદુષણ રહીત સાધનોના પક્ષમાં છે. વીજ્ઞાન વીરોધીઓ સાચા નીષ્ઠાવાન હોય તો એકપણ વૈજ્ઞાનીક વસ્તુનો ઉપયોગ ન કરે. અને તેનો પ્રચાર પણ પોતાના ઘર/કુટુમ્બથી શરુ કરે...હા... તેઓ મંત્ર-તંત્ર દ્વારા વાહનો-વીમાનો ચલાવી આપે



તો પ્રદુષણ આપોઆપ અટકે. તેઓ ધાર્મીક ચમત્કાર દ્વારા અનાજ ઉત્પન્ન કરાવે તો પ્રદુષણનું નામનીશાન ન રહે. આટલી 6 અબજની વીશ્વની વસ્તી વીજ્ઞાનના કારણે જ જીવી શકી છે. બાકી વૈજ્ઞાનીક સાધનના ઉપયોગ વગર 1 અબજ (20%) પ્રજા માટે અનાજ પેદા ના કરી શકાય. બધું ધર્મ/ચમત્કારથી ઉત્પન્ન કરી શકાતું હોય તો વીજ્ઞાનની કોને જરુર છે ?! હકીકત એ છે કે આજ સુધી દુનીયામાં કોઈ જગ્યાએ કોઈ ધર્મ દ્વારા (મંત્ર, ચમત્કાર, યોગ, આધ્યાત્મ) એક ગુણી અનાજ પણ ઉત્પન્ન કરી શકાયું નથી કે નથી પેટ્રોલ-ડીઝલ વગર વાહન ચલાવી આપ્યું ! વાતોનાં જ વડાં કર્યાં છે.

જે લોકો પ્રદુષણના નામે વીજ્ઞાનનો વીરોધ કરે છે તે સૌથી મોટા સમાજદ્રોહી છે. વીજ્ઞાનનો વીરોધ એટલે પ્રગતીનો વીરોધ, ઉદ્યોગોનો વીરોધ એટલે રોજગારીનો વીરોધ, ઉત્પાદનનો વીરોધ. રાષ્ટ્રનો વીરોધ, ટેકનોલોજીનો વીરોધ એટલે દેશને પછાત બનાવવાનું કાવતરું. માનો કે અહીં કારખાનાંઓ બંધ કરી દેવામાં આવે તો અહીં બેકારી થશે. તેથી ચોરી-ગુંડાગર્દી (અધર્મ) વધશે. બીજા દેશની વસ્તુઓ દાણચોરીથી આવશે. આપણું ધન વીદેશ ચાલ્યું જશે. દેશ કંગાળ થતો જશે. ત્યાંનાં કારખાનાંઓનું પ્રદુષણ તો અંતે આખી દુનીયાએ વેઠવાનું છે. વળી આપણે કારખાનાં બંધ કરવાથી બીજા બંધ કરશે તેની કોઈ ગેરંટી નથી. ઉદ્યોગ નીર્મીત વસ્તુઓ (દવાઓ, કાપડ, વાહન, વીજળી) વગર કોઈને ચાલવાનું નથી. માત્ર આપણા દેશમાં એકલા ખેતી ક્ષેત્રમાંથી સંપૂર્ણ વીજ્ઞાન ખસેડી લેવામાં આવે તો અડધી વસ્તી ભુખે મરે.

માત્ર પ્રદુષણને કારણે જ વીજ્ઞાનનો વીરોધ કરવો વાજબી નથી. પણ શક્ય એટલું દરેક ક્ષેત્રમાંથી પ્રદુષણ અટકાવવાનો પ્રયત્ન કરવો મહત્ત્વનું છે. દુનીયામાં આપણે ઉદ્યોગીકરણમાં પાછળ છીએ. કેટલાક પાગલ લોકો કાલે કહેશે કે દેશના સંરક્ષણમાંથી ટેંકો, મીસાઈલો, વીમાનો, રડારો દુર કરવાં જોઈએ કારણ કે તેનાથી પ્રદુષણ થાય !! માટે તીરકામઠાથી લડો. આપણા પૂર્વજોની જેમ. કોઈ પણ કામની શરુઆત આપણાથી કરો વગેરે વગેરે. બીજા દેશોમાં આપણા જેવા આદર્શવાદી (ગાંડા) લોકો નથી. તેઓ તુરત ચઢી આવશે. અને દેશને ધમરોળી નાખશે. ગુલામ બનાવી દેશે. પછી કરજો ફરી આઝાદીનું આંદોલન !! ત્યારે અંગ્રેજો નહી હોય કે જે અહીંસાથી જશે. દેશનું સંરક્ષણ વીકાસ, ઉદ્યોગો સમૃદ્ધી વગર થઈ ન શકે. અણુશસ્ત્રો હોય કે ઉદ્યોગો બધાની સાથે ચાલવું જોઈએ. આપણે બંધ કરવાથી બીજા બંધ કરશે તેની ખાતરી શી ? જેણે પહેલાં શરુઆત કરી હોય તે બંધ કરે.

## (5) વસ્તી વીસ્ફોટથી પ્રદુષણ :

પ્રદુષણને કારણે વીજ્ઞાન/ઉદ્યોગીકરણને ભાંડનારા એ જાણતા નથી કે પ્રદુષણનું સૌથી મોટું કારણ વસ્તીવધારો જ છે. દુનીયામાં મનુષ્ય સીવાય કોઈ પશુ-પક્ષી પ્રદુષણ કરતું નથી. કારણ કે તેઓને ખોરાક રાંધવાની જરુર પડતી નથી, વાહન કે વસ્તુઓ વાપરવાની જરુર પડતી નથી. તેથી મનુષ્ય વધે તેમ પ્રદુષણ વધે. સામાન્ય રીતે એક વ્યક્તીને 60 વર્ષ સુધીમાં આશરે 8થી 10 ટન લાકડાં માત્ર ખોરાક રાંધવામાં જ જોઈએ. જે અંદાજે 2થી 4 વૃક્ષ જેટલું લાકડું થાય.

ભારત દુનીયામાં વીસ્તારની દૃષ્ટીએ 7મા નંબરનો મોટો દેશ છે. પણ પ્રદુષણમાં 4થા ક્રમે છે, કારણ કે આપણે વસ્તીમાં બીજા ક્રમે છીએ. ચીનની વસ્તી આપણાથી થોડી વધારે પણ તેનો વીસ્તાર ભારતથી ત્રણ ગણો મોટો છે. વીશ્વ વ્યાપારમાં આપણો હીસ્સો 1% છે. વીશ્વના 500 મોટા ઉદ્યોગોમાં ભારતના માત્ર 5 છે. ઉદ્યોગો-ઉત્પાદનમાં પાછળ હોવા છતાં પ્રદુષણ વસ્તીને કારણે વધારે છે. લોકો વાહન, વીજળી, વસ્તુઓ વાપરે એટલે પ્રદુષણ તો થવાનું જ. કારખાનાં ધમધમે છે. કારણ કે બધાને સગવડ / વસ્તુઓ જોઈએ છે. આમ ઓછા લોકો હોય તો પ્રદુષણ ઓછું થાય તે સ્વાભાવીક છે. છતા પર્યાવરણવાદીઓ આ બાબતે ચુપ છે.

માત્ર અમદાવાદની વસ્તી છેલ્લા 100 વર્ષમાં 1 લાખમાંથી 60 લાખ થઈ ગઈ. વીસ્તાર 50 ગણો થઈ ગયો. તેમાં 75 ગામડાંઓ સમાઈ ગયાં. તેની વચ્ચે 300-400 ચો.કી.મી ફળદ્રુપ જમીનમાં જ્યાં અનાજ ઉત્પન્ન થતું હતું ત્યાં સોસાયટીઓ/બહુમાળી મકાનો થઈ ગયાં છે. વધુ વસ્તીથી ગરીબી, ગંદકી, ઝુંપડપટ્ટી, કચરો, મળ-મુત્ર, રોગીષ્ટ લોકો, દુર્ગંધ, કુપોષણ, ટ્રાફીક, કોહવાટ, રોગાણુ, જીવાણુ, વગેરે બધું જ વધે. વસ્તી માટે રાસાયણીક ખાતરો, જંતુનાશક દવાઓથી વધુ અનાજ ઉત્પન્ન કરવું પડે, વધુ રહેઠાણો માટે સીમેન્ટ, લોખંડ, પ્લાસ્ટીકનાં વધુ કારખાનાં ચલાવવાં પડે, વધુ લાકડાં માટે વધુ વૃક્ષો કાપવાં પડે. વધુ વીજળી માટે વધુ વીજમથકો ચલાવવાં પડે. અનાજ અને વસ્તીને હેરવવા ફેરવવા વધુ વાહનો ચલાવવાં પડે. આમ વધુ વસ્તી = વધુ પ્રદુષણ. અરે ! વસ્તી વધતાં અગ્નીદાહનું પ્રમાણ પણ ત્રણથી પાંચ ગણું વધી ગયું છે.

ભારત અને દુનીયાની વસ્તી વૃદ્ધી પર એક નજર (અંદાજીત આંકડામાં) :

2500 વર્ષ પહેલાં (બુદ્ધ-મહાવીરના સમયમાં) બૃહદ ભારતખંડની વસ્તી 2 કરોડ, પૃથ્વીની 10 કરોડ

2000 વર્ષ પહેલાં (ઈસુ ખ્રીસ્તના જન્મ સમયે) બૃહદ ભારતખંડની વસ્તી 3 કરોડ, પૃથ્વીની 15 કરોડ



1000 વર્ષ પહેલાં (ઈ.સ. 1000માં મોગલરાજ) બૃહદ ભારતખંડની વસ્તી 5 કરોડ, પૃથ્વીની 35 કરોડ

500 વર્ષ પહેલાં (ઈ.સ. 1500માં મોગલરાજ) બૃહદ ભારતખંડની વસ્તી 8 કરોડ, પૃથ્વીની 45 કરોડ

100 વર્ષ પહેલાં (ઈ.સ. 1900માં અંગ્રેજરાજ) બૃહદ ભારતખંડની વસ્તી 28 કરોડ, પૃથ્વીની 170 કરોડ

50 વર્ષ પહેલાં (ઈ.સ. 1950માં આઝાદી વખતે) માત્ર ભારતની વસ્તી 35 કરોડ પૃથ્વીની 300 કરોડ

2 વર્ષ પહેલાં (ઈ.સ. 2000માં આજે) બૃહદ ભારતખંડની વસ્તી 100 કરોડ પૃથ્વીની 600 કરોડ

(કુદરતના નીયમ કરતાં વસ્તી 50થી 60 ગણી વધારે વધી છે)

ઉપરના આંકડા જોતાં જણાશે કે વસ્તી સતત વધી છે અને છેલ્લાં વર્ષોમાં એશીયામાં પ્રચંડ વસ્તીવધારો નોંધાયો છે. પૃથ્વી પર જ્યાં ધર્મ વધારે છે ત્યાં ગરીબી અને વસ્તી ખુબ વધી છે, જ્યાં વીજ્ઞાને પ્રગતી કરી છે અને ધર્મનો પ્રભાવ ઓછો છે; ત્યાં વસ્તી સ્થીર અથવા ઘટી છે. જ્યારે પર્યાવરણ સુધર્યું છે. અને સમૃદ્ધી અઢળક વધી છે. કેનેડા, ઓસ્ટ્રેલીયા, ગ્રીનલેન્ડની વસ્તી ગીચતા 1થી 5, યુરોપ-અમેરીકા, રશીયામાં 20થી 30 અને ભારત, પાકીસ્તાન, બાંગ્લાદેશ વગેરે દેશોમાં 300 માણસ પ્રતી ચો. કીમી છે. જ્યાં વસ્તી વધી છે ત્યાં માનવીય સમસ્યાઓ/હાડમારી/પ્રદુષણ વધ્યાં છે અને વનસ્પતી અને પ્રાણીઓનું નીકંદન નીકળી રહ્યું છે. કેટલીય જાતનાં પશુ-પક્ષી-વનસ્પતીની જાતો નામશેષ થઈ ગઈ છે. તો કેટલીક થવાની તૈયારીમાં છે. ક્યાંક વૃક્ષોનો નાશ થવાથી જમીન રણ જેવી બની રહી છે. તો ક્યાંક વધુ વસ્તી વધુ અનાજ માટે પેટાળનાં પાણી ઉલેચવાથી સમુદ્રનું ખારું પાણી ખેંચાઈને જમીન ક્ષારીય બની ગઈ છે. છેલ્લે માણસનો પણ વારો આવશે.

કુદરતનાં પ્રમાણ માપ કરતાં એશીયામાં તો વસ્તી 100 ગણી વધારે છે. આથી જળ-જમીન અને હવા અકુદરતી બની રહ્યાં છે. જેટલી માનવવસ્તી વધારે તેટલો કુદરત પર બોજો વધારે, અને એટલું પ્રકૃતીનું વધુ શોષણ. દુધ માટે ગાય/ભેંસનું શોષણ, અનાજ માટે ધરતીનું, માંસાહાર માટે માછલી/પ્રાણીઓનું શોષણ. પૃથ્વી પર પાપનો ભાર વધતો નથી, વસ્તીનો ભાર વધે છે. માટે મંત્ર અપનાવો કે 'ઓછા (લોકો) જીવો પણ સુખેથી જીવો અને અન્યને જીવવા દો' વધુ લોકો દારુણ ગરીબીમાં દુખથી રીબાઈ રીબાઈને જીવે તેમાં મજા શી ? ધર્મગુરુઓ તો પોતાનાં ધર્મના અનુયાયીની સંખ્યા વધારવા પ્રોત્સાહન આપે પણ રોટી-કપડાં-મકાન આપશે નહીં. ધર્મ માટે કુદરત (ઈશ્વર)

સામે પડવાનું ? પ્રકૃતીની પણ એક હદ હોય છે. કુદરત ક્યારેય માફ કરતી નથી. પછી તો આખરે માનવજાતે જ સહન કરવાનું.

### (6) ધાર્મીકતા અને પરંપરાથી પ્રદુષણ

પોતાની પ્રાચીન અને ધાર્મીક માન્યતાઓ વીજ્ઞાન સામે ટકી ન શકવાને કારણે વીજ્ઞાનની ખામીઓ શોધવાનો પ્રયત્ન થતો હોય છે. તેમાં પ્રદુષણ સીવાય કાંઈ મળે નહીં. તેથી તેને વધારીને પણ કહેવામાં આવે છે. જો તેમનામાં થોડીક પણ તટસ્થતા હોત તો ધર્મ/પરંપરામાં પણ પ્રદુષણ જોઈ શકત. હોમ-હવન, યજ્ઞો, હોળી અને અગ્નીસંસ્કારમાં પારાવાર પ્રદુષણ થાય છે. એટલું જ નહીં પણ તેમાં કીમતી ખાદ્ય પદાર્થોનો નાશ પણ કરવામાં આવે છે. અને મળતું કાંઈ નથી. અને એથી વધુ નુકસાન તો માનસીક રીતે થાય છે. પાયાની સમસ્યાઓ દુર કરવા દરેક ક્ષેત્રમાં ખોટા ઉપાયો કરીએ. જ્યાં સુધી આવી અંધશ્રદ્ધા પોષાયે રખાતી હોય તે પ્રજા કોઈ ઉપયોગી શોધ કરી શકે નહીં. રાષ્ટ્રનો વીચાર કરી શકે નહીં. આપણે શ્રેષ્ઠતા માટે ગૌરવ લેવા મથીએ છીએ પણ બીજી બાજુ દેશને પરંપરાઓ/અંધશ્રદ્ધાથી પછાત બનાવી રહ્યા છીએ. બાવળ વાવીને કેરી મેળવવા જેવી વાત છે. માથાદીઠ આવક, આરોગ્ય અને આચારવીચારની દષ્ટીએ આપણો દેશ 130થી 140મા નંબરે રહે છે. પહેલા નંબરે હોઈએ તેવી સ્વપ્રશંસા કરીએ તેથી હાસ્યાસ્પદ જ ઠરીએ.

નક્કર પગલાં વગર કોઈ દેશ આગળ વધી જ ના શકે - સલામતી અત્યારે વૈજ્ઞાનીક અભીગમ ધરાવતા દેશો જ સુખી અને સમૃદ્ધ છે. અને શાંતી પણ તે જ ભોગવી રહ્યા છે. કાલના રોટલાની ચીંતા હોય તેને શાંતી કેવી ? ભુખમરો, કુપોષણ, બાળમજુરી, ગરીબી, અજ્ઞાનતા, અપંગતા, અંધત્વ, ગંદકી, અન્યાય, ભ્રષ્ટાચાર, કુટુંબ ક્લેશમાં આપણે આગળ છીએ. ત્યારે આધ્યાત્મ ગુણગાન ગાવાનો મતલબ શો ? જે દેશોમાં ધર્મનો અતીરેક છે ત્યાં વસ્તી વધારો છે. તે પ્રદુષણ અને અનેક સમસ્યાનું મુળ છે. પગમાં પડેલી ગરીબી-ભુખમરો જોતા નથી તેના છપ્પન ભોગ ઈશ્વર સ્વીકારે ખરો ? શું યજ્ઞ, હોમહવન કરવાથી જ ઈશ્વર રાજી થાય ? તેનું પ્રમાણ શું ? નારાજ થયાનાં ઘણાં પ્રમાણો મળે છે. (ઉપર મુજબ)

હવે ઘણા લોકો જાણવા માંડ્યા છે કે ધર્મ એક ધંધો છે. લોકોને પછાત બનાવી રાખવા અને પછી તેને માનસીક રીતે ભ્રમીત કરીને પૈસા પડાવ્યે રાખવા. તેથી અનુયાયીઓનાં ઘર સામાન્ય હોય છે અને મંદીર/આશ્રમ ભવ્ય મહેલો જેવાં. શું ઈશ્વરને આવી શોષણખોર ભૌતીકતા પસંદ છે ? મહેનત કરનાર લોકોને સાદાઈ અને સાધુઓને ભોગવીલાસ મફતમાં ! એક ધર્મગુરુએ એટલે જ ખાનગીમાં કહ્યું કે દુનીયા ઝુકતી



હૈ મગર ઝુકાને વાલા ચાહીએ. જો આ દેશમાં યોગીઓ, ચમત્કારીઓ, ધર્મધુરંધરો, બ્રહ્મસ્વરુપો, ભગવાનો, અવતારો સાચા હોત તો ગુલામી ના આવી હોત, ત્રાસવાદ ના હોત. અડધો પ્રદેશ ગુમાવવો ના પડ્યો હોત. લોકો રામ-કૃષ્ણને એટલા માટે ભગવાન માને છે કે તેમણે રાક્ષસો (તે વખતનાં લોકોને રંજાડતા ત્રાસવાદીઓ)નો નાશ કર્યો હતો. અત્યારના પોતાને કહેવડાવતા ભગવાનો શું કશ્મીર જશે ? લોકોનું રક્ષણ કરવાનું તો એક બાજુ રહ્યું પણ તન-મન-ધનથી શોષણ કરી રહ્યા છે.

આપણા દેશના પર્યાવરણવાદીઓ પણ નર્મદાબંધ, ઉદ્યોગો (વીજ્ઞાન)નો પ્રદુષણના નામે વીરોધ કરે છે પણ કદી યજ્ઞ/અગ્નીસંસ્કાર સામે વીરોધ-ઉપવાસ કર્યા છે ? વીજ્ઞાનના નીયમ પ્રમાણે કોઈ પણ વસ્તુનું દહન થાય ત્યારે પ્રદુષણ થાય જ. પછી તે ધાર્મીક યજ્ઞ હોય કે ભૌતીક પ્રક્રીયા. ગણપતી વીસર્જનથી નદી, તળાવ પ્રદુષીત થઈ રહ્યાં છે, ત્યારે સાચા પર્યાવરણવાદીએ વીરોધ કરવો જ જોઈએ. વસ્તીવધારાનો પણ વીરોધ કરવો જોઈએ. પણ નથી થતો તે હકીકત છે. હકીકત એ છે કે એ દંભીઓ વૈજ્ઞાનીક વસ્તુઓ વાપરતા જાય અને વીજ્ઞાનનો વીરોધ કરતા જાય. પ્રજા અજ્ઞાન છે એટલે તીરસ્કારને લાયક તેઓ પુજાતા જાય છે.

ધાર્મીક ઉત્સવોમાં સુશોભન માટે ફુલહાર, પાંદડાનાં તોરણ, કેળસ્થંભ વગેરે માટે અનેક વૃક્ષોને સોળી નાખવામાં આવે છે. ગીરનાર પરીક્રમા હોય કે ધાર્મીક યાત્રા, મહોત્સવો હોય કે પ્રાગટ્યોત્સવ. પણ તે અર્થ વગરનું પ્રદુષણ કોઈને ખુંચતું નથી. તે અટકાવીએ તો સમય, શક્તી અને સંપત્તી પણ બચે.

### (7) પ્રદુષણથી માનવજાતને ખતરો

પ્રદુષણ એ ભાવી વીશ્વ માટે સૌથી મોટો ખતરો છે. પ્રદુષણનો આ વધારો ચાલુ રહે તો પૃથ્વી પણ બીજા ગ્રહોની જેમ એક નીર્જન ગ્રહ બની શકે છે. જોકે તે પહેલાં દુનીયાની સમગ્ર જીવસૃષ્ટીને અતી વીષમ હવામાનનો સામનો કરવો પડે. અર્થાત્ કહો કે ભાવી પેઢીને/સજીવોને રીબાઈ રીબાઈને મરવાનો વારો આવે.

હવામાં કાર્બન ડાયોક્સાઈડ તથા અન્ય ઝેરી વાયુઓ વધતા રહે છે. તે પૃથ્વીના ફરતે રહેલા વાતાવરણનાં ઓઝોન (18થી 35 કીમીનું લેયર) પડને નુકસાન કરી રહ્યા છે. જો તેમાં વધુ ગાબડાં પડે તો સુર્યનાં અલ્ટ્રાવાયોલેટ (પારજાંબલી) કીરણો સમગ્ર જીવસૃષ્ટીનો નાશ કરી શકે છે. હવામાં હદથી વધુ કાર્બન ડાયોકસાઈડ વધે તો વાતાવરણ અતી ગરમ થઈ જાય અને તેને કારણે બન્ને ધ્રુવોના બરફ પીગળે તો હીમપ્રપાત થઈ શકે અને દુનીયાની ત્રીજા ભાગની જમીન પર સમુદ્રનાં પાણી ફરી વળે જેની કરોડો લોકોને અસર થાય.

પર્યાવરણ ધીમે ધીમે બગડે છે એટલે આપણને ખ્યાલ આવતો નથી. તેવી જ રીતે તેને ઝડપથી સુધારી પણ શકાતું નથી. તેથી આજથી જ જાગૃતી કેળવીને પર્યાવરણ/વૃક્ષો બચાવવાં જરુરી છે. રોગ જેમ અમુક હદ પછી કાબુમાં કરી શકાતો નથી તેમ છેલ્લી ઘડીએ પર્યાવરણ પણ સુધારી શકાતું નથી. વૃક્ષોને ઉગતાં-ઉછરતાં અને પ્રદુષણ શોષતાં સમય લાગે છે.

પ્રદુષણની બીજી પણ ઘણી આડ અસરો છે. ગરમ હવામાન, પાણીની તંગી, મચ્છરોનો ત્રાસ, અનેક પ્રકારનાં રોગોમાં થતો વધારો, આયુષ્ય-આરોગ્યમાં ખામી, માનસીક તાણમાં થતો વધારો, વગેરે જેવી અનેક સમસ્યાઓ સર્જાઈ શકે છે. અને સર્જાઈ રહી છે. પોતાના અસ્તીત્વનો વીચાર ન કરી શકે તે માનવજાતને, વીશ્વના સૌથી બુદ્ધીશાળી પ્રાણી કહેવાનો શું કોઈ અધીકાર છે ?

## (8) ઉર્જાનું વૈશ્વીક સંકટ

સમગ્ર વીશ્વ આજે ઉર્જાસંકટથી ઘેરાઈ ગયું છે. પેટ્રોલીયમનો વીકલ્પ શોધી શકાયો નથી. દુનીયાના દેશો નવાં ઈંધણ અને ઉર્જા શોધવા ઘનીષ્ટ પ્રયત્નો કરી રહ્યા છે. આજે પુરા વીશ્વમાં પેટ્રોલીયમ જ ઉર્જાનું મુખ્ય સ્રોત છે. જે આવતાં 25-30 વર્ષોમાં ખલાસ થઈ જવાનું છે. આપણે જાણીએ છીએ કે પેટ્રોલ-ડીઝલનો વરસાદ થતો નથી. તેનો જમીનમાં નિશ્ચિત અનામત જથ્થો જ છે. તેથી ત્યાં સુધીમાં વીજ્ઞાનને તેનો વીકલ્પ નહીં મળે તો ફક્ત લાકડાં જ એક માત્ર ઉર્જાસ્રોત હશે. જો અત્યારથી વૃક્ષો નહીં વાવીએ કે બચાવીએ તો ત્યારે ખોરાક રાંધવા પણ લાકડાં મળશે કે કેમ તે મોટો પ્રશ્ન છે. કેમકે વૃક્ષોને ઉગતાં વર્ષો લાગે છે. સાયન્સના આ ઝડપી જમાનામાં તરસ લાગે ત્યારે કુવો તો ખોદી શકાય પણ વૃક્ષો તરત નહીં ઉગાડી શકાય. 100 માણસોની રસોઈ માટે દરરોજ 25થી 30 કી. લાકડાં જોઈએ. જે દેશોમાં વસ્તી વધુ અને વૃક્ષો ઓછાં હશે તેની સમસ્યા ખરેખર ભયંકર હશે.

આ કારણે ઘણા દેશો ઉર્જા બચાવવા ઘનીષ્ટ ઝુંબેશ ચલાવી રહ્યા છે. જ્યારે આપણે ઉર્જા બગાડની હરીફાઈ કરતા હોય તેમ વ્યર્થમાં લાકડાં-વીજળી બાળી રહ્યા છીએ. પવન ચક્કી, સુર્યશક્તી અને સમુદ્રનાં મોજાં-ભરતીઓટમાંથી મેળવાતી કુલ ઉર્જા માત્ર 2% છે. 98% ઉર્જા પેટ્રોલીયમ-ગેસ-કોલસામાંથી મેળવાય છે. સોલાર ઉર્જા રાત્રે કાંઈ કામ આપતી નથી. ભરતી-ઓટની ઉર્જા પણ સીમીત છે. પવનઉર્જા પણ સતત નથી. આ વ્યવહારુ ન હોવા છતાં તેના માટે ખુબ પ્રયત્નો થઈ રહ્યા છે. તેજ બતાવે છે કે ભાવી બળતણની કટોકટી ખુબ આકરી હશે.

હાલનાં ઉર્જા સ્રોતને વધુ સમય ચલાવવા ઉર્જાની કરકસર કરવી જોઈએ.



બીનજરુરી વીજળી, લાકડાં, પેટ્રોલીયમ વેડફવાં નહીં. એક કહેવત છે : સો સર અને એક કરકસર. બગાડ અટકાવો તે ઉત્પાદન બરાબર જ છે. ગળતી ટાંકીમાં પાણી ભર્યે રાખવાથી પાણી બચતું નથી. તેથી ઉર્જાના 'ઉપયોગમાં લોભ, બગાડમાં થોભ' કરવો જરુરી છે.

આજે દુનીયામાં કચરાનો પણ સદુપયોગ થવા માંડ્યો છે. પ્લાસ્ટીક, કાગળ, ધાતુઓ જુદી પાડી રીસાયક્લીંગથી ફરી ઉપયોગમાં લેવાઈ રહ્યાં છે. અને કચરામાંથી ગેસ-બળતણ, ખાતર, વીજળી અને પ્રાણીઓનાં ખોરાક બનાવવાની પ્રક્રીયાઓ શોધાઈ રહી છે. આપણા દેશમાં પણ આવી યોજનાઓ થઈ રહી છે; જ્યારે બીજી બાજુ અગ્ની-સંસ્કાર, યજ્ઞ, હોળી-હોમ હવન, દીવાઓમાં મુલ્યવાન દ્રવ્ય નીરર્થક બાળી બેસ્ટમાંથી વેસ્ટની સંસ્કૃતી ઉજાગર કરીએ છીએ. જેના માટે હવે ફેરવીચારણા કરવી જોઈએ.

## (9) લાકડાંના વૈજ્ઞાનીક વીકલ્પો ના હોત તો ?

ઘણા પ્રાચીન સમયમાં મનુષ્યનાં જીવન ઉપયોગી સાધનો લાકડાનાં જ હતાં. ધાતુઓની શોધ તો પાછળથી થઈ. તેમ છતાં અને અત્યારે પણ લાકડાંના ઉપયોગો ઘટ્યા નથી. એક લોકગીતમાં જન્મથી (ઘોડીયા) મરણ (અગ્નીદાહ) સુધી લાકડાની કેટલી જરુરત પડે છે તે સરસ રીતે દર્શાવ્યું છે. ટુંકમાં, ખેતીનાં ઓજારો, ગાડાંઓ, હોડીઓ, વહાણો, પુલ બધે જ લાકડાં વપરાતાં હતાં. જુના વખતનાં મકાનો જોશો તો જણાશે કે બારી, બારણાં, છતમાં પીઢીયા, સીડી, બાલ્કની, ખુરશી, ટેબલ, કબાટ, કોઠી, ખાટલા વગેરે લાકડાનાં જ બનેલાં હોય છે.

વીજ્ઞાનના વીકાસથી લોખંડ, સીમેન્ટ અને પ્લાસ્ટીકનો વપરાશ વધતાં લાકડાંનો ઘણો બચાવ થઈ શક્યો છે. જે વીજ્ઞાનથી પ્રદુષણ વધ્યું તે વીજ્ઞાને લાકડાના વીકલ્પો શોધી વૃક્ષોનો ઘણો બચાવ કર્યો છે. આ વીકલ્પો ન શોધાયા હોત તો આટલાં વૃક્ષો પણ ન બચ્યાં હોત ! આટલી વસ્તીને સંભાળવા. આજે સીમેન્ટ કોન્ક્રીટનાં મકાનમાં લોખંડ, એલ્યુમીનીયમ, પ્લાસ્ટીકની મદદથી એક પણ લાકડાના ટુકડા વગર બધી સગવડો મળી શકે છે. સ્ટીમરો, પુલો, વાહનોમાં ધાતુ અને સીમેન્ટ વધારે વપરાય છે. હવે ટોટલ વપરાશમાં 10% લાકડાં વપરાતાં નથી. બીજી બાજુ રંગ, વાર્નિસ, અસ્તર, સનમાઈકા, બેલતેલ દ્વારા લાકડાનું આયુષ્ય ઘણું વધારી શકાયું છે. જેથી તેની માંગમાં ઘટાડો થઈ શક્યો છે. સરવાળે વૃક્ષો બચે છે.

અગ્નીસંસ્કાર માટે લોખંડની ફ્રેમ (સ્ટેન્ડ સગડી જેવી રચના) દ્વારા 40થી 50% લાકડાનો બચાવ કરી શકાય છે. જે શહેરોમાં પ્રચલીત છે. બાકી આજે પણ 70થી 80% અગ્નીસંસ્કાર જુની પરંપરા પ્રમાણે જમીન પર લાકડાં ગોઠવીને કરાય છે (જે

ક્યારેક ફીલ્મોમાં જોવા મળે છે.) કમસે કમ આ વૈજ્ઞાનીક વીકલ્પ અપનાવાય તો પણ 40 થી 50% વૃક્ષો બચી શકે.

પહેલા બળતણ માટે માત્ર લાકડાં જ વપરાતાં. હવે ગેસ, કેરોસીન, કોલસાથી રસોઈ થાય છે. આ રીતે પણ વીજ્ઞાને લાકડાંનો અલબત્ત, વૃક્ષોનો નાશ અટકાવી પર્યાવરણ બચાવ્યું છે. જો કે તેનાથી ગૃહીણીની સગવડતા વધી તે જુદી.

આવી રીતે ધર્મ પણ તેની પરંપરા (અગ્નીસંસ્કાર, હોળી, યજ્ઞ....) અટકાવીને અથવા પરીવર્તન કરીને વ્યર્થમાં નાશ થતાં વૃક્ષોને બચાવે તો રાષ્ટ્ર અને સમાજની ઘણી મોટી સેવા થશે. પ્રકૃતીને હાનીકારક, પરંપરા જાળવવાથી ઈશ્વર પ્રસન્ન થતો નથી. કારણ કે પ્રકૃતી એ ઈશ્વરનું વરદાન છે. જો ઈશ્વરમાં માનતા હો તો એટલું જાણો કે કુદરતને નુકસાન કરનાર કોઈ પણ ધાર્મીક કર્મકાંડ કે પરંપરા એ ઈશ્વર સામેનો અક્ષમ્ય અપરાધ છે.

## (10) અગ્નીદાહથી જલપ્રદુષણ

નદીને લોકમાતા કહેવાય છે. પ્રાચીન સભ્યતા મોટી નદીઓના કાંઠે જ વીકસી હતી. આજનાં મોટાં શહેરો પણ નદીને કાંઠે જ વીકસ્યાં છે. કારણ કે નદી મનુષ્યની ઘણી જરુરીયાતો પુરી પાડે છે. આજે આ નદીઓ ધાર્મીક/ઔદ્યોગીક રીતે દુષીત થઈ રહી છે.

ધાર્મીક મહત્ત્વ ધરાવતી ગંગા-જમના જેવી પવીત્ર નદીના તીર્થકાંઠા પર પવીત્ર અગ્નીદાહ આપવા દેશભરમાંથી લોકો આવે છે. માત્ર ધાર્મીક માન્યતાના આધારે શબને કાંઠા પર બાળી તેની રાખ-અસ્થીફુલ નદીમાં વહાવી દેવામાં આવે છે. આમ કરવાથી મૃતકનો મોક્ષ થતો હશે તેનું કોઈ પ્રમાણ મળતું નથી. પણ પવીત્ર નદીને ગંદી કરવાનું પાપ અવશ્ય લાગતું હશે. નદીની ગંદકી જોવાથી, તેનું પાણી પીવા લાયક રહ્યું નથી તેનું પ્રમાણ જરુર મળે છે. કારખાનાનું પ્રદુષીત પાણી, શહેરોની ગટરનું પાણી ઉપરાંત અગ્નીદાહની રાખને કારણે માછલાં-જળચરની સંખ્યા ઘટી ગઈ છે. તેથી કુદરતી સફાઈ ન થવાથી પાણી ગંદું રહે છે. વર્ષોથી આમ રાખ જમા થવાને કારણે નદીનું તળીયું ઉંચું આવી ગયું છે. તો વળી કોઈ અર્ધબળેલ કે કોહવાઈ ગયેલ મૃતદેહ નદીમાં પધરાવી જાય છે. જેને જળચરો ખાઈ નથી શકતાં. કેન્દ્ર સરકારે ગંગાને શુદ્ધ કરવા કરોડોનો પ્રોજેક્ટ પાસ કરેલો પણ તે શુદ્ધ થયેલ નદીને ગંદી કરતાં આપણને વાર કેટલી ? ધાર્મીક રીવાજો માટે તો કાયદો પણ ના નડે !!

અધુરામાં પુરું દેશભરમાં પથરાયેલી ધાર્મીક સંસ્થાઓ મહીને-વર્ષે ગામ-શહેર વતી બધા મૃતકોનાં અસ્થીફુલ કુંભમાં લઈ જઈને ગંગામાં પધરાવી આપવાનું પુણ્ય



કાર્ય કરે છે પણ સાથે સાથે નદીને મેલી કરવાનું અપવીત્ર કાર્ય થતું જાય છે. વળી તેનાથી નદીનાં જળજીવો/માછલાં નાશ પામે તેનું પાપ કોને લાગે તે કોઈએ નક્કી કર્યું ? રાખ પડેલ જમીન પર વનસ્પતી ય નથી ઉગતી તો આ જીવો ક્યાંથી ટકે ? ઘણા શ્રીમંતો સ્વખર્ચે પોતાનાં સ્વજનોનાં ફુલ લઈને, સમય ફાળવીને, સ્પેશીઅલ ગાડી કરીને, હજાર-બે હજાર કી.મી. દુરથી આવીને અસ્થીફુલ પધરાવે, ધાર્મીક વીધીઓ કરાવે, નદીમાં ફુલહાર, પાંદડાં, દીવા પૈસા નાખીને નદીનું જલ પ્રદુષણ કરતા હોય છે.

સમગ્ર રીતે નુકસાનકારક એવી આ પદ્ધતી માટે કંજુસ પ્રજા પણ આટલો મોટો ખર્ચ કરે ત્યારે તેની માનસીકતા કેટલી નબળી હશે ? જે પ્રજા કાલ્પનીક ભયથી આટલી ડરી જાય તે વીદેશી આક્રાન્તાઓનો શું મુકાબલો કરી શકે ? આવો દેશ ગુલામ ન બને તો જ નવાઈ ! તેથી જ ભારત પર 18 પ્રકારના વીદેશીઓ ચઢી આવ્યા હતા. તેમાં મુસ્લીમોએ 1000 વર્ષ અને અંગ્રેજોએ 200 વર્ષ રાજ કર્યું. ભયંકર શોષણ અને ધર્માંતર, અત્યાચાર કર્યા પણ સુધરે એ બીજા, અમે નહીં ! જે પ્રજાને પોતાનાં હીત નેવે મુકીને પરલોક સુધારવાની લાઈ લાગી હોય તેની આવી જ દશા થાય. બ્રાહ્મણ પંડીતો ભલેને પોતાની રોકડી કરવા તુત ચલાવે, પણ આપણે ક્યાં બુદ્ધી ગીરવે મુકી છે ?

## (11) મહાપુરુષોના ખર્ચાળ અગ્નીસંસ્કાર

દીલ્હીમાં આપણા રાજકીય નેતાઓનાં અગ્નીસંસ્કાર સ્મશાનને બદલે અલગ જગ્યા પર કરવામાં આવ્યા છે અને ત્યાં કાયમી સ્મૃતી જાળવવા માટે કીંમતી આરસ/ગ્રેનાઈટ પથ્થરોથી સમાધી બાંધવામાં આવી છે. જે ખરેખર તો હીન્દુ પરંપરામાં છે જ નહીં.

પહેલા માત્ર દેશને આઝાદી અપાવનાર, મહાત્મા ગાંધીની સમાધી (રાજઘાટ) કરવામાં આવી હતી. પણ પછી રાજકીય નેતાઓએ તેમના વારસદારોને મહાન ગણાવવા સમાધીઓ કરવા માંડી. જવાહરલાલ નહેરુ (શાંતીવન), લાલબહાદુર શાસ્ત્રી (કીસાન ઘાટ) ઈન્દીરા ગાંધી, રાજીવ ગાંધી, સંજય ગાંધી, જગજીવનરામ, ચરણસીંહ, ઝૈલસીંહ.... વગેરે વગેરે. આ સમાધીઓ દીલ્હીના દરીયાગંજ વીસ્તારમાં 200થી 250 એકર જમીન રોકીને પડી છે. તેની કીંમત અંદાજે 20થી 22 હજાર કરોડ રુપીયા થવા જાય છે. તેનો જાળવણી ખર્ચ વર્ષે કરોડોમાં થાય છે તે તો જુદો ! અલબત્ત પ્રજાના ખાતે ઉધારાય છે.

જે તે નેતાની જન્મ/મૃત્યુ તીથી વખતે સમાધી સાફસુફ કરી ઉપયોગમાં લેવાય

છે. બાકી તે જગ્યા પર કચરો, પશુપક્ષીઓનાં મળ, કુતરા, ઢોર, અસામાજીક તત્ત્વોના ધંધા, ભીખારીઓના અડ્ડા જ હોય છે. વર્ષમાં માત્ર 4-5 દીવસ ફુલોનાં ઢગલા, સીક્યોરીટી ગાર્ડો, ભજનમંડળીઓ, અને છેલ્લે પત્રકારો, ટીવી કેમેરામેનો, સાથે દીગવંત નેતાની સમાધીને ફુલહાર એક ઔપચારીક કર્મકાંડ, રાષ્ટ્રનાં પ્રાણપ્રશ્નોને હડસેલીને કરવામાં આવે છે. સાચા નેતાઓનું સ્થાન જમીનમાં નહીં લોકોનાં દીલમાં હોય છે. આ બધા નેતાઓ મહાન હોય તો દેશ પાછળ કેમ છે ? અનેક સમસ્યાઓ શા માટે છે ? તેમ છતાં કોઈ નેતા કદાચ રાષ્ટ્ર માટે જે કાંઈ કરે છે તે તેની ફરજના ભાગ રુપ છે. તેઓને વળતર રુપે માન-સન્માન, ભવ્ય રહેઠાણ, પગાર-પેન્શન, પ્રવાસ તથા અન્ય ફેમીલી ખર્ચાઓ મળ્યા જ હોય છે. (જોકે તેય નથી નડતા : ભ્રષ્ટાચારથી દુર રહે અને દેશ માટે કામ કરે તો !)

## (12) વૃક્ષોનું મહત્ત્વ અનેક રીતે

આ પૃથ્વી પર પહેલાં માત્ર વનસ્પતી જ ઉત્પન્ન થઈ (સુક્ષ્મ જીવોને બાદ કરતાં) વળી વનસ્પતી તો પ્રાણીઓ વગર જીવી શકે પણ, વનસ્પતી વગર પ્રાણીઓનું અસ્તીત્વ જ ના કલ્પી શકાય. વૃક્ષો, લાકડાં અને ફળ ઉપરાંત ગુંદર, રબ્બર, કાગળ, દવાઓ, તેલીબીયા, રંગો, રસાયણો વગેરે આપે છે. એક વૃક્ષ તેના આયુષ્યનાં 100 વર્ષમાં 4થી 5 લાખ રુપીયાનો ઑક્સીજન આપે છે. અને તેટલો જ કાર્બન ડાયોક્સાઈડ શોષી આપે છે. જે કામ લાખો-કરોડોના ખર્ચે મશીનથી ન થઈ શકે તે કામ વૃક્ષો મફત કરી આપે છે. સૃષ્ટીમાં વનસ્પતી જ એક માત્ર પ્રદુષણ દુર કરનારી શક્તી છે.

‘વૃક્ષો એ એક એવા ઋષી છે
જે તાપ-ટાઢ સહન કરીને, દુનીયાનું ઝેર (પ્રદુષણ) પચાવીને,
સૌને આહાર અને પ્રાણવાયુનું અમૃત પાન કરાવે છે.’

વૃક્ષોના નાશથી હવામાન વીષમ બનતું જાય છે. હવામાં ભેજ ઘટવાથી શીયાળામાં વધુ ઠંડી અને ઉનાળામાં વધુ ગરમી પડે છે. એટલું જ નહીં પરંતુ દીવસ-રાતની ગરમીનો તફાવત પણ વધતો જાય છે. જેમકે રણપ્રદેશમાં વૃક્ષોના અભાવે જ અતી ઠંડી અને અતી ગરમી હોય છે. અને રેતાળ જમીન પણ તેથી જ હોય છે. તમે જંગલમાં ક્યાંય રેતી જોઈ છે ? ઈઝરાયલ દેશે વૃક્ષો વાવીને રણપ્રદેશને ધીમે ધીમે ફળદ્રુપ બનાવી દીધો છે.

વૃક્ષોનાં મુળ જમીનને પકડી રાખે છે. તેથી કાંપ-જમીનનું ધોવાણ અટકે છે. જો વૃક્ષો ન હોય તો નદી-ડેમ-તળાવ છીછરાં થતાં જાય. જેથી સીંચાઈને ફટકો પડે છે. દરીયાકીનારાના પ્રદેશોમાં આગળ વધતી ખારાશ અટકાવવા પણ વૃક્ષો જરુરી છે.



## વૃક્ષો ઉછેરવાનો શોખ

લોકો પ્રાણીઓ પાળવાને બદલે વૃક્ષો ઉછેરવાનો શોખ કેળવે તો ઘણો ઉપકારક બને. પક્ષીઓને પાળવાં/બાંધવાં એ તેને ગુલામ બનાવવા જેવું ગણાય. કાયદા મુજબ તો યોગ્ય નથી પણ માનવતાની દૃષ્ટીએ પણ યોગ્ય નથી. ઉપયોગી પશુઓને બાદ કરતાં બીલાડી, સસલાં, કુતરાં જેવાં પશુઓને ફક્ત શોખ ખાતર પાળવામાં આવે છે. તેને સમયસર અને યોગ્ય ખોરાક ન મળે તો રીબાય છે. તેના કરતાં વૃક્ષો/છોડ ઉછેરવાં સહેલાં, સસ્તાં અને સરળ છે.

વૈવીધ્ય સભર અનેક પ્રકારનાં રંગ-બેરંગી છોડ-ઝાડ આંગણામાં ઉછેરવાથી મન પ્રફુલ્લીત થઈ ઉઠે છે. ઘરને સ્વચ્છ-તાજું પર્યાવરણ મળે અને ઘોંઘાટથી રાહત થાય તે જુદું. શુદ્ધ હવા અને કુદરતી સુંદરતાને કારણે માનસીક તાણ હળવું થાય છે. ફળોનાં ઝાડ હોય તો બાળકોને તાજાં ફળ મળવાથી ખુશ થાય. છોડ પરના ફુલો ઘરની સુંદરતામાં પણ વધારો કરે.

ધાર્મીક કે સુશોભન કાર્યમાં દરરોજ ફુલોનો ઉપયોગ થાય તેના પક્ષમાં હું નથી.

વનસ્પતી સુર્યપ્રકાશની હાજરીમાં માત્ર દીવસે જ શ્વસન કરે છે. તેથી તેને $Co_2$ શોષીને $O_2$ આપવા માટે 50% જ સમય મળે છે. વનસ્પતી રાત્રે કોઈપણ પ્રકારનું શ્વસન કરતી નથી. પરંતુ પ્રાથમીક પુસ્તકોમાં ગેરસમજપૂર્વક લખાયેલું છે કે ‘વનસ્પતી રાત્રે પ્રાણવાયુ લઈ અંગારવાયુ ઓકે છે.’ આ વાત સંપૂર્ણ ખોટી છે. એવું હોત તો ગાઢ જંગલમાં કોઈ પ્રાણીઓ જીવી જ ન શકે, અને પક્ષીઓ તો વૃક્ષોની ઘટામાં જ સુતાં હોય છે. વૃક્ષો જો રાત્રે ઊલટી શ્વસન ક્રીયા કરે તો વૃક્ષો શા કામનાં ? દીવસનું કર્યુંકારવ્યું બધું પાણીમાં !!!

✻

# વીભાગ : ૪

## સાંસ્કૃતીક સમીક્ષા

### (1) અગ્નીસંસ્કારની ઉત્પત્તી અને ધાર્મીકતા

અગ્નીસંસ્કારની ઉત્પત્તી એટલી પ્રાચીન છે કે તે વખતનો પ્રમાણભુત ઇતીહાસ લેખીત સ્વરુપે મળવો મુશ્કેલ છે. ત્યારે ભાષા-લીપીનો બહુ વીકાસ થયો ન હતો. ત્યારે આર્યો જ્ઞાનને પદ્ય દ્વારા કંઠસ્થ કરીને 'સ્મૃતી' તરીકે જાળવતા. તેથી ઘણા ગ્રંથો સ્મૃતી તરીકે ઓળખાય છે જેમકે મનુસ્મૃતી.....વગેરે.

સંભવતઃ અગ્નીસંસ્કાર ભારતમાં આર્યો લાવ્યા હતા. આર્યો અગ્નીપુજક હતા. તેઓ (પ્રાચીન ધર્મો પારસી, યહુદીની માફક) અગ્નીને પવીત્ર માનતા હતા, તેથી તેના દ્વારા પોતાના જન્મને સાર્થક કરવા કે સ્વર્ગ/મોક્ષ પ્રાપ્ત કરવા અગ્નીદાહ અપાતા હશે. અથવા પોતાનાં પાપ પવીત્ર અગ્નીમાં બળીને ભસ્મ થઈ જાય તેવી માન્યતા પણ હોઈ શકે. બાળમૃત્યુને દફન શા માટે ? માન્યતાને આધારે એક તર્ક એવો કરી શકાય કે બાળકોને કોઈ પાપ નથી હોતું તેથી તેને બાળવાની જરુર નથી. સાધુ-સંતો-શહીદોને પણ પાપ હોતાં નથી. તેથી અગ્નીસંસ્કાર તો આપણા જેવા પાપી માણસો માટે જ છે !?

અગ્નીદાહની ઉત્પત્તી માટે કોઈક એવી દલીલ કરે છે કે ત્યારે ખુબ ગાઢ જંગલો હશે. ખુલ્લી જમીન ઓછી હશે. ખેતી તથા રહેઠાણ માટે ખુલ્લી જમીનની જરુરીયાત વધુ હશે. મનુષ્ય ખેતી તરફ વળી રહ્યો હશે ત્યારે લાકડાંની એટલી જરુરીયાત નહીં હોય. વસ્તી ઓછી અને લાકડાના ઉપયોગ નહીં જાણતા હોવાથી, અગ્નીદાહ જેવી પરંપરા દ્વારા માંગ ઉભી કરી વૃક્ષો/જંગલો ઓછાં-આછાં કરી શકાય. વળી તેનાથી



કઠીયારાઓને રોજગારી પણ મળે (ત્યારે બીજા ઉદ્યોગ-ધંધા હતા નહીં) સાથે સાથે જંગલની ભયાનકતા અને હીંસક પ્રાણીઓનો ડર પણ ઓછો થાય. આ એક તાર્કીક અનુમાન છે. જોકે પાંચેક હજાર વર્ષ પહેલાં પૃથ્વીનો 90% ભાગ વૃક્ષોથી આચ્છાદીત હતો ત્યારે બીજા દેશોમાં અગ્નીદાહ, નથી એ હકીકત છે. પુષ્કળ જંગલો હોવા છતાં બધે જ દફન પદ્ધતી જ છે.

ભારતમાં આદીવાસી, પછાત જનજાતીઓ, હરીજનો, ઠાકોર, બાવાજી (ગૌસ્વામી) જેવી અનેક સ્થાનીક (મુળ ભારતીય) જાતીઓ આજે પણ જુદા જુદા નામે દફન પદ્ધતી જ અપનાવે છે. ભારતનાં દુર-દરાજનાં ગામોમાં બ્રાહ્મણ સીવાય કોઈ અગ્નીદાહ અપનાવતું નથી. સામાન્ય કથાકારથી માંડીને મોટા સાહીત્યકાર સુધીનાં લોકોએ અગ્નીસંસ્કારને ઉત્તમ/શ્રેષ્ઠ કહેવા માંડતાં છેલ્લી સદીઓમાં ઘણી હીન્દુ જ્ઞાતીઓ/જાતીઓ પરંપરાગત દફન પદ્ધતી છોડી અગ્નીદાહ અપનાવવા લાગી. તેમાં અગ્નીસંસ્કાર કઈ રીતે ઉત્તમ તે કોઈ જણાવતું ન હતું અને કોઈ પુછતું પણ ન હતું.

અગ્નીદાહ ધાર્મીક નથી પણ પરંપરા છે. નશ્વર દેહને નષ્ટ કરવાનો હેતુ માત્ર છે. તેથી સ્મશાન ભુમીમાં અગ્નીસંસ્કાર દરમ્યાન કોઈ ધાર્મીક મંત્રોચાર વીધી થતી જ નથી, પણ ખરી ધાર્મીક વીધીઓ તો મૃતકનાં ઘરે 11મા-12મા પછી જ થતી હોય છે. અને વર્ષો સુધી શ્રાદ્ધ, કથા-કીર્તન વગેરે ઘણું થતું હોય છે. વળી હીન્દુ ધર્મના સંપ્રદાયો પૂર્નજન્મને માનતા હોવાથી મૃતદેહની અંતીમ ક્રીયાનું મહત્ત્વ હોતું નથી. તેમને બીજો જન્મ કે મોક્ષ તેનાં કર્મો (પાપ-પુણ્યો) પ્રમાણે મળે છે. તેથી સમગ્ર હીંદુ પ્રજાને ભુમીસંસ્કાર અપનાવવામાં ધર્મનું કે માન્યતાનું ક્યાંય ઉલ્લંઘન થતું નથી. આપણા ધર્મશાસ્ત્રોનો મત છે કે 'આ નાશવંત દેહનું કશું મુલ્ય નથી, મુલ્ય તો આત્મા-ચૈતન્યનું છે. કર્મોનું છે.'

### (2) ભુમીસંસ્કાર સૈદ્ધાંતીક દ્દષ્ટીએ :

સજીવોમાં માત્ર મનુષ્ય દેહના જ અંતીમ સંસ્કાર વીશેષ વીધી મુજબ થાય છે. પશુ-પક્ષીઓની અંતીમ ક્રીયા કોઈ કરતું નથી. તેનું કુદરતી રીતે માટીમાં વીઘટન થઈ જાય છે. દહનમાં લાકડું, દફનમાં પથ્થર અને પારસીઓ કુવાનો ઉપયોગ કરીને માનવ મૃતદેહને કૃત્રીમતાથી નષ્ટ કરવામાં આવે છે પરંતુ; માનવીનો દેહ માટીમાંથી ઉત્પન્ન થયો છે વાયા વનસ્પતી, તેથી અંતે માટીમાં મળી જવો જોઈએ.

ભુમીસંસ્કાર એ માત્ર કુદરતી જ નહીં પણ આદીકાળની પદ્ધતી છે. જ્યારે અગ્નીની શોધ થઈ ન હતી (અર્થાત્ મનુષ્ય અગ્નીનો ઉપયોગ કરતા શીખ્યો તે પહેલાં) ત્યારે અગ્નીસંસ્કાર શક્ય જ ન હતા. જંગલી અવસ્થામાં મનુષ્ય મૃતદેહને ખાડા કે

ખીણમાં નાખી દેતો હશે. અથવા મોટા ભાગે તે પ્રાણીઓનો ખોરાક બની જતો હશે અથવા ક્યારેક ભુકંપ, વાવાઝોડાં કે પુરપ્રલયમાં કુદરતી રીતે જ ધરતીમાં ધરબાઈ જતો હશે. માંસાહારી પ્રાણીઓનો ખોરાક બને તોપણ તેનાં મળ-મુત્ર અંતે તો માટી જ બની જતાં હોય છે. ત્યારે અગ્નીસંસ્કાર ક્યાંથી હોય ? જોકે ત્યારે કબર કે કોફીન પણ નહીં જ હોય કારણ કે ચુના-પથ્થરનાં બાંધકામનું જ્ઞાન જ ક્યાં હતું તે ગુફાવાસી આદી માનવને !!!

ધાર્મીક ક્ષેત્રોમાં પરીવર્તન કરવું અઘરું છે. તો સામાજીક ક્ષેત્રોમાં પરીવર્તન ખાળવું મુશ્કેલ છે. ઘોડાગાડી-બળદગાડીની જગ્યાએ મોટર-બસ-ટ્રેન-ટેક્ટર આવ્યાં. ખોરાકમાં વીવીધ અને વીદેશી વાનગીઓ આવી. લાકડાની જગ્યાએ લોખંડ, એલ્યુમીનીયમ, પ્લાસ્ટીક આવ્યું. નળીયાંને બદલે સીમેન્ટ-કોંક્રીટનાં ઉંચાં મકાનો આવ્યાં, દીવા-ફાનસની જગ્યાએ વીજળી આવી, મનોરંજનમાં નાટક ભવાયાના સ્થાને રેડીયો, ટી.વી. ફીલ્મો આવ્યાં. કપડાથી માંડી યુદ્ધ સુધી હજારો પરીવર્તન આપણે સ્વીકાર્યાં છે. તેમાં આપણને જરા પણ પરંપરા ન નડી, અરે ખોવાઈ ગઈ ! પણ આપણે રીવાજોમાં જોઈએ તેવું પરીવર્તન કરી શક્યા નહીં. તે ધાર્મીકતા સાથે જોડાયેલી હોવાથી. ધર્મગુરુઓ છોડવા દેતા નથી. દે તો તેનું મહત્ત્વ ન રહે. પશ્ચીમના દેશોએ ધાર્મીકતા જ છોડી દીધી. તેથી આપણા ધર્મગુરુઓ તેની ટીકા કરે છે પણ તેઓ સુખી-સમૃદ્ધ અને તંદુરસ્ત છે. તે નક્કર સત્ય છે. પશ્ચીમના નામની કોઈ સંસ્કૃતી નથી; તે ધાર્મીકતામુક્ત આધુનીક સમાજ છે.

કેટલાક એવી બેહુદી વાત કરતા હોય છે કે તમે બીજા ધર્મ માટે કેમ બોલતા (ટીકા કરતા) નથી ?? પોતાની ભુલો જુએ તો નીખાલસ/મહાન ગણાય. બીજાની ખામી શોધે તે તો ટીકાકાર ગણાય. તેથી તો વાદવીવાદ/સંઘર્ષ થાય. પણ જ્યારે પોતાનું ઘર બળતું હોય ત્યારે બીજાના ઘરને ઠારવા કયો મુર્ખ જાય ? આપણી ફરજ આપણા ઘરને ચોખ્ખું કરવાની છે. આપણો ધર્મ જેટલો શુદ્ધ થશે તેટલો આપણને ફાયદો છે. દુનીયાના દરેક ધર્મો ખામીઓથી ભરેલા છે. પણ આપણું ધ્યાન હટાવવા અને આપણા ધર્મને અશુદ્ધ-ખામીયુક્ત રહેવા દેવા માગતા લોકો જ બીજા ધર્મોની ટીકા કરવાનું કહેતા હોય છે.

### (3) શું ભુમીસંસ્કારથી હીન્દુત્વને નુકસાન છે ?

ઘણા લોકો એવો ખોટો ડર અનુભવે છે કે ભુમીસંસ્કાર એટલે કે દફન અપનાવવાથી આપણી હીન્દુ સંસ્કૃતીને નુકસાન થશે. પણ આ બીક સંપુર્ણ ખોટી છે. કારણ કે ભુમીસંસ્કાર એ મુળ ભારતીય પદ્ધતી છે. અગાઉ જોયું તેમ બાળમરણ,



ઘણી જાતીઓ અને સાધુસંત-શહીદોનું ભુમીસંસ્કાર જ કરાય છે. અગ્નીદાહની તરફેણમાં નક્કર મુદ્દો મળ્યો હોત તો જરુર અહીં લખ્યો હોત. આ લખનાર હીંદુ છે અને તેનું ગૌરવ છે. પણ ખામીઓ પ્રત્યે માન નથી. જે દેશ/સમાજને નુકસાન કરે છે. શરીરને નીરોગી રાખવા રોગ દુર કરવા જ પડે. તેમ સમાજને સ્વસ્થ રાખવા દુષણો હટાવવાં જરુરી છે.

ખ્રીસ્તી અને મુસ્લીમમાં દફન હોવા છતા બન્ને ધર્મો અલગ છે. એટલું જ નહીં પણ તે બન્ને વચ્ચે અસંખ્ય ધર્મયુદ્ધો (ક્રુસેડ/જેહાદ) થયા છે, આરબ-યહુદી અને બીજા અનેક ધર્મોમાં દફન છે છતાં તેઓને પોતાનું અલગ અસ્તીત્વ છે. બીજી બાજુ હીંદુના એવા કેટલાય સંપ્રદાયો છે જે બધા અગ્નીદાહ જ અપનાવે છે. છતાં એકબીજાથી અલગ છે, વીરુદ્ધ છે. જોકે બીજા ધર્મોના ગુણ સ્વીકારવામાં હીનતા નથી, ગૌરવ છે. કારણ કે તે ઉંચી બૌદ્ધીકતાની નીશાની છે. તે જ ધર્મ મહાન બને જે સદ્‌ગુણ સ્વીકારે. પરીવર્તનશીલ હોય. દા.ત. શીખ ધર્મ મુળ હીંદુ જ છે. છતાં તેમણે ખામીઓ દુર કરી, મુસ્લીમ ધર્મના કેટલાક ગુણો સ્વીકારીને શક્તીશાળી બન્યો છે. જે એક સમયે મુસ્લીમોને જ ભારે પડી ગયો હતો. સ્થીતીસ્થાપક ધર્મ જ દુનીયામાં ટકી શકે. જડ નહીં.

દુનીયાના બધા ધર્મોમાં કેટલીક સમાનતા પણ છે. સર્વશક્તીમાન એવા 'ઈશ્વર' તત્ત્વનો સ્વીકાર, ભક્તી, આત્મા, પાપ-પુણ્ય, સ્વર્ગ-નરક દરેક ધર્મમાં છે. તેનાં નામ તેની ભાષાને કારણે જુદાં છે. સંજોગો/પરીસ્થીતી પ્રમાણે મૌલીક છે. દરેક ધર્મમાં અંધશ્રદ્ધા, ચમત્કાર, પોતાનાં ધર્મગ્રંથની સર્વોપરીતા, બીજા ધર્મ પ્રત્યે ઘૃણા, કુરીવાજો, પરંપરાઓ જેવી ખામીઓ પણ વધતા-ઓછા પ્રમાણમાં છે. આવી સમાનતા કોઈને ખટકતી નથી.

હીંદુ ધર્મના ગ્રંથોમાં માંસાહાર છે. દેવોને ખુશ કરવા યજ્ઞોમાં પશુઓની આહુતી અપાતી (મનુસ્મૃતી અધ્યાય-5). હીન્દુઓએ બૌદ્ધ/જૈન ધર્મ ન સ્વીકાર્યો; પણ બુદ્ધ અને મહાવીરના અહીંસાના સીદ્ધાંતો સ્વીકારી લીધા. અસમાનતા, અસ્પૃશ્યતા (જ્ઞાતીવાદ-વર્ણવ્યવસ્થા) હીન્દુ ધર્મમાં ખુબ હતી. પણ ગાંધીજી, ડૉ. આંબેડકરના સમાનતાના સીદ્ધાંતો સાચા હોવાથી સ્વીકારી લીધા. દફન પણ આર્દશ હોવાથી સ્વીકારવા જેવું છે.

હીન્દુ ધર્મ કેટલીય ખામીઓ ધરાવે છે. બાળલગ્નો, જ્ઞાતીપ્રથા, સતીપ્રથા, દેવદાસી પ્રથા, દહેજપ્રથા, વિધવા સ્ત્રી પર ત્રાસ, બલીપ્રથા, હોમ-હવનો, શ્રાધ વગેરે. ધાર્મીક લોકોની પણ એક ખુબી છે. આટ-આટલા કુરીવાજો દાખલ કરાય ત્યારે કોઈએ વીરોધ કર્યો નહોતો. જ્યારે જ્યારે સુધારા થયા છે ત્યારે તેનો પ્રચંડ વીરોધ થયો

છે. જો આનું નામ ધર્મ હોય તો અધર્મ કોને કહેવો ?

જો આપણે આપણા આદર્શો શાંતીમય ગણાવતા હોઈએ, આપણી સંસ્કૃતી સૌથી ઉંચી અને અહીંસક ગણાવતા હોઈએ (સર્વે જીવો પ્રત્યે દયાભાવ રાખવો, હીંસા ન કરવી, પ્રકૃતીના ઉપકાર પ્રત્યે કૃતજ્ઞતા દાખવવી વગેરે) તો અગ્નીદાહને તીલાંજલી જ આપવી રહી. કારણ કે અગ્નીસંસ્કારનાં લાકડાંમાં અસંખ્ય જીવોની હીંસા થાય છે અને જેમાંથી લાકડાં મેળવાય છે, તેવાં વૃક્ષોમાં જીવ છે અને તે ઘણા જીવોનો આધાર છે.

## (4) પંચમહાભુતોનું વૈજ્ઞાનીક વીશ્લેષણ :

હીન્દુ શાસ્ત્રો મનુષ્યના નશ્વર દેહને પંચમહાભુતોનો બનેલો માને છે મૃત્યુ બાદ દેહ પવીત્ર અગ્ની દ્વારા પંચમહાભુતોમાં વીલીન થઈ જાય છે. આ પાંચ મુળભુત તત્ત્વો એટલે કે જળ, જમીન, વાયુ, અગ્ની અને આકાશ. વૈજ્ઞાનીક દૃષ્ટીએ આ પાંચમાંથી એક પણ મુળભુત તત્ત્વ જ નથી. જેમ દુનીયાની કોઈ પણ જુની ચીકીત્સા પદ્ધતીમાં રોગનું કારણ જીવાણુ (વીષાણુ-બેક્ટેરીયા) નથી. કારણ કે તે વખતે આ સુક્ષ્મ જીવોને જોઈ શકે તેવા સુક્ષ્મદર્શક યંત્રો ન હતાં. તેવી જ રીતે પ્રકૃતીનાં તત્ત્વો જુદા પાડી શકાતી રીતો પણ ત્યારે ન હતી તેથી પંચમહાભુત માની લેવામાં આવ્યાં હશે.

અત્યારે પૃથ્વી પર કુલ 95 મુળ તત્ત્વો તેના ગુણધર્મ સહીત શોધી શકાયાં છે. તથા કેટલાંક તત્ત્વો કૃત્રીમ રીતે પ્રયોગશાળામાં ઉત્પન્ન પણ કરી શકાયાં છે. આપણું શરીર અનેક તત્ત્વોમાંથી બનેલા સંયોજનોના કોષોનું બનેલું છે. તેમાં મુખ્યત્વે હાઈડ્રો-કાર્બન્સનાં સંયોજનો છે. તેમા ઑક્સીજન ઉપરાંત નાઈટ્રોજન, ફોસ્ફરસ, કેલ્શીયમ, લોહ, ઝીંક, કોપર તત્ત્વો પણ ઓછાવધતા પ્રમાણમાં સંયોજન સ્વરુપે છે.

(1) પંચમહાભુતમાં જમીન એ કોઈ એક તત્ત્વ નથી પણ લગભગ તમામ તત્ત્વો તેમાં સમાયેલાં છે. આ તત્ત્વોનાં લાખો સંયોજનો આ પૃથ્વીમાં છે. (2) પાણી મુખ્યત્વે હાઈડ્રોજન અને ઑક્સીજનનાં બે તત્ત્વોનું બનેલું છે. તેથી તેનું સુત્ર $H_2O$. છે. વળી સામાન્ય પાણીમાં અન્ય ક્ષાર અને અશુદ્ધીઓ (જે પણ એક તત્ત્વ જ છે.) ઓગળેલી હોય છે. દરીયાના પાણીમાં તો ઘણાં રસાયણો હોય છે. (3) વાયુ (હવા) પણ કેટલાંક તત્ત્વોનો સમુહ છે. તેમાં નાઈટ્રોજન 78% ઑક્સીજન 20% કાર્બનડાયોક્સાઈડ અને અન્ય નીષ્ક્રીય વાયુઓ 2%માં છે. (4) અગ્ની એ કોઈ તત્ત્વ જ નથી, પણ કાર્બન જેવા તત્ત્વોનું ઑક્સીજન સાથે સંયોજન થતી વખતે ઉત્પન્ન થતી ઉષ્મા શક્તીનું દૃશ્યમાન સ્વરુપ માત્ર છે. અને (5) આકાશ એટલે કે શુન્યાવકાશમાં કોઈ તત્ત્વો હોતાં નથી. અને શરીરમાં આકાશનું સ્થાન જ અશક્ય છે.

જો મૃતદેહને પંચમહાભુતોમાં જ વીલીન કરવાનો હોય તો અગ્નીને બદલે



જમીનથી પણ થઈ શકે. કેમ કે તેમાં અગ્ની (ઉર્જા) છે જ. જળ (ભેજ) પણ છે. અને થોડી જગ્યા હોય ત્યાં વાયુ પણ હોય. વૈજ્ઞાનીક રીતે પશુ-પક્ષી અને મનુષ્યનાં શરીર બંધારણ એક જ પ્રકારનાં હોવા છતાં તેના કદી અગ્નીદાહ થતા નથી. બીજાં પ્રાણીઓને પણ પંચમહાભુતોનાં બનેલા માનવામાં આવે છે. આપણા 84 લાખ જન્મો (પુર્નજન્મ) અન્ય પ્રાણીઓના ગણવામાં આવે છે. ઉત્ક્રાન્તીના સીદ્ધાંત પ્રમાણે પ્રાણીમાંથી વાંદરાં અને તેમાંથી મનુષ્ય ઉત્પન્ન થયાનું વૈજ્ઞાનીક રીતે કહેવાય છે છતાં તેમના અગ્નીસંસ્કાર કરવામાં આવતા નથી તે હકીકત છે.

દુનીયાના બીજા લોકો મૃતદેહને અગ્ની દ્વારા પંચમહાભુતોમાં વીલીન કરતા નથી તો ઈશ્વર તેને કેમ દંડ કરતો નથી ? સમગ્ર સૃષ્ટી તો એક ઈશ્વરની જ ગણાય ! તેના બધા નીયમો પૃથ્વી પર એક સરખા જ છે. ખાવું, પીવું, સુવું, જન્મ-મૃત્યુ વગેરેનો ક્રમ દરેક દેશ/ધર્મમાં સરખો જ છે. સુર્યપ્રકાશ, વરસાદ, અનાજ, ઘાસ, વૃક્ષો થોડી ભૌગોલીક વીશીષ્ટતા બાદ કરતાં સરખાં જ છે. દરેકનાં શરીરનાં બંધારણ, હાડકાં, લોહી, હૃદય સરખાં જ છે. રોગ અને ઉપચાર સરખા છે. મૃતદેહનો નીકાલ અગ્નીસંસ્કાર પણ ઈશ્વર રચીત હોત તો બધે જ હોત ! તમામ ધર્મોના કર્મકાંડ-રુઢી-રીવાજોને ઈશ્વરીય ગણાવાય છે. પણ જગતમાં બધે ચાલતા નથી.

## (5) દફનથી રોગચાળો / જળપ્રદુષણ થાય છે ?

જેમ સામાન્ય માણસ પોતાની ભુલો કર્યા પછી બચાવ કરતા હોય તેમ સંકુચીત/સ્વાર્થી લોકો અગ્નીદાહને બચાવવા કેવી ધંગધડા વગરની દલીલો કરતા હોય છે. (મારા ભુમીસંસ્કાર વીચાર અભીયાન દરમ્યાન જાણવામાં આવ્યું) કે શબના દફનથી ભયંકર રોગચાળો થાય, જમીન બગડે, ભુગર્ભ જળ પ્રદુષીત થાય છે.... વગેરે... વગેરે. વળી આ દલીલોને લોકોમાં ઠસાવવા અમેરીકા/ઇંગ્લેન્ડના ફલાણા ફલાણા વૈજ્ઞાનીકે તેની ઢીકણી રીસર્ચ સંસ્થામાં સંશોધન કરીને કહ્યું છે. એવું સાવ ખોટેખોટું, પોતાના લેખોમાં ઝીકતાં પણ અચકાતા નથી. તપાસ કરતાં ન તો કોઈ એવા વૈજ્ઞાનીકે સંશોધન કર્યું હતું કે નથી કોઈ એવી સંસ્થા. વાણીસ્વાતંત્ર્યનો આવો દુરુપયોગ પ્રાચીન સમયમાં પણ થયો છે. કેટલીય અંધશ્રદ્ધાને ભગવાન અને ઋષીમુનીઓનાં નામે કેટલાંય શાસ્ત્રોમાં ચઢાવી દીધેલી છે.

બાળમૃત્યુ મોટાભાગે રોગોને કારણે થતાં હોવા છતાં તેના અગ્નીદાહ કેમ નથી થતા ? મનુષ્ય કરતાં અનેક ગણાં એવાં ગાય, ભેંસ, કુતરાં, બીલાડાં, હાથી, ઉંટ, ગધેડાં, હરણ, વાંદરાં, સીંહ, સસલાં, ઘેટાં, બકરાં વગેરે, પ્રાણીઓને કેમ અગ્નીદાહ અપાતા નથી ? શું તે રોગીષ્ઠ ન હોય, તેના દેહથી જળપ્રદુષણ ન થાય ? તેઓનાં શરીરનું

બંધારણ મનુષ્યના દેહ જેવું જ છે. તેથી નવી દવાઓના પ્રયોગો પ્રાણીઓ પર થાય છે. સાપ, નોળીયા, ઉંદર, દેડકાં, વીંછી જેવાં અનેક જીવો અને જીવજંતુઓ (કીડા-મકોડા-જીવડાં) જમીનમાં જ મૃત્યુ પામે છે અને આ બધા માટીના જીવ, માટીમાં રુપાંતર થઈ જાય છે. કરોડો વર્ષોથી આ ક્રમ ચાલે છે. તેથી કોઈ રોગ ફેલાઈ શકે નહીં, કોઈ જળસ્રોત દુષીત થઈ શકે નહીં. નહીં તો કબ્રસ્તાનના કુવા કે પાસેનાં કુવાનું પાણી પીનારા/વાપરનારા કોઈ જીવી જ ન શકે ?! સંડાસનું/ગટરોનું પાણી જમીનમાં ગળાઈને કુવા સુધી પહોંચતાં શુદ્ધ થઈ જાય છે. ભારત સીવાયના દેશોમાં જ્યાં સંપૂર્ણ દફન પદ્ધતી છે. ત્યાં ભયંકર રોગ હોય તો કોઈ જીવી જ શકે નહીં. ઉલટું ગંદકીને કારણે અહીં જ રોગોનું પ્રમાણ વધારે છે.

જ્યારે અગ્નીસંસ્કાર પ્રથા શરુ થઈ ત્યારે સુક્ષ્મ જીવોથી રોગ થાય તેની કોઈને કલ્પના પણ હતી નહીં. લુઈ પાશ્ચરે (1870) રોગ માટે જીવાણુ જવાબદાર છે. તેવું કહ્યું ત્યારે કોઈ માનવા તૈયાર ન હતું. ત્યાર પછી સુક્ષ્મદર્શક યંત્રની શોધ થતાં આ વાત સ્વીકાર્ય બની. બે-પાંચ હજાર વર્ષ પહેલાં કુવા જ ન હતા. નદી-તળાવોનાં પાણી પણ વધી પડતાં. તેથી દફનથી ભુગર્ભ જળ પ્રદુષીત થશે એ ખ્યાલે અગ્નીસંસ્કાર આવ્યો હશે તે વાત જ ખોટી છે. જો રોગચાળાને કાબુમાં રાખવા અગ્નીદાહ અપનાવાય તો માત્ર રોગીષ્ઠ વ્યક્તીઓને જ બાળવા જોઈએ. કયા કયા રોગ દફનથી ફેલાય છે તે મેડીકલ સંશોધન કેન્દ્રો દ્વારા નક્કી થવું જોઈએ. પણ હકીકત એ છે કે અગ્નીદાહ વખતે શબ ગરમ થાય ત્યારે કેટલાક રોગનાં જંતુઓ હવામાં ઉત્સર્જીત થઈ ફેલાઈ શકે છે. (શું એટલે જ અગ્નીદાહ પછી નહાવું પડતું હશે ?)

રોગોનાં બેક્ટેરીયા વાયરસ તો ક્યાં નથી ?! ઑપરેશન/ઈન્જેક્શન વખતે સોય, સાધનો અને ચામડીને જંતુમુક્ત કરવી જ પડે છે ને ! જગતમાં દરેક જગ્યાએ જીવાણુઓ હોય જ છે. કઠોર વાસ્તવીકતા એ છે કે દફનથી જમીનની ફળદ્રુપતા સીદ્ધ થઈ છે. પણ રોગચાળો/ભુગર્ભ જળપ્રદુષણ આજ સુધી કોઈ સંશોધનમાં સાબીત થયા નથી. અરે...રે એક જુઠ (અગ્નીદાહ)ને બચાવવા કેટકેટલાં જુઠનો સહારો લેવામાં આવે છે !! પણ સચ્ચાઈનો ઈન્કાર ક્યાં સુધી કરતા રહીશું ? સુર્ય સામે ધુળ ઉડાડવાનો કાંઈ અર્થ ખરો ?

## (6) શું વીદેશીઓ અગ્નીસંસ્કાર સ્વીકારે છે ?

આપણા કથાકારો અને વીદ્વાનો ‘અગ્નીસંસ્કાર’ પોતાની પરંપરા હોવાથી લાગણીવશ થઈને તેને ઉત્તમ ગણાવતા હોય છે. તેના માટે જરુર પડે તો કેટલાંક જુઠાણાં પણ ચલાવતાં હોય છે. જેમ કે વીદેશીઓ અગ્નીસંસ્કાર સ્વીકારે છે, વીદેશોમાં



સમૃદ્ધી છે પણ શાંતી નથી. (ગરીબીમાં શાંતી હોય તો બધા ગરીબ બનવાનો પ્રયત્ન કેમ કરતા નથી ?) આપણી આધ્યાત્મીકતા / સંસ્કૃતી શ્રેષ્ઠ છે વીદેશીઓ તેના પ્રત્યે આકર્ષાયા છે (થોડા અપવાદ) આપણને આપણાં ગંદકી, ભ્રષ્ટાચાર, દંભ, શોષણ, અંધશ્રદ્ધા, બાળમજુરી, સ્ત્રી-અત્યાચાર, અનેક કુરીવાજો દેખાતા નથી ? જેને ખાવા-પહેરવા નથી તેને સંસ્કૃતીનો શો મતલબ ? લોકોને જુઠાણાંથી ગેરમાર્ગે દોરવા સૌથી મોટું પાપ છે, અધર્મ છે.

(1) વીદેશીઓ અગ્નીસંસ્કાર શા માટે સ્વીકારે છે તે તો કોઈ જણાવતું નથી અર્થાત્ અગ્નીદાહમાં એવું કયું સબળ કારણ છે, શો ફાયદો છે, શું લાભ છે જેથી તેઓ તેને સ્વીકારવા પ્રેરાય છે ?

(2) પરંપરાગત દફનને કારણે જમીન રોકાવાનો પ્રશ્ન બનતો હોય તો, કબરો તોડી, કબરો ચણવાનું બંધ કરી ઉકેલ કાઢી શકે છે. તદ્દન વીરોધી એવું બાળવાનું શા માટે સ્વીકારે ? જેમ કે આપણે લાકડાં / વૃક્ષોનો નાશ થતો હોવાથી વીજળી ભઠ્ઠી, ગેસ ભઠ્ઠી, સોલાર સીસ્ટમ અપનાવીએ છીએ. તેમ તેઓ દફનમાં જ ફેરફાર કરે.

(3) જેમ આપણી ધાર્મીક માન્યતા પુનર્જન્મ છે. તેથી મૃતદેહનો માત્ર નાશ કરવાનો છે. ઈશ્વરીય ન્યાય કે ભાવી જન્મ, કર્મ આધારીત છે. તેમ તેમની ધાર્મીક માન્યતા પૃથ્વીના અંત પછી બધાનો ન્યાય છે. તેથી ત્યાં સુધી શબને શક્ય હોય તેમ જાળવી રાખવાનો છે. તેથી કબરમાં કોફીન કે પોલાણ દ્વારા દેહને સુરક્ષીત રાખે છે. તેઓ અગ્નીદાહ દ્વારા તેનો સંપૂર્ણ નાશ કરે તે શક્ય નથી.

(4) એક તરફ આપણે એમ કહીએ છીએ કે ત્યાં દફનથી જમીનનો પ્રશ્ન વીકટ બન્યો છે. તેવા રુઢીચુસ્ત લોકો કબરનો આગ્રહ છોડી શકતા નથી. ઉપરાઉપરી કબરો બનાવીને સમસ્યા હલ કરવા પ્રયત્ન કરે છે. (પવીત્ર કબ્રસ્તાનમાં) તેઓ અગ્નીદાહ કેમ સ્વીકારે ?

(5) યુરોપ-અમેરીકાના ખ્રીસ્તી લોકો પર્યાવરણ બાબતે આપણા કરતાં વધારે જાગૃત છે. ત્યાં પુરતાં વૃક્ષો હોવા છતાં તેને અનામત-સલામત રાખી, વપરાશ માટે લાકડાં વીદેશથી મંગાવે છે. તેઓ શું લાકડાંનો આવો વેડફાટ સ્વીકારે ?

(6) વીદેશોમાં રહેતા હીન્દુઓના દેહદહન જુએ ત્યારે તેઓને આ અગ્નીસંસ્કારપ્રથા અતી ક્રુર અને ઘાતકી લાગે છે. તેને અપનાવવાની તેઓ કલ્પના ક્યાંથી કરી શકે ?

(7) કેટલાક જુજ લોકો હીન્દુ ધર્મથી આકર્ષાઈને હીન્દુ બન્યા પછી અગ્નીદાહ

સ્વીકારતા હોય છે. તેમ હીન્દુઓમાંથી મુસ્લીમ/ખ્રીસ્તી બનનારા દફન સ્વીકારતા જ હોય છે. ભારતનાં ખ્રીસ્તી-મુસ્લીમો (90%) હીન્દુમાંથી ધર્માંતરીત થયા છે. તે બધા દફન જ અપનાવે છે ને ?

(8) મુસ્લીમ દેશો આપણા કરતાં પણ વધારે ધર્મચુસ્ત હોવાથી બીજાની ગુણવત્તાવાળી વાત પણ ન સ્વીકારી શકે તો અગ્નીદાહમાં એવો કયો ગુણ છે ? વળી જે દેશોમાં વૃક્ષો જ ઓછાં છે ત્યાં તેને અપનાવાય પણ કેમ ?

(9) કેટલાક દેશો/ધર્મોમાં કબર ફરજીયાત નથી. તો કેટલાકમાં કબર ચણવાની જ મનાઈ હોય છે. તો કેટલીક જગ્યાએ 50-100 વર્ષ જુની કબરો સરકાર જ તોડાવી નાખે છે. એટલે ત્યાં જમીનનો પ્રશ્ન હલ થઈ જાય છે. પણ અગ્નીદાહમાં પર્યાવરણનો પ્રશ્ન શું હલ થઈ શકે ?

(10) આપણને આપણી પ્રથા સારી લાગે તો બીજાને તેની પ્રથા સારી લાગશે. વળી બીજા સ્વીકારે તેથી પણ આપણી પ્રથા શ્રેષ્ઠ સાબીત થઈ શકતી નથી. તેના માટે તો નક્કર લાભકારક પરીણામ મળવાં જોઈએ.

## (7) અગ્નીદાહના ફાયદા છે ?

અગ્નીસંસ્કારના નક્કર ફાયદા વીશે મેં ખુબ વીચારેલું પણ મને કોઈ ઠોસ મુદ્દો મળ્યો નથી. કોઈને મળે તો જરુર જણાવે. પુસ્તકમાં જરુર મુકીશું. આ તો એક તટસ્થ સમીક્ષા છે. અગ્નીસંસ્કારની વીરુદ્ધ જ લખવાનો મને કોઈ શોખ નથી. પણ એક પણ જમા પાસું ના મળે ત્યાં સુધી કરી પણ શું શકીએ ? આપણે તો અગ્નીદાહ પણ જો ભુમીદાહ કરતાં સચોટ રીતે ચઢીયાતું હોય તો સ્વીકારી લેવું છે.

આપણે ત્યાં વૃક્ષો વધારે હતાં તેથી બાળવાની અને અરબસ્તાનમાં રણ (વૃક્ષો ઓછા) હોવાથી દાટવાની પદ્ધતી આવી છે તેવી દલીલ માન્ય રાખીએ તોપણ ભુમીસંસ્કાર પદ્ધતી સ્વીકારવી પડશે; કારણ કે વૃક્ષો ઘણાં ઓછાં થઈ ગયાં છે. જોકે અનેક દેશોમાં પહેલેથી જ ઘણાં વૃક્ષો હોવા છતાં અગ્નીસંસ્કાર પ્રથા નથી.

કેટલાક અગ્નીસંસ્કારનો એ રીતે બચાવ કરતા રહ્યા છે કે દહનથી સ્વજનની યાદ કાયમ માટે સમાપ્ત થઈ જાય છે. જે દફનમાં કબર દ્વારા જળવાઈ રહે છે. ત્યારે પ્રશ્ન એ થાય કે શું સ્વજનોને ભુલી જવા યોગ્ય છે ? શું દીલમાં રહેલી યાદને ભુંસી શકાય ? ભુલવી જોઈએ ?

ના, એટલે આપણા વડવાઓએ યાદ તાજી રાખવા વર્ષો સુધી અનેક પ્રકારના શ્રાદ્ધ, કથા અને સપ્તાહો કરવાનું સુચવ્યું છે. પીતૃઓનાં ચીર સ્મરણ માટેનાં જેટલાં કર્મકાંડ અને વીધી-વીધાનો આપણે ત્યાં છે; તેટલાં દુનીયામાં બીજા કોઈ ધર્મમાં નથી.



દા.ત. કાગવાસ, બ્રહ્મભોજન, અનેક પ્રકારનાં શ્રાદ્ધ, નીવૈદ, બારમું-તેરમું, પવીત્ર કુંડ કે નદીકાંઠે પીતૃતર્પણની વીધીઓ વગેરે તથા ધર્મશાળાઓ-મંદીરોમાં દાનની તક્તીઓ લગાડી મૃત સ્વજનોની યાદને જીવંત રાખવામાં આવે છે. મુસ્લીમ ધર્મમાં મૃતકોનો ફોટો ઘરમાં રાખવાની મનાઈ હોય છે. જ્યારે આપણે આપણા સ્વજનના ફોટા, સુખડના હાર ચઢાવીને આપણી નજર સામે રાખીએ છીએ, ત્યારે વીસ્મૃતીનો બચાવ કેમ કરી શકાય ?

દફન કરનારી પ્રજા સ્મૃતીને કારણે દુઃખી દુઃખી થઈ ગઈ હોય તેવું આપણને ક્યાંય જોવા મળતું નથી. તે તો હકીકત છે ! બચાવ સત્યનો કરવો જોઈએ અસત્યનો નહીં. સાચી વાત તો એ છે કે આપણી સુખ-સગવડનો પ્રબંધ કરી ગયેલા સ્વજનોને કદી ભુલવા જોઈએ નહીં.

પ્રીય સ્વજનોના મૃતદેહનો બાળીને નાશ કરી નાખવા કરતાં જમીનમાં ભુમીસંસ્કાર કરેલ હોય તો તેમના વંશ-વારસોને થોડી શાંતી એ રહે કે આપણા સ્વજન અહીં સુતા છે. તે જમીન પર અથવા ત્યાં વાવેલ વૃક્ષ પર ફુલ ચઢાવે તો તેને એક બહુ મોટું આશ્વાસન મળતું હોય છે. માનસીક સાંત્વના મળતી હોય છે.

## (8) મૃત્યુ પછી શું ? સ્વર્ગ-નર્ક કે મોક્ષ ?

દુનીયાના મુખ્ય 7-8 ધર્મો છે. ખ્રીસ્તી, મુસ્લીમ, હીન્દુ, શીન્ટો, તાઓ, કોન્ફ્યુસીયસ, યહુદી, પારસી છે. સંપ્રદાયો તો હજારો છે. જેમકે માત્ર હીન્દુ ધર્મમાં લગભગ 20 હજાર સંપ્રદાયો છે. સંપ્રદાયો કાળક્રમે અલગ ધર્મ તરીકે દાવો કરે છે. જેમ કે બૌદ્ધ, જૈન, શીખ, પોતાને હીન્દુથી અલગ ધર્મ ગણાવે છે. જે એક સમયે હીન્દુ પ્રજામાંથી ઉત્પન્ન થયેલા સંપ્રદાયો હતા. તેની સાબીતી એ છે કે પુનર્જન્મ, અગ્નીસંસ્કાર, ગાય, ગંગા, યજ્ઞ વગેરે માન્યતાઓ, સંસ્કૃતી, રીતરીવાજ, નામકરણ સરખાં છે. વળી તેઓ જુદા દેશમાંથી આવ્યા નથી. અહીંના જ છે. આજના સ્વામીનારાયણ, સ્વાધ્યાય, ગાયત્રી પરીવાર, બ્રહ્માકુમારી વગેરે કદાચ ભવીષ્યમાં પોતાના સંપ્રદાયને અલગ ધર્મ ગણાવે !! તો કેટલાક સંપ્રદાયો નષ્ટ પણ થતા રહે છે.

હીન્દુ ધર્મ તથા તેમના સંપ્રદાયોની મૃત્યુ પછીની માન્યતામાં વીવીધતા છે. મુખ્યત્વે પુનર્જન્મ સીદ્ધાંત ધરાવે છે. તે પ્રમાણે માણસ મરી જાય ત્યારે તેને કર્મો પ્રમાણે સારો કે નરસો બીજો જન્મ મળે છે. કર્મના સીદ્ધાંત (ગીતા) પ્રમાણે તો કર્મોનાં ફળ તેને આવનારા કોઈ પણ જન્મોમાં ભોગવવાં જ પડે છે. (જોકે આવું બનતું હશે તેનું પ્રમાણ આપવું શક્ય નથી.) આવી એક થીઅરી મુજબ દરેક જીવે 84 લાખ જીવોમાં જન્મ લેવો પડે. મનુષ્યજીવન દરમ્યાન સારાં કર્મો કરવામાં આવે તો મોક્ષ મળે. મોક્ષ

એટલે જન્મ-મરણના ફેરામાંથી મુક્તી. અમુક સંપ્રદાયો પ્રમાણે જ્ઞાન, ભક્તી, કર્મ દ્વારા ઈશ્વરને મેળવે તેને મોક્ષ મળે. તો અમુકમાં, સારાં-નરસાં કર્મો સરખાં કરે અથવા ખરાબ કર્મોનાં દુઃખ ભોગવી લે તેને મોક્ષ મળે. તો કેટલાક સંપ્રદાયોમાં, મનુષ્ય જ માત્ર મનુષ્ય તરીકે જ પુનર્જન્મ પામે છે. બીજાં પશુ-પક્ષી તરીકે નહીં. તો કેટલાકમાં વાસના અધુરી રહી જાય તો ભુત-પ્રેત તરીકે પણ ભટકે.

હીન્દુ સંપ્રદાયોમાં સ્વર્ગ-નરકની પણ માન્યતા છે. ઈશ્વરે ચીત્રગુપ્તને આ જવાબદારી સોંપી છે. પૃથ્વીલોકમાંથી મૃત્યુ પામેલ વ્યક્તીને યમરાજ દ્વારા ચીત્રગુપ્ત પાસે લાવવામાં આવે છે જેને ચોપડામાં જોઈને કર્મો પ્રમાણે સ્વર્ગ-નરકમાં મોકલવામાં આવે છે. અમુક મત પ્રમાણે તેમાં કાયમી રહેવાનું હોય છે તો અમુક મત પ્રમાણે સંચીત કર્મનાં ફળ પુરાં થતાં ફરી પાછો પૃથ્વી પર જન્મ આવે. આવી અસંખ્ય માન્યતાઓમાંથી કઈ સાચી ? હોય તો કોઈ એક જ સાચી હોઈ શકે ! પણ કઈ ? તેનું પ્રમાણ શું ? તેની સચ્ચાઈ કેવી રીતે જાણવી ?

મુસ્લીમ, ખ્રીસ્તી, યહુદીઓ પુનર્જન્મને માનતા નથી. મનુષ્યને માત્ર એક જ વખત જ જન્મ મળે છે. બીજા જીવો ઈશ્વરે મનુષ્ય માટે બનાવ્યા છે. એક સમયે સમગ્ર પૃથ્વીનો નાશ થશે, તે કયામતના દીવસે તમામ મનુષ્યો કબરમાંથી ઈશ્વર સમક્ષ હાજર થશે. તેનાં કર્મો પ્રમાણે તેને સ્વર્ગ-નરકમાં કાયમી સ્થાન મળશે. આ માન્યતા પ્રમાણે 7 કે 9 વર્ષનો બાળક મરી જાય તો તેને સ્વર્ગ મળે કારણ કે તેણે કરેલ કાર્યો (પાપ) પરીપક્વ બુદ્ધીથી કરેલાં નથી હોતાં. (તો શું બધાએ 7 વર્ષ પહેલાં મરી જવું ?) બધાજ ધર્મો પોતાની માન્યતા જ શ્રેષ્ઠ/ઈશ્વરીય ગણાવે છે. બીજાની ખોટી ! એ કેવી રીતે શક્ય બને !! એક જ સૃષ્ટી પર ઈશ્વરના આદેશ અલગ અલગ ??!

વૈજ્ઞાનીકોએ અવકાશમાં હજારો રોકેટ છોડ્યાં. લાખો ટેલીસ્કોપ દ્વારા આકાશદર્શન કર્યું, કરોડો-અબજો કીમી. દુરના ગ્રહો-તારાઓ તપાસ્યા, ક્યાંય સ્વર્ગ-નરક દેખાયાં નથી. સબમરીન દ્વારા સમુદ્રમાં ક્યાંય પાતાળલોકનાં દર્શન થયાં નથી. આત્મા તત્ત્વનો સ્વીકાર દુનીયાનાં બધા જ ધર્મોએ કર્યો છે. કારણ કે કોઈ એક તત્ત્વ દ્વારા સજીવ-નીર્જીવ જુદા પાડી શકાય [જુદાં જુદાં શાસ્ત્રો પ્રમાણે આત્માનું કદ મુઠી જેવડું, અંગુઠા જેવડું, સાપ જેવું તથા તેનું સ્થાન શરીરમાં જુદી જુદી જગ્યાએ છાતીમાં, કપાળમાં, બતાવવામાં આવ્યું છે.] બાકી આટ-આટલા ડૉક્ટરોએ ઓપરેશનો કર્યાં, (અભ્યાસમાં પણ આત્મા આવતો નથી.) વૈજ્ઞાનીક રીતે આત્મા તત્ત્વને માન્યતા મળી નથી કે કોઈ સાધનો દ્વારા પણ આત્મા તત્ત્વને જોઈ શકાયો નથી. બધા જીવોમાં આત્મા પ્રકાશ રુપે છે અને મૃત્યુ વખતે આકાશમાં ચાલ્યો જાય તેવો મત છે. કીડી-મકોડા,



જીવડાને કાચની બોટલ/પેટીમાં શીલ્ડપેક કરવા છતાં મરતી વખતે શીશી તૂટતી નથી અને પ્રકાશ દેખાતો નથી. આમ ધર્મોમાં મૃત્યુ બાદ અનેક ભીન્ન માન્યતાઓ છે.

દુનીયાભરના વૈજ્ઞાનીકો, બુદ્ધીશાળી લોકો, રેશનાલીસ્ટો, નાસ્તીકો, વીદ્વાનો કાંઈક આવો એક મત ધરાવે છે : આ જન્મ પહેલાં તમારું કોઈ અસ્તીત્વ ન હતું અને મૃત્યુ પછી રહેશે નહીં. તમારો જન્મ તમારાં માતા-પીતાના અંડકોષ અને શુક્રકોશના ફલનથી થયો છે. દુનીયાના દરેક જીવ તેના ગર્ભમાં રહેલા જીનેટીક રચનાં (DNA કોડ) પ્રમાણે વીકાસ કરે છે. ઉત્ક્રાંતીમાં મનુષ્યનાં શરીર અને મગજનો વધુ ઝડપે વીકાસ થયો બાળકનો જન્મ થતાં તેનું મગજ વીકસવા માંડે છે. લાગણીથી માંડીને ભાષા અને માહીતી ધીમે ધીમે સંગ્રહવા માંડે છે. મગજમાં લોજીક (તર્ક) શક્તી, યાદશક્તી, વીચારશક્તી વગેરે વીકસે છે અને અંતે એક સ્વતંત્ર વ્યક્તીત્વ ધારણ કરે છે. તેને વારસામાં પોતાનાં બા-બાપ ઉપરાંત વડવાઓનાં અનુવાંશીક લક્ષણો મળે છે. પણ કોઈ પુનર્જન્મની માહીતી કે મેમરી કે પાપ-પુણ્ય સાથે આવતાં નથી.

વૈજ્ઞાનીકોએ એવા રોબોટ બનાવ્યા છે કે તે ઘરમાં નોકર તરીકે કામ કરે. તેને ઘરના સભ્યોનો અવાજ, ચહેરો, ઘરની રચના કાર્યો સમજાવવાથી તે કરી શકે છે. તેના કોમ્પ્યુટર મગજમાં બધા આદેશો સંગ્રહી તેનું પૃથક્કરણ કરી શકે છે. ટુંકમાં, બાળકનાં મગજ જેવું કાર્ય કરી શકે છે. તેનાં કોમ્પ્યુટરને રીસેટ કરી નાખવામાં આવે તો તે બધું ભુલી જાય. બીજા ઘરમાં નવેસરથી કાર્ય માટે સક્રીય કરી શકાય છે. ભવીષ્યમાં લાગણી ધરાવતા, મનુષ્ય જેવા કોમ્પ્યુટર બની શકશે, તેથી મનુષ્યજન્મ ઈશ્વરકૃત નથી કે પુનર્જન્મ ધરાવતો નથી પણ એક સ્વતંત્ર જૈવીક યંત્ર છે. વૈજ્ઞાનીકો ક્લોનીંગ દ્વારા એકસરખા ચહેરા, સ્વભાવ, બુદ્ધી, રંગના અનેક જીવ ઉત્પન્ન કરી શકે છે. ભવીષ્યમાં જીનેટીક એન્જીનીયરીંગ દ્વારા અતી બુદ્ધીશાળી, તંદુરસ્ત, સશક્ત, ઉંચાં, કદાવર, કોઈ રોગ ના લાગુ પડે તેવા, લાંબા આયુષ્યવાળા મનુષ્યો સર્જી શકાશે જે ઉત્ક્રાન્તી દ્વારા લાખો વર્ષો પછી પેદા થાત. તેથી આવતાં 50-60 વર્ષોમાં ઈશ્વરના અસ્તીત્વની માન્યતા સંપૂર્ણ નાબુદ થઈ જશે. જોકે ઈશ્વરે આજ સુધી પોતાના અસ્તીત્વનો નક્કર પુરાવો વીશાળ સમુદાય વચ્ચે આવીને આપ્યો નથી તે હકીકત છે. (કોઈને માનસીક ભ્રમણા થઈ હોય કે ગપગોળા ચલાવ્યા હોય તેને માફ)

આપણું મગજ સ્વતંત્ર રીતે વીચારી શકે છે. જે મૃત્યુ થતાં મૃત થઈ જાય છે. તેની યાદશક્તી, લોજીકશક્તી, જોવા, સુંઘવા, સ્વાદ, સાંભળવાની શક્તીઓ નાશ પામે છે. તેથી મૃત્યુ બાદ આપણું અસ્તીત્વ હમેશને માટે મટી જાય છે. કહો કે બધાને મોક્ષ જ મળે છે. જેમ આપણે ગાઢ ઉંઘમાં આપણા પોતાના અસ્તીત્વનો અનુભવ

કરી શકતા નથી, તેમ મૃત્યુ બાદ પણ આપણું કોઈ અલૌકીક અસ્તીત્વ રહેતું નથી. એટલે જ વેદોમાં કહ્યું છે કે ''મૃત્યુ એ ચીર નીદ્રા છે'' (લાંબી ઉંઘ છે.) બેભાન અવસ્થામાં રહેલી વ્યક્તી કે અકસ્માત કે મગજના રોગમાં – કોમામાં સરકી ગયેલા દર્દીઓ ભાનમાં આવે છે ત્યારે; જણાવે છે કે કોઈ અનુભવ થયો નથી. ઉંઘ, બેભાન અવસ્થામાં મગજ સુષુપ્ત હોય છે તેથી ક્યારેક સપનાં કે દવાઓની અસરને કારણે અન્ય અનુભવ અનુભવાય છે. જે મગજના કોઈ ભાગની સક્રીયતાને કારણે હોય છે. પણ મૃત્યુ પછી મગજના કોષો સંપૂર્ણપણે મૃત થવાથી વ્યક્તીનું કોઈ અસ્તીત્વ રહેતું નથી. તેની શક્તીઓ, કલાઓ, આવડત, વીદ્વત્તા, યાદશક્તી બધુંય નાશ પામે છે. એવુ વૈજ્ઞાનીક અભીગમ ધરાવતા લોકો માને છે. કબીરે કહ્યું : ''આપ મુએ પીછે ડુબ ગઈ દુનીયા'

મૃત્યુ બાદની માન્યતામાં ભલે ધર્મ અને વીજ્ઞાનમાં અંતર હોય પણ મૃતદેહની બાબતમાં સર્વેનો અભીગમ માનવીય અને પ્રકૃતીગત હોવો જોઈએ. ગમેતેમ પણ ધાર્મીક લોકો દેહદાન, નેત્રદાન, રક્તદાનને મહત્ત્વ આપતા નથી. કે ધર્મગુરુઓ આવા અમુલ્ય દાનનો બોધ આપતા નથી. (જોકે પોતાના સંપ્રદાય માટે આર્થીક દાન લેવાનું ચુકતા નથી. દેહદાન-નેત્રદાનમાં પોતાને શું ફાયદો ?) તેઓ નૈતીકતા, સદ્ભાવના, માનવતા કરતાં કર્મકાંડ, ભક્તી, પુજાપાઠ, સંસ્કૃતી (જુનવાણી પરંપરા/રીવાજ)ને જ વધુ મહત્ત્વ આપતા જણાય છે. જ્યારે નાસ્તીક / વીવેકબુદ્ધીવાદી લોકો ધર્મ તો શું ઈશ્વરનેય ન માનતા હોવા છતાં દેહદાન નેત્રદાન, સભ્યતા, વૃક્ષોનું જતન, પર્યાવરણ પ્રત્યેની જાગૃતી, માનવતા પ્રત્યે વધુ સભાન અને સકારાત્મક હોય છે. ખરેખર તો, તેનું જ મહત્ત્વ હોવું જોઈએ. એક કાઠીયાવાડી કહેવત છે ''રોટલાનું કામ કે ટપાકાનું.''

*



# વીભાગ : ૫

## સામાજીક સમીક્ષા

### (1) મારું વસીયત

[1987માં મેં અંતીમ ક્રીયા બાબતે એક વસીયતનામું તૈયાર કર્યું હતું. જેમાં સમયાંતરે સમજણ વધતાં સુધારા-વધારા કર્યા છે. મારા કુટુમ્બીજનો-મીત્રોને અનુરોધ કરું છું કે પોતાના અંગત મોહને બાજુ પર રાખી મારા વસીયતને અનુસરે. – વીનોદ વામજા.]

આપણાં હીન્દુશાસ્ત્રોના મુખ્ય ગ્રંથ ભાગવત ગીતા અનુસાર શરીરમાંથી આત્મા નીકળી ગયા પછી આ મૃત શરીરની કાંઈ કિંમત નથી. કર્મના સીદ્ધાંત પ્રમાણે દરેકને તેના કર્મ પ્રમાણે (પુનર્જન્મમાં) ન્યાય મળે છે. તેમ છતાં આપણા સમાજમાં મૃતદેહને ટીલાં-ટપકાં, (ક્રીયા-કર્મકાંડ) કરવામાં આવે છે. તથા સમય, શક્તી અને સામગ્રીનો ઘણો બગાડ થાય છે. તેનાથી સમાજ અને રાષ્ટ્રને ભારે નુકસાન થઈ રહ્યું છે. આપણા રુઢી-રીવાજ-પરંપરા માત્ર બ્રાહ્મણવાદને પોષનારા રહ્યા છે. બીજી કોઈ રીતે તર્કસંગત કે અર્થપુર્ણ લાગતા નથી, કે નથી શાસ્ત્રસંગત. નીશ્ચેતન મડદાને લાડ લડાવવા કરતાં જીવતા મનુષ્ય પ્રત્યે માનવતા દાખવવી આદર્શ ગણાય. શબ પ્રત્યે સહાનુભુતી દર્શાવવા કરતાં તેના કુટુમ્બને સહકાર આપવો વધારે સારું ગણાય. હાલનાં બદલાયેલાં માનવમુલ્યોના સંદર્ભમાં વીચારવાનો સમય પાકી ગયો છે.

(1) મારા મૃત્યુથી તેમને દુઃખ થતું હશે જેનો હું આધાર હતો, ચાહક હતો. પરંતુ જે બની ગયું તે કુદરતનો ક્રમ છે. પ્રકૃતીની પ્રક્રીયા છે. તે નીવારી શકાતું નથી. તેથી કોઈએ શોક કરવો નહીં અને સર્વેએ દુઃખ ભુલી હળવા (રીલેક્સ) થવાનો પ્રયત્ન કરવો. મારા આત્માની શાંતીની ચીંતા કરવાને બદલે પોતાના મનની સ્વસ્થતા કેળવે.

(2) મારા જીવન દરમિયાન જેમણે મને પ્રેમ, લાગણી અને હુંફ આપ્યાં છે, સહકાર અને મદદ કરી છે તે સર્વેનો હું આભાર માનું છું. તથા મારાથી કાંઈ ભુલ થઈ હોય, દુઃખ લાગ્યું હોય, લાગણી દુભાઈ હોય તો તે બધાંની અંતઃકરણપુર્વક માફી માગું છું. જોકે મેં મારી જીંદગીમાં કોઈને અકારણ કષ્ટ આપવાનો પ્રયત્ન સુધ્ધાં કર્યો નથી.

(3) મારા મૃત્યુ બાદ ઈશ્વરને પ્રાર્થના કરજો. બધી ધાર્મીક વીધીનાં પ્રતીક રુપે મુખમાં તુલસીપત્ર મુકજો. પરંતુ ગંગાજળ, ચંદનનું તીલક, ઘીનો દીવો વગેરે કાંઈ કરશો નહીં. સુગંધીત અગરબત્તી કરતાં રહી વાતાવરણ હળવું કરજો. મારા દેહને માટીમાં જ ભળવાનું હોવાથી નવડાવવાની વીધી કરશો નહીં.

(4) હું કદાચ મોટો માણસ થઈ જાઉં તો પણ મારા શબને નમન કે પ્રણામ કરશો નહીં. ફુલહારના ઢગલા કે અત્તર છાંટવાની ક્રિયા કરશો નહીં. અખબારમાં ફોટા કે શ્રદ્ધાંજલી આપી છાપાંની કીમતી જગ્યા રોકશો નહીં. લાંબી સ્મશાનયાત્રા કાઢવાની ચેષ્ટા કરશો નહીં. જોકે અત્યારે મારા જેવા અતીસામાન્ય માણસ માટે આવું થવાની કાંઈ શક્યતા નથી. પણ હજુ સુધી કોઈ મહાપુરુષોએ આવું કાંઈ લખ્યું નથી તે હકીકત છે. પણ મારો હેતું જનસમાજને સારી પ્રેરણા મળે તે છે.

(5) મારા મૃતદેહ સમક્ષ દર્દભરી રીતે ભજન-કીર્તન કે ધુન ગાવાં નહીં કે રોકકળ કરવી નહીં. તેનાથી આસપાસનાં બાળકો, બીમાર અને સંવેદનશીલ માણસો પર ગંભીર માનસીક અસર પડતી હોય છે. જ્યાં ખુબ રોવાનો (છાજીયાં લેવાનો) રીવાજ હોય તે બંધ કરાવવો ઘટે. આવું કરવાથી મરનાર, જીવીત થવાનો નથી પણ કુટુંબીજનોના દુઃખમાં વધારો થાય છે, એટલી સમજણ દાખવીએ; છતાં કોઈને શોક પાળવો હોય તો વ્યસન/બીનજરુરી ખર્ચ પર કાપ મુકે.

(6) મારા મૃત્યુ પછી ઘરનું વાતાવરણ ઝડપથી સામાન્ય બની જાય તેમ કરવું. વાર તીથીના બાધ વગર બેસણું માત્ર બે-ચાર દીવસ જ સળંગ રાખવું. તેમાં રજાના દીવસ રવીવારે લોકોને અનુકુળતા હોવાથી બંધ ન રાખવું. તેમાંય કોઈને આવવાનો આગ્રહ કરવો નહીં. કોણ આવ્યા ને, કોણ નથી આવ્યા તેની પુછપરછ ન કરવી. કોઈ ન આવ્યા હોય તેનું ઓછું લગાડવું નહીં. સ્ત્રીઓએ પણ પુરુષોની જેમ સામાન્ય પોશાકમાં આવવું. કુટુમ્બીઓએ થોડા જ સમયમાં કામકાજમાં લાગી જઈ મન હળવું બનાવવાનો પ્રયત્ન કરવો. વૃદ્ધોનાં મૃત્યુનો કાંઈ શોક હોય ?

(7) લોકો તેમના કામધંધા, નોકરી, અભ્યાસ છોડીને મારા ઘર સુધી આવે તો જ



શોક પ્રગટ થાય તેવું હું માનતો નથી. સાચું દુઃખ દીલમાં હોય છે. અને પ્રદર્શન (દંભ) વ્યક્ત કરવાનો કોઈ અર્થ નથી. અંગત લોકો સીવાય કોઈએ બહારગામથી તો આવવું જ નહીં. પોતાના ઘરે જ શોક મનાવી આશ્વાસન પત્ર (P.C.) પાઠવે તેવું બધાને સ્પષ્ટ જણાવવું. ગામના લોકો પણ શોકપત્ર મોકલી શકે છે. આપણા સમાજમાં આ બાબતે જે ખોટા (દંભી) રીવાજો પડી ગયા છે તેને તાત્કાલીક અટકાવવા જોઈએ.

(8) મારા મૃત્યુને કારણે સમાજના કોઈ સારા પ્રસંગને અટકાવશો નહીં. એટલું જ નહીં પણ જે સગાં-સંબંધીને ત્યાં પ્રસંગ હોય તેને સામે ચાલીને પ્રસંગ ચાલુ રાખવા સંદેશો મોકલવો. મારું મૃત્યુ રાત્રે થયું હોય તો અન્ય લોકોને સવારે જ જાણ કરવી. રાત્રે કોઈને ઉંઘમાં ખલેલ (ડીસ્ટર્બ) કરવા નહીં.

(9) મારા અંતકાળ સમયે નજીકની નેત્રહૉસ્પીટલ, મેડીકલ કૉલેજને જાણ કરી નેત્રદાન, દેહદાનની વ્યવસ્થા કરી દેવી. મારું મૃત્યુ મગજ ફેઈલથી થયું હોય તો હૃદય, કીડની... વગેરેનાં દાન કરી દેવાં. સંજોગોવસાત્ દેહદાન વગેરે કાંઈ ના થઈ શકે તો આદર્શ ભુમીસંસ્કાર પ્રમાણે અંતીમ વીધી કરવી. મારું મત્યુ ટ્રેન, પ્લેન વગેરેમાં થયું હોય તો જે તે સ્થળે સમૂહમાં થતા હોય તેમ ભુમીસંસ્કાર કરવા.

(10) મારા મૃત્યુ બાદ મારાં પત્નીનાં કપડાં શૃંગાર કે અન્ય શોખમાં કાંઈ ફેરફાર કરવાની જરુર નથી. તે ઇચ્છે તો જરુર પુનર્લગ્ન કરે. બાળકો અંગે વીચારવાનો અધીકાર તેને આપવો ન્યાયી ગણાશે. પણ સંતાન પુખ્ત હોય તો તે પોતાની રીતે જીવી શકે છે. મારા કુટુમ્બનાં સભ્યો સુતક, મુંડન કે અન્ય શોક પ્રદર્શીત ન કરે. મારાં માતા-પીતા જીવીત હોય તો તેઓની સામાન્ય ધાર્મીક ઈચ્છાને માન આપવું.

(11) મારું મૃત્યુ ઘર/વતનથી દુર કે હૉસ્પીટલમાં થયું હોય તો મારા દેહને ઘરે લઈ આવવાનો આગ્રહ ન રાખવો. પરંતુ ત્યાંથી જ મારી ઇચ્છા મુજબ દેહદાન, નેત્રદાન કે ભુમીસંસ્કાર કરવાં. મારું મૃત્યુ જો કોઈ ગંભીર અકસ્માત કે રહસ્યમય સંજોગોમાં થયું હોય તો અંતીમ ક્રીયા અનુકૂળતા પ્રમાણે કરવી. તેવા સંજોગોમાં પોસ્ટમોર્ટમ કે અન્ય કાનુની પ્રક્રીયાને જરુરી માન/સહકાર આપવાં.

(12) વૃદ્ધા અવસ્થાનાં અંતીમ દીવસોમાં હું ગંભીર-અસાધ્ય રોગથી પીડાતો હોઉં અને સભાન અવસ્થામાં ન હોઉં તો મને દવા-ઈન્જેક્શનથી લાંબો સમય જીવાડવાનો આગ્રહ રાખશો નહીં. ઈચ્છામૃત્યુ કાયદેસર હોય તો દર્દરહીત મૃત્યુ આપી દેવું.

અને તે દરમિયાન હૃદય, કીડની, લીવર સ્કીન વગેરે શક્ય તમામ અંગોનું દાન કરી દેવું. મારી માંદગીથી બધાં હેરાન થાય, કુટુમ્બ આર્થીક બોજમાં દબાઈ જાય તેવું ઈચ્છતો નથી. માણસ કેટલું જીવ્યા કરતાં કેવું જીવ્યો તે મહત્ત્વનું છે.

(13) મારા મૃત્યુ નીમીત્તે કોઈ પણ પ્રકારની મરણોત્તર ધાર્મીક વીધી કરવી નહીં. બારમું-તેરમું (પાણીઢોળ) કથા-સપ્તાહ-કીર્તન, શ્રાદ્ધ, તર્પણ, વરસી, પીંડદાન, બ્રહ્મભોજન વગેરે કરાવવાં નહીં. આ બધાં કર્મકાંડો બ્રાહ્મણોએ સ્વલક્ષી કર્યાં છે; તે સમાજલક્ષી થવાં જોઈએ. ઘણા લોકો ટેક્સચોરી કે ગરીબોનું શોષણ કરીને આવકના 10% ધર્મ-કર્મકાંડ-મંદીર પાછળ ખર્ચતા હોય તેનો અર્થ શું ? ગાય દોહીને કુતરાને પાવા જેવું !

(14) મેં મારું જીવન પ્રમાણીકતા અને માનવતાવાદી રીતે જીવવાનો પ્રયત્ન કર્યો છે. તેનો મને સંતોષ છે. તો મર્યા પછી મારે કોઈને નડવાનું કોઈ કારણ નથી. આમેય કુટુમ્બ માટે આજીવન ભોગ આપનાર મર્યા પછી અચાનક શા માટે નડે ? તેમ છતાં મારી કોઈ ઈચ્છા/વાસના (હશે તો) પુરી કરવા નડવું હશે તો દેશના દુશ્મનોને નડીશ. બધા ભારતીયો આમ કરે તો દુશ્મનો આમ જ ખતમ થઈ જાય !! શું આ શક્ય છે ? તો ખરેખર સમાજને કોણ નડે છે ? નળતર ફેલાવનારા જ !!

(15) મારા મૃત્યુ બાદ મારી મીલકત માટે (જો હોય તો) ઝઘડવું નહીં કે વારસા સંબંધી વાદ-વીવાદ કરવા નહીં. મારા આર્થીક વીલ મુજબ મારી સંપત્તીના ત્રણ વીભાગ હશે. (1) મારા કુટુમ્બીઓ (વારસદારો) માટે મીલકત. (2) મારા ગાઢ મીત્ર, પાડોશીઓ, વફાદાર નોકરો, મુશ્કેલી વખતે મદદરુપ થયેલા વ્યક્તીઓને તથા હંમેશાં પડખે રહેનારાં સગાં-સંબંધી-મીત્રોને આર્થીક સહાય. (આર્થીક વીલમાં નામ તથા રકમ મુજબ દરેકને ચેક મોકલી આપવા) (3) બચતના 10% રકમનું સામાજીક દાન કરવું. (નીચે પ્રમાણે-16)

(16) સામાજીક દાન : (1) શાળાઓમાં બાળકોને નોટબુક, પેન્સીલ, પેન, ચોકલેટ, બીસ્કીટનું વીતરણ કરવું. (2) ગરીબ વીદ્યાર્થીઓને પુસ્તકો તથા સ્કૉલરશીપ આપવી. (3) ગરીબ-પછાત લોકોને પૈસા તથા અનાજ આપવું. (4) નજીકનાં વૃદ્ધાશ્રમ, અનાથાશ્રમ, બહેરા-મૂંગા-અંધની શાળા / આશ્રમમાં દાન અને ભોજન પ્રબંધ કરવો. (5) સાર્વજનીક નેત્ર, રક્ત હૉસ્પીટલમાં દાન કે દર્દીઓ માટે દવા-ભોજનની વ્યવસ્થા કરવી. (6) ગામ કે શહેરના જે તે વીસ્તારમાં રસ્તા, ગટર કે પાણીપુરવઠા જેવાં કાર્યોમાં ઉદારતાથી ફાળો આપવો. તથા અન્ય સમાજ



ઉપયોગી કાર્યમાં મદદ કરવી. (7) યુદ્ધ-કટોકટી જેવા સમયમાં રાષ્ટ્રને મદદ કરવી તથા સૈનીકોનાં વારસદારોને આર્થીક સહાય કરવી. (8) સ્ત્રી વીકાસગૃહ, સાર્વજનીક પુસ્તકાલય, રેશનાલીસ્ટ સંસ્થાઓમાં દાન આપવું. (લાઈબ્રેરીમાં સ્વામી સચ્ચીદાનંદ, રમણ પાઠક, નર્મદ, દયાનંદ, કબીર, બુદ્ધ, ગાંધીજી જેવા સમાજસુધારકોનાં પુસ્તકો લઈ આપવાં) (9) સર્વે પ્રાણીઓને સમાનભાવે ઘાસચારો આપવો. (10) મારા નામે એક વૃક્ષ ઉછેરવું. (11) આ વસ્તી વીસ્ફોટમાં નોચાઈલ્ડ, વનચાઈલ્ડ ગરીબ દંપતીને પ્રોત્સાહક પુરસ્કાર આપવો. વસ્તી નીયંત્રણ આજના સમયની સૌથી મોટી સેવા છે.

લોકો આવું કરે તેવું ઇચ્છું છું જેથી આપણા સમાજના ઘણા પ્રશ્નો હલ થાય. ઈશ્વરના નામે સ્વાર્થી વર્ગ પ્રજાના ધનને ધર્મ/મંદીર તરફ (પોતા તરફ) વાળે છે. તેમાં કાપ મુકવો જરુરી છે. આ વસીયત મેં મારી બુદ્ધી પ્રમાણે તૈયાર કર્યું છે. આ મારા અંગત વીચારો છે. ખામી જણાય તો મારી અલ્પમતી માટે ક્ષમા કરશો. સર્વને બધું જ સર્વસ્વીકૃત ન પણ બને. મારો હેતુ લોકો અને સમગ્ર રાષ્ટ્રના હીત માટે છે. તે સર્વ કોઈ સમજી શકશે.

– વીનોદ વામજા

## (2) દેહદાન : સૌથી ઉત્તમ વીચાર

વીજ્ઞાનના વીકાસ સાથે મેડીકલ ક્ષેત્રનો ઘણો વીકાસ થયો છે. તબીબી અભ્યાસ માટે મેડીકલ કૉલેજોમાં મૃતદેહની જરુર પડતી હોય છે. આપણે જીવ્યા ત્યાં સુધી આધુનીક મેડીકલ વીજ્ઞાનનો જે કાંઈ લાભ લીધો છે. તેનું ઋણ એક મૃત શરીરથી ચુકવી શકાય તેમ નથી. પરંતુ ભાવી પેઢીને વધુ સારી ડૉક્ટરી સારવાર મળી શકે તે હેતુથી અભ્યાસ અને સંશોધન માટે દેહદાન કરવું જોઈએ. ગંભીરતાપુર્વકની મજાકમાં કહી શકાય કે ભાવી ડૉક્ટરો સીધા જીવતા મનુષ્ય પર પ્રયોગ ન કરે તે માટે પણ તેઓને મૃતદેહો મળવા જોઈએ. એ યાદ રહે કે આપણા વડીલ પુર્વજોના કોઈકના દેહદાનથી આપણે સારી ડૉક્ટરી સારવાર મેળવી શક્યા છીએ.

દેહદાન અંગે ખોટી માન્યતા : મેડીકલ હૉસ્પીટલમાં મૃતદેહને ગમે તેમ કાપશે, વેતરશે, તે અમાનવીય અને લાગણીશુન્ય વ્યવહાર છે. તેવું ઘણા રુઢીચુસ્ત લોકો કહેતા હોય છે. પણ આ તેમની ભુલ છે. મૃત્યુ પછી ચેતના કે લાગણી જ નથી તેવા મૃતદેહને દુ:ખ થવાનો સવાલ જ નથી. ઑપરેશન દરમ્યાન તો જીવતા માણસનાં જે તે ભાગને ખોટો કે બહેરો કરીને કાપકુપ કરવી પડે છે, ત્યારે આપણી લાગણીઓનું શું ? જોકે શબને બાળવામાં આવે છે ત્યારે પણ જોઈ શકાય તેવું દશ્ય હોતું નથી.

વાસ્તવમાં કાપકુપ કરતાં બળવાની વેદના વધારે હોય છે. વળી હોસ્પીટલમાં બનતી ઘટના આપણી નજર સમક્ષ તો નથી હોતી તેથી કલ્પના કરીએ તોપણ પ્રત્યક્ષ બાળવા જેટલું દુઃખ તો ન થાય. સાચું દુઃખ તો એ થવું જોઈએ કે મર્યા પછી સમાજ અને દેશનો ખ્યાલ નથી કરતા. આપણે જે સુખ-શાંતી અને સલામતી ભોગવીએ છીએ તેના માટે કેટલાય વીર જવાનો અને સમાજસુધારકોએ પોતાનાં જીવન મુશ્કેલીઓ ભોગવીને હોમી દીધાં. જ્યારે આપણે મડદાની લાગણીઓના વીચાર કરીએ છીએ ! ભાવી પેઢીને જો આપણું શબ પણ કામ ન આવે તો જીવન શું કામ આવ્યું હશે ? તેવું ગણીત કોઈ પણ માંડી લે.

દેહદાન કરવા ઈચ્છતી વ્યક્તીઓ : પોતાનાં કુટુમ્બીજનો-મીત્રો-સંબંધીઓને જણાવી દેવું જોઈએ અથવા સંપતીની જેમ વસીયત (વીલ) લખી રાખવું જોઈએ. જેથી જ્યારે પણ મૃત્યુ થાય ત્યારે નજીકની સીવીલ હોસ્પીટલ કે જે મેડીકલ કોલેજ સાથે સંલગ્ન હોય તેના એનેટોમી વીભાગના ઉચ્ચ અધીકારીને જાણ કરવાથી તેઓ લઈ જવાની વ્યવસ્થા કરશે.

સામાન્ય રીતે મૃતદેહ દશ-બાર કલાક પછી કોહવાવા માંડે છે. તેથી તે સમય પહેલાં શબ હોસ્પીટલે પહોંચવું જોઈએ ત્યાર પછી ત્યાં ખાસ રસાયણ (ફોર્મલીન) દ્વારા લાંબો સમય સાચવી શકાય છે.

નોંધ : દુર્ગંધ મારતો, રોગીષ્ઠ અને એક્સીડન્ટ કે શંકાસ્પદ મૃત્યુ પામેલ મૃતદેહ (કેન્સર, એઈડ) તેમજ ઑપરેશન કરાયેલ, વીકલાંગ કીડનીદાન કરાયેલ બોડીનું દેહદાન થઈ શકતું નથી. વીશેષ માહીતી તથા જરુરી ફોર્મ શહેરની મુખ્ય સરકારી સીવીલ હોસ્પીટલના એનેટોમી વીભાગમાંથી મળી શકશે. અહીં માત્ર માનવીય અભીગમ કેળવવાનો હેતુ છે.

### (3) રક્તદાન :

15થી 50 વર્ષની ઉંમરનાં કોઈપણ તંદુરસ્ત માણસ રક્તદાન કરી શકે છે. એક વખતમાં 300 સી.સી. (લગભગ 300 ગ્રામ) લોહી આપવાનું હોય છે. જે ત્રણ દીવસમાં શરીર ખોરાકમાંથી મેળવી લે છે. માનવશરીરમાં રક્તની માત્રા 5 લીટર જેટલી હોય છે. લોહીના મુખ્ય આઠ ગ્રુપ છે. A AB B અને O (નેગેટીવ તથા પોઝીટીવ) જેનું આદાન-પ્રદાન જે તે ગ્રુપ વગર કરી શકાતું નથી. રક્તને 15થી 30 દીવસ બ્લડ બેંકોમાં સાચવી શકાય છે. જેથી જરુરીયાત મુજબ ઈમરજન્સીમાં ઉપયોગ કરી શકાય છે.

સમયાન્તરે રક્તદાન કરવાથી શરીરની પેશીઓમાં નવું રક્ત ઉત્પન્ન કરવાની કાર્યક્ષમતા વધે છે. સામાન્ય રીતે ત્રણ માસ પછી ફરીથી રક્તદાન કરી શકાય છે.



રક્તદાન કરનારને પોતાનું બ્લડગ્રુપ જાણવા મળે છે. જેથી પોતાના અકસ્માત કે ઑપરેશન વખતે જરુરી ગ્રુપનું લોહી સમય બગાડ્યા વગર તુરત મેળવી શકાય છે. તથા નજીકનાં સગાં-સંબંધીને જરુરીયાત હોય ત્યારે સ્થળ પર જ (હોસ્પીટલમાં) રક્ત આપી શકાય છે. રક્ત મેળવનાર સંસ્થાઓ રક્તને ચેક કરે છે. તેથી રક્તદાતા રક્ત સંબંધી રોગ કે ખામી હોય તો જાણી શકે અને તુરત ઈલાજ કરાવી શકે છે. રક્તદાન ખુબ ઉત્તમ દાન છે. અકસ્માત, ઓપરેશન અમુક માંદગી, યુદ્ધ તથા ધરતીકંપ જેવી કુદરતી આફત વખતે સંગ્રહીત રક્ત તાત્કાલીક ઉપયોગમાં લઈ શકાય છે. જે માનવની જીંદગી બચાવનારું અમુલ્ય કાર્ય છે.

### (4) નેત્રદાન

નેત્રદાન સરળ તથા ઉત્તમ છે. મૃત્યુ પછી થતું હોવાથી દાન કરનારને કાંઈ નુકસાન કે જોખમ નથી. આંખોનું દાન પોતાનું વસીયતનામું કરીને અથવા કુટુમ્બીજનોને જાણ કરીને કરી શકાય. અથવા મરનારનાં નજીકનાં કુટુમ્બીજનો સ્વૈચ્છીક રીતે નેત્રદાન કરી શકે છે.

નેત્રદાનમાં કોર્નીયાનો ઉપયોગ થાય છે. તેથી મરનારની આંખો ખુલ્લી રહી ગઈ હોય તો બંધ કરી દેવી જોઈએ. જો બંધ ન થાય તો રુનાં ભીનાં પોતાં મુકવાં અને બારી-બારણાં અને પંખા બંધ કરી દેવા જેથી પવનને લીધે આંખોનો કોરનીયા સુકાઈને ખરાબ ન થઈ જાય. અને તરત જ નજીકની ચક્ષુબેંક અથવા નેત્ર હોસ્પીટલના ડૉક્ટરને નેત્રદાન માટે જાણ કરી દેવી. નેત્રદાનમાં માનનાર કુટુમ્બે અગાઉથી ચક્ષુબેંક/નેત્ર હોસ્પીટલના ટેલીફોન નંબર લઈ લેવા.

મૃત્યુ બાદ આંખ છથી આઠ કલાક પછી નકામી થઈ જાય છે. તેથી તેને શક્ય હોય તેટલી વહેલી કાઢીને રસાયણમાં સુરક્ષીત કરી દેવી પડે. તેથી જાણ થતાં જ ડૉક્ટરો તેનાં સાધનો લઈને ઝડપથી આવી જશે. તેઓ બન્ને આંખોની આખા ડોળા કાઢી રસાયણની બોટલમાં મુકી તેને બરફવાળા થર્મોસમાં સુરક્ષીત કરી દેશે. બે-ત્રણ દીવસમાં ઑપરેશનથી અંધ વ્યક્તીને તે આંખ રોપી દેવામાં આવે છે. તેમ છતાં આંખને 4-6 મહીના સાચવી શકાય છે.

નેત્રદાન નાના-મોટા, સ્ત્રી-પુરુષ બાળકો, વૃદ્ધો કોઈ પણના મૃત્યુ પછી થઈ શકે છે. ચશ્માંના નંબર હોય, વ્યસન હોય તો પણ નેત્રદાન થઈ શકે છે. ધનુર, હડકવા, કેન્સર, એઈડ્ઝ, વાયરસ કમળો, સાપ-વીંછી કે દવાનાં ઝેરથી મરણ પામેલા લોકો આંખોનું દાન કરી શકે નહીં. નેત્રદાનમાં શ્રીલંકા દુનીયામાં અને દેશમાં ગુજરાત અગ્રેસર છે. ધાર્મીક લોકો ખોટી માન્યતાઓથી નેત્રદાન અટકાવે છે. મૃતકનો ચહેરો

વીકૃત થઈ જાય તેવી ખોટી લાગણી પણ ભડકાવે છે (શબને આપણે ક્યાં શોકેશમાં મુકવું છે !) શીક્ષણ વધતા, અંધશ્રદ્ધા ઘટતાં નેત્રદાન વધે છે. દેશમાં બે કરોડ લોકો અંધાપો વેઠે છે. તેમાંનાં અડધાથી ઓછાને આંખો રોપવાથી રોશની મળી શકે છે પણ પુરતું નેત્રદાન થતું નથી.

સમાજમાં જાગૃતી આવે, સેવાભાવી સંસ્થાઓ આ તરફ વળે અને લોકો સમજદારી દાખવે, તો મૃત્યુ પછી નાશ થઈ જતી આંખો બે અંધ વ્યક્તીને અંધાપાના નરકમાંથી ઉગારી શકે. અંધાપો કેટલો વસમો છે તેનો આપણને શો ખ્યાલ આવે ! એક દિવસ આંખે પાટો બાંધીને પસાર કરીએ તો ખ્યાલ આવે કે જેની જીંદગી આખી અંધકારમય હોય તેનું જીવન કેટલું દુષ્કર હશે ! જેને જીવનમાં પ્રકાશ શું છે તેની ખબર નથી તે અંધજનો સૃષ્ટીનાં રંગો કે દશ્યોની કલ્પના કેવી રીતે કરતા હશે ? તેવા વીચાર માત્રથી ધ્રુજી જવાય છે. તો તેના દૈનીક જીવનની અગવડો અને યાતનાઓ કેવી ભયંકર હશે ! હજારો રુપીયાનાં દાન કરતાં પણ નેત્રદાનનું મુલ્ય ઉંચું ગણી શકાય.

## (5) રુદન મનોવૈજ્ઞાનીક દષ્ટીએ

મૃત્યુ પછીનું રુદન સાવ અયોગ્ય નથી. કુદરતી રીતે રુદનથી આઘાત શમી જાય છે જે મનોવૈજ્ઞાનીક સત્ય છે. આઘાત દરેક માટે સરખો હોતો નથી. રુદન પણ જે તે વ્યક્તીની સંવેદનશીલતા પર આધાર રાખે. પણ આ રુદન કૃત્રીમ ન હોવું જોઈએ. સહજ અને કુદરતી હોવું જોઈએ. સૌરાષ્ટ્રમાં મૃત્યુ બાદ (કેટલીક જ્ઞાતીમાં) રોવાનો રીવાજ છે. સ્ત્રીઓ એટલું પોક મુકીને રોકકળ કરે કે ભલભલા પુરુષો ધ્રુજી જાય. આની બાળકોના માનસ પર ખુબ માઠી અસર પડે છે. માટે આવો રોવા-કુટવાનો કુરીવાજ બંધ જ થવો જોઈએ.

અમુક ધર્મોમાં રુદન યોગ્ય નથી. ઈશ્વરનાં આદેશને માથે ચઢાવવાનો તર્ક હોય કે તેઓનું દુઃખ ઓછું કરવા માટેનું આશ્વાસન હોય કે પછી તે સમયે યુદ્ધોનું ખુબ મહત્ત્વ હોવાથી યુદ્ધમાં જતા પુરુષો ભાંગી ન પડે તે કારણ હોય. પરંતુ જીવનમાં વાસ્તવીક પરીસ્થીતીનો સ્વીકાર કરતાં પણ શીખવું જોઈએ. કપરાં અને કઠોર સમયે દઢ બનવું જરુરી છે. સાવ ભાંગી પડવાથી જીવન ચાલે નહીં.

## (6) ઈચ્છામૃત્યુ (મર્સીકીલીંગ–દયામૃત્યુ)

ઈચ્છામૃત્યુ એટલે અસાધ્ય રોગનાં દર્દથી પીડાઈ રહ્યા હોય, અને ફરી સાજા થવાની શક્યતા ન હોય ત્યારે પોતાની ઈચ્છા પ્રમાણે પીડારહીત, ત્વરીત મૃત્યુ પામવાનો અધીકાર. આ આધુનીક જમાનાનો નવો માનવતાવાદી ખ્યાલ છે. ઘણા દેશોમાં આ



દયામૃત્યુ ચર્ચાય છે. તો કેટલાક દેશોમાં કાયદાની માન્યતા મળી છે. ગઈ સદી પહેલાં માનવજીવન પર ધર્મની મજબુત પકડ હતી. હવેના વૈજ્ઞાનીક યુગમાં પરંપરા / રુઢીઓને બદલે માનવતા, સ્વતંત્રતા, અને આનંદપૂર્ણ જીવનનું મહત્ત્વ વધ્યું છે.

"માનવી પોતાની ઈચ્છાથી જન્મી શકતો નથી, જીવન તો ઈશ્વરે આપ્યું છે તો મૃત્યુ પણ કુદરતની ઈચ્છા પ્રમાણે હોવું જોઈએ." આ મુદ્દા દ્વારા ધાર્મીક પ્રભાવ ધરાવતા અને આદર્શવાદી લોકો ઈચ્છામૃત્યુનો વીરોધ કરતા હોય છે. મનુષ્યને થતા 10 હજાર જાતના રોગો કુદરતી છે. તેનાથી બચવા દરદીને દવાઓ – ઓપરેશનોથી બચાવી લઈએ છીએ તેને કુદરત વીરુદ્ધ ગણતા નથી. ગર્ભપાત, ખુનીને ફાંસી, અકસ્માત, યુદ્ધ, જીવતા સમાધી, જળ સમાધી, સંથારો વગેરે પણ કુદરતી મૃત્યુ નથી.

જે મનુષ્ય અતીવૃદ્ધ થઈ ગયો છે. બધાં થીશીલ અંગોમાંથી પીડા થઈ રહી છે. ન નીવારી શકાય તેવા રોગ લાગુ પડ્યા છે. જેને દવા અને પ્રાર્થના પણ જીવાડી શકે તેમ નથી. દર્દ મટાડી શકે તેમ નથી. જે પથારીમાં પીડાથી રીબાઈ રહ્યો છે. કુટુંબ અને સમાજ પર બોજ બની રહ્યો છે, જેનું દુઃખ કુટુમ્બીજનો જોઈ શકતા નથી, જે ખુદ જીવવા ઈચ્છતો નથી, તેને ઈચ્છામૃત્યુનો અધીકાર હોવો જોઈએ. શોપનહોર અને ફ્રોઈડનાં મત પ્રમાણે "માણસમાં જેમ જીવવાની જીજીવીષા કુદરતી હોય છે તેમ મરવાની પણ પ્રબળ ઈચ્છા (એક તબક્કે) કુદરતી રીતે જાગતી હોય છે."

સાને ગુરુજી, વીરસાવરકર, વીનોબા ભાવે જેવા મહાનુભાવોએ ઈચ્છામૃત્યુનું સમર્થન કર્યું હતું. ગાંધીજીએ તો ઈચ્છામૃત્યુને અહીંસાનું જ એક કૃત્ય કહ્યું છે. તેણે આશ્રમમાં અતી દર્દથી પીડાતા વાછરડાને ડૉક્ટર દ્વારા જીવનમુક્ત કરાવ્યો હતો. મનુષ્ય માત્ર અસહ્ય વેદનાથી ચેતનામય અસ્તીત્વ ધરાવે તે જીવન નથી. જીવન તો હસતું, ખેલતું, પ્રવૃત્ત અને આનંદમય હોય તેને કહેવાય.

પછાત દેશોમાં હજુ ધર્મનો પ્રભાવ છે. સરકાર જીવતાને સમાધી, સંથારાને માન્યતા આપે છે. પણ તેના જેવા ઈચ્છામૃત્યુ અને આપઘાતને ગુનો ગણે છે. એક સમયે ગર્ભપાતનો પણ ધાર્મીક વડાઓએ વીરોધ કર્યો હતો. અને કાયદા દ્વારા ગુનો ગણાતો હતો. પણ હવે ઘણા દેશોમાં માનવીય દષ્ટીકોણ, વ્યકતી સ્વાતંત્ર્ય અને વસ્તીવધારાનાં દોષને કારણે ગર્ભપાતને કાયદા દ્વારા માન્યતા મળી છે. આ જ કારણોસર ગર્ભપરીક્ષણ અને ઇચ્છામૃત્યુની છુટ હોવી જોઈએ.

માનવજાતની સૌથી મોટી સમસ્યા વસ્તી વીસ્ફોટના કારણે મા-બાપ જન્મ અટકાવી શકે છે. ગર્ભપાત કરાવી શકે છે. સરકાર, કુટુમ્બનીયોજનને પ્રોત્સાહન આપે છે. (આમ જોઈએ તો આ કુદરત વીરુદ્ધ છે.) તેવી જ રીતે રોગીષ્ઠ વૃદ્ધોનું સ્વૈચ્છીક

મૃત્યુ પણ વસ્તી નીયંત્રણમાં સહાયક છે.

આપઘાત અને ઈચ્છામૃત્યુમાં ફરક છે. આપઘાત જવાબદાર ઉંમરે ક્ષણીક આવેશ, ઉન્માદ કે હતાશાનું કારણ હોય તો ક્યારેક જુગાર, લોટરી, શેર-સટ્ટામાં હારી જવાનું કારણ હોય કે પછી ધંધા-રોજગારના અભાવે ગરીબી-પૈસાની તંગી કારણભુત હોય કે પછી કૌટુમ્બીક ઝઘડા, માનસીક ત્રાસ, વેપાર-ધંધા, પરીક્ષામાં નીષ્ફળતા, દેવાદારો, માબાપનો ડર હોય ત્યારે ઈમરજન્સી એક્ઝીટ તરીકે આત્મહત્યા કરાય છે. તે યોગ્ય એટલા માટે નથી કે તેની પાછળ તેનાં બાળકો, પત્ની, માબાપ દુઃખી થતાં હોય છે. અથવા સંજોગો બદલવાથી પરીસ્થીતીમાં સુધારો થઈ શકે છે. થોડોક સંઘર્ષ કરવાથી મુશ્કેલી દુર કરી શકાય છે. અસાધ્ય રોગ નથી કે પરીવર્તન ન થાય. જીંદગી સાવ વેડફી નાખવા માટે પણ નથી.

આ કારણે આપઘાતને ગુનો ગણવામાં આવે છે. જેથી કોઈ આપઘાત કરવાનો પ્રયત્ન ન કરે. તેમ છતાં ખરો વાંક તો આપણી સમાજવ્યવસ્થાનો પણ છે. બે ટંક ખોરાક, સાદું ઘર અને ગૌરવપુર્વક જીવી શકાય તેટલો રોજગાર ન અપાવી શકે તો મરનારનો શો દોષ ? કૌટુમ્બીક ઝઘડા, અર્થ વગરના માનસીક ત્રાસમાં આપણા સમાજનો વાંક છે. જુગાર, દારુ, સટ્ટામાં ખરા દોષી તે ચલાવનાર છે. ફસાવનાર છે. તેમ છતાં આપઘાતમાંથી બચી જનારને સજા કરવામાં આવે છે પણ તેના માટે જવાબદાર લોકોને પણ સજા થવી જોઈએને ! તો જ સમાજ સુધરવાનો પ્રયત્ન કરે. જુગાર, શેર-સટ્ટા પર કાયદો કડક થાય તો ઘણી જીંદગી બચી શકે. પણ મુળ જવાબદારી દરેકને પોતાની હોય છે. પોતે જ લોભ-લાલચથી જુગાર વગેરેમાં ફસાય તો કોણ બચાવે ? આવક થોડી હોય ને વધુ સંતાનો પેદા કરવાથી ભુખે મરવાનું થાય તેમાં પોતાનો દોષ ગણાય. કામધંધા છોડીને ધર્મ, અધ્યાત્મ, ચમત્કારના ચક્કરમાં પડે તેમાંય કેટલાકને મુશ્કેલી થાય છે. પણ પ્રબળ પ્રચારમાં ઘણા શીકાર થઈ જતા હોય છે.

જન્મ સમયે બાળકની અસાધ્ય બીમારી અથવા જીંદગીભરની અપંગતા કે માનસીક વીકલાંગતાની શક્યતા હોય ત્યારે ઈચ્છામૃત્યુનો અધીકાર તેના માબાપને આપવો જોઈએ. કેમકે દર્દી પોતે નીર્ણય લેવાની સ્થીતીમાં હોતો નથી. કોઈ પણ ભાવી વ્યક્તી (અને તેનું કુટુમ્બ) જીંદગીભર દુખી થાય તે ઈચ્છનીય નથી. બેભાન અવસ્થા (કોમા), માનસીક અસ્વસ્થતા ધરાવતા, લાંબી બીમારીમાંથી ફરી સાજા થવાની આશા ન હોય તેવા વૃદ્ધ દર્દીઓનો ઈચ્છામૃત્યુનો અધીકાર તેમના વારસદારોને હોવો જોઈએ. (અલબત્ત બે ક્વોલીફાઈડ ડોક્ટરોનાં અભીપ્રાય પછી)



અતીવૃદ્ધત્વમાં શરીર જીર્ણ થઈ જાય છે. આંખ, કાન, દાંત ખુબ નબળા પડી જાય છે. પ્રવૃત્તી, ઉત્સાહ, સેક્સનો અભાવ સર્જાય છે. રોગ-દર્દ વધતાં જાય, તેમાંથી નીકળવાની કોઈ આશા રહેતી નથી ત્યારે; આવી કુદરતી અવસ્થાને કારણે માણસ જીવનથી કંટાળી જાય છે અને ખાનગીમાં મૃત્યુ ઈચ્છતો થઈ જાય છે. પણ ધાર્મીક માન્યતા (નર્ક, પુનર્જન્મ)ને કારણે ડરતો હોય છે. જે વૃદ્ધ મોટી ઉંમરે પણ પ્રવૃત્તીમય તંદુરસ્ત જીવન જીવી શકે અથવા જીવવાની ઈચ્છા રાખે છે તેને માટે કોઈ પ્રશ્ન નથી. (ઇ.સ. 2002) અત્યારે કાયદાથી ઈચ્છામૃત્યુને માન્યતા નથી. તે સર્વેની જાણ ખાતર.

## (7) મારા મૃતદેહનું વસીયત (વીલ)

### (પ્રમાણપત્ર)

હું ______________________ ઉ. વર્ષ __________ મારા મૃત્યુ બાદ મારા મૃતદેહની અંતીમ ક્રીયા નીચેના મુદ્દા પ્રમાણે કરાવવા ઈચ્છુ છું. જે મારો સભાનતાપુર્વકનો અંગત વૈચારીક અભીપ્રાય છે.

(1) હું નેત્રદાન કરવા ઈચ્છું છું. હા/ના ☐
(2) હું દેહદાન કરવા ઈચ્છુ છું હા/ના ☐
(3) હું ભુમીસંસ્કાર કરવા ઈચ્છુ છુ હા/ના ☐
(4) હું ધાર્મીક ક્રીયાઓની ઈચ્છા રાખું છું હા/ના ☐
(5) હું ભુમીસંસ્કાર પુસ્તકના વીચારોમાં માનું છું %

આપનો વીશ્વાસુ

સ્થળ : _ _ _ _ _તારીખ : _ _ _ _ _ _સહી : _ _ _ _ _

સરનામું : _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _

_ _ _ _ _ _ _ _ _જીલ્લો_ _ _ _ _ _ ☐☐☐☐☐

## સુચનાઓ / નીયમો

(1) આ એક વૈચારીક અભીયાન છે. તેથી આ પ્રમાણપત્ર ફરજીયાતપણે બંધનકર્તા નથી. સંજોગોવસાત કે કૌટુમ્બીક કારણોસર તેમાં ફેરફાર થઈ શકે છે. તેમ છતાં વ્યક્તીએ તેમના વીચારોને મહત્તમપણે રજુ કરવા.

(2) અમે આપની સારી તંદુરસ્તી અને દીર્ઘ આયુષ્ય ઈચ્છીએ છીએ. આ સર્વેક્ષણ માત્ર વૃદ્ધોનું નહીં પણ સમગ્ર સમાજનું છે. તેથી આ પ્રમાણપત્ર 21 વર્ષથી વધુ ઉંમરની (પુખ્ત) કોઈ પણ વ્યક્તી આપી શકે છે.

(3) ઉમેદવારે, આપેલ પ્રમાણપત્ર (ફોર્મ)માં પોતાનું નામ, ઉંમર, સહી અને સરનામું જે તે જગ્યાએ દર્શાવવું. તથા પોતાનો અભીપ્રાય હા/ના ચોરસ ખાનામાં પણ જણાવવો. (જેમ કે.....હા/ના .......હા)

(4) માત્ર સૈદ્ધાન્તીક સ્વીકાર કે નેત્રદાન કરનાર પણ આ ફોર્મ ભરી શકશે. પ્રમાણપત્રમાં આપેલા મુદ્દા નં 4 અને 5 આપના ધાર્મીક વીચારો અને પુસ્તક ભુમીસંસ્કારના મત જાણવા ખાતર માત્ર છે.

(5) આ પ્રમાણપત્ર ઉમેદવારના જીવતાં લાગુ પડતું નથી. મર્યા પછી પણ વારસદાર/કુટુમ્બની સહમતીથી જ અમલ કરવામાં આવશે. તેથી કશા જ ડર વગર તમારો તટસ્થ અભીપ્રાય જણાવો.

*



# વીભાગ : ૬

## ભુમીસંસ્કાર પ્રાયોગીક રીતે

### (1) ભુમીસંસ્કાર દ્વારા સજીવ ખેતી

સજીવ ખેતી એટલે કુદરતી ખેતી. કોઈ પણ પ્રકારનાં રાસાયણીક ખાતર, કે જંતુનાશક દવા કે સંકર બીયારણ વગરની ખેતી. શહેર-ગામની નજીક નકામી જમીનને બદલે સારી ખેતીલાયક જમીન હોય અથવા કોઈ ખેડુત પોતાની જમીન વાપરવા દેવા માગતો હોય તો આ પદ્ધતીથી ઘણો લાભ થાય. ફળોના બગીચા કે સાગ-સીસમ-સાજણ જેવા લાકડાનાં વૃક્ષોનું યોગ્ય અંતરે વાવેતર કરી વચ્ચેની જગ્યામાં ભુમીસંસ્કાર કરવામાં આવે તો વગર ખેડ-ખાતરે ઘણું વળતર મળે. ભાવી પેઢીને લાકડાં વીદેશથી મંગાવવાં ન પડે. અત્યારે ફર્નીચર માટેનાં મોટા ભાગનાં લાકડાં આફ્રીકા, બર્મા, મલેશીયા, નાઈઝીરીયા, તાંઝાનીયાથી આવે છે. પર્યાવરણ સાથે ખેડુતોને પણ આર્થીક ફાયદો થાય. વીદેશથી રાસાયણીક ખાતર મંગાવવું ન પડે. ઉપરાંત દેશનાં કારખાનાંઓ ઉપર પણ બોજ ન પડે. રાસાયણીક ખાતરોમાં વપરાતાં ઘણાં કીંમતી રસાયણો બચી જાય. જે અન્ય ઉદ્યોગોમાં પણ ઉપયોગી હોય છે.

ભુમીસંસ્કાર પદ્ધતીના નીયમ મુજબ તેના પર બાંધકામ થતું નથી અને મૃતકના વંશ-વારસો તે જમીન પર કે વૃક્ષ પર કોઈ પણ પ્રકારનો હક્ક-દાવો ન કરી શકતા હોવાથી કોઈ ખેડુત પણ પોતાની જમીનમાં લાભ લઈ શકે છે. ફળોની વાડીમાં આ રીત અપનાવવામાં આવે તો ખેડ-ખાતર વગર. એક આદર્શ ખેતી થઈ શકે છે. ખેડુતે ભુમીસંસ્કાર માટે થોડી-ઘણી વ્યવસ્થા કરવી પડે. બાકી ફાયદો જ ફાયદો. જમીન ખોદાવાથી પોચી બને છે અને પાણી ઘણું ઉંડું (વૃક્ષોનાં મુળીયાં સુધી) ઉતારી શકે

છે. ચોમાસામાં પણ વધુ પાણી જમીનમાં શોષાય છે. સામાન્ય કઠણ જમીનમાં 1 ફુટ પાણી ઉતરે ત્યારે અહીં 5થી 7 ફુટ પાણી ઉતરી જાય. વૃક્ષો પણ પોચી જમીનમાં મુળ સારી રીતે પ્રસારી શકે છે અને છેલ્લે ફળોનું ઉત્પાદન બમણું મળે તે જુદું. પીતૃઓને પાણી પાવાનો રીવાજ હોય તો ખેડુતને સીંચાઈ પણ મફતમાં થઈ જાય.

## (2) સમુહ – ભુમીસંસ્કાર

વીશ્વમાં પહેલાં ક્યારેય ન હતાં તેટલાં મોટાં શહેરો અને ગીચ વસ્તી ધરાવતાં ગામો અત્યારે છે. ત્યારે શહેરમાં દરરોજ 20થી 50 મૃતદેહોના નીકાલ કરવાની જરુર પડે. શહેરમાં અથવા નજીક નકામી/પડતર જમીન સરકારસંસ્થા દ્વારા સંપાદન કરી શકાય. વસ્તી અને વીસ્તાર પ્રમાણે મોટા શહેરમાં 5-10-20 જગ્યાએ ભુમીસંસ્કાર કેન્દ્ર સ્થાપવાં જોઈએ. જેથી અંતીમ ક્રીયા માટે લોકોને દુર જવું ન પડે. ખર્ચ ઉપરાંત ટ્રાફીક અને વાહનોનાં પ્રદુષણનો પણ વીચાર કરવો પડે. આમ 3થી 5 ચો.કીમી. વીસ્તાર દીઠ એક સ્થળ કાફી છે.

સમુહ ભુમીસંસ્કાર યોજના પ્રમાણે રોજ 10થી 20 મૃતદેહ આવે તે પ્રમાણે મોટો પહોળો (પાણીના હોજ જેવો) ખાડો કરવો પડે. આ કાર્ય માણસો દ્વારા થાય તો અભણ લોકોને રોજગારી પુરી પાડી શકાય, અન્યથા ઝડપથી કરવા માટે ટ્રેક્ટર/જેસીબીથી પણ થઈ શકે. તેમાં બધાં શબને સાથે જ ભુમીદાહ આપવામાં આવે. તેથી જમીન પણ 50%થી ઓછી જોઈએ. એક હેક્ટરમાં 5થી 7 હજાર મૃતદેહને સમાવી શકાય. આ પદ્ધતીમાં ખર્ચ પણ ઓછું આવે અને વધુ ફળદ્રુપતાનો લાભ લેવા આસપાસ વૃક્ષો વાવી શકાય. શહેરનું પ્રદુષણ પણ દુર કરશે.

આમ બે-પાંચ વર્ષે જમીન ભરાય પછી બીજી નકામી જમીન મેળવી નાનાં નાનાં જંગલો બનાવી શકાય. 10-15 વર્ષે ફરી એની એ જ જમીનમાં ભુમીસંસ્કાર કરી શકાય. વૃક્ષોની વચ્ચે રહેલી જગ્યા પર્યાપ્ત છે. કોઈ જગ્યાએ હાડકાં બચી ગયાં હોય તો તેને ખુણામાં ખસેડીને અથવા એક નાના ખાડામાં નાખીને કામ ચલાવી શકાય.

## (3) આદર્શ ભુમીસંસ્કાર

ભુમીસંસ્કાર જ આદર્શ છે તો પછી આદર્શ ભુમીસંસ્કાર શું ? આ પ્રકારના ભુમીસંસ્કારમાં પોતાના મૃતદેહનો નીકાલ કરાવવા માગતા બૌધીક લોકો જ હશે. તે ફક્ત શહેરોમાં જ શક્ય છે. આ પદ્ધતીમાં મૃતદેહને જમીનમાં દાટ્યા બાદ થોડા સમયમાં તેનું હાડપીંજર કાઢી શીક્ષણના હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવે.

માનવ હાડપીંજરની આંતરરાષ્ટ્રીય માર્કેટમાં કીંમત 3થી 5 હજાર રુપીયા ઉપજે છે તેથી તેની દાણચોરી પણ થાય છે. દાણચોરો કબ્રસ્તાનોમાંથી ચોરીછુપીથી હાડપીંજર



કાઢીને વીદેશોમાં નીકાસ કરી દે છે. બીનવારસી શબને પોતાની સંસ્થા દ્વારા અંતીમ ક્રીયા કરાવી આપવાની ઓફર કર્યા પછી તેને મેળવીને શબને અમુક પ્રકારના લેપ લગાડી દફન કરી, થોડા દીવસોમાં જ બહાર કાઢી, સાફ કરી, રંગ-વાર્નીશ દ્વારા ચમકતું બનાવી વેચી દેવામાં આવે છે. શૈક્ષણીક હેતુ સીવાય આ હાડપીંજરનો બીજો ઉપયોગ ન હોવાથી તેની માંગની એક મર્યાદા છે.

પણ માનવ હાડકાંનો રસાયણો કે ખાતર તરીકે અમર્યાદીત ઉપયોગ કરી શકાય છે. હાડકામાંથી સરેસ, જીલેટીન, કેલ્શીયમ કાર્બોનેટ, જેવા ઉપયોગી કેમીકલ મળે છે. જે હાલમાં પ્રાણીઓનાં હાડકાંમાંથી મેળવાય છે. હાલમાં માછલીનું તથા પ્રાણીઓનાં હાડકાંનું ખાતર વીદેશથી મંગાવવામાં આવે છે. જે કુદરતી હોવાથી સાઈડ અસર વગરનું છે. આવું થાય તો અડધા રાસાયણીક ખાતરની જરુરીયાત પુરી કરી આપે. કારખાનાંઓનું ખર્ચ તથા વીદેશી હુંડીયામણ બચે. ભવીષ્યમાં અન્ય ઉપયોગી કેમીકલ કે દવા પણ બની શકે. ક્રાંતીકારી રેશનાલીસ્ટ લેખક શ્રી રમણલાલ પાઠક (વાચસ્પતી)નું સુચન છે કે ડેડ બોડી માટે એક ફેક્ટરી સ્થાપવી જોઈએ. તેમાં નેત્ર, ચામડી, હાડકાં, ચરબી અને અન્ય કીમતી તત્ત્વો, રસાયણો અલગ તારવી જીવતા લોકો માટે ઉપયોગમાં લેવાં જોઈએ. આખરે મૃતદેહ કોઈ કામની ચીજ નથી. તેનો નાશ જ કરવાનો હોય તો યોગ્ય ઉપયોગ કેમ ન કરવો. 50-100 વર્ષ પછી કદાચ આ પણ શક્ય બને. જો આમ બને તો શબનો નીકાલ ખર્ચાળને બદલે નફાકારક ઉદ્યોગ સીદ્ધ થાય.

## (4) મૃતદેહ માટીમાં કેટલા સમયમાં ભળી જાય

સામાન્ય રીતે મનુષ્યશબને માટીના સંપર્કમાં ભુમીસંસ્કાર કરવામાં આવે તો એક જ વર્ષમાં હાડકા સીવાયના દેહનું માટીમાં રુપાંતર થઈ જાય છે. પરંતુ હાડકાં સાથે માટીમાં રુપાંતર થતાં વધુમાં વધુ 10 વર્ષ લાગે. માટીમાં એવો ગુણ છે કે લોખંડ, ધાતું, કાચ વગેરે ગમે તેવા પદાર્થ/વસ્તુને સડાવીને માટી બનાવી દે છે. મને યાદ છે એક વખત મને અમારા ખેતરમાંથી કાચની બોટલ મળી હતી તે હાથમાં લેતાંવેત પાઉડરની જેમ ચુરેચુરા થઈ ગઈ હતી. જે બે વર્ષ પહેલાં જ ખેતરમાં ખોવાઈ હતી. આમ આદર્શ દફનમાં શબને માટી બનતાં વાર નથી લાગતી, પરંતુ ખ્રીસ્તી-મુસ્લીમ જેવી પરંપરાગત દફન પદ્ધતીથી શબનું માટીમાં રુપાંતર થતા 30-40 વર્ષ લાગી જતાં હોય છે.

પ્રશ્ન એ થાય કે ડાયનોસોર, આદીમાનવ અને અન્ય અશ્મીજન્ય અવશેષો હજારો-લાખો વર્ષો પછી પણ મળી આવે છે. તેનાં કારણો એ છે કે આ પ્રાણીઓ ખાસ પ્રકારના ખનીજો/ખડકોમાં સચવાઈ રહ્યા હોય છે. ખડક/લાવારસમાં દટાયા હોય

તો જ ટકી શકે બાકી બધાજ પ્રાણીઓનાં હાડકાં જમીનમાં ટકી રહેતા હોત તો કોઈ પણ જગ્યાએ હાડકાં મળી આવે કારણ કે પૃથ્વી પર લાખો વર્ષથી પ્રાણીઓ વસે છે. તેમ છતાં પ્રયોગ કરવો હોય તો એક હાડકાને જમીનમાં દાટી દો 5-7 વર્ષમાં માટી થઈ જશે. ખોદકામ કરતી વખતે જમીનમાંથી હાડકાં મળી આવે તેમાં ડરવા જેવું શું છે ?! તેનાથી તો ઉત્ક્રાંતીનો વીકાસ અને ઈતીહાસ જાણવા મળે છે.

સામાન્ય રીતે શાકાહારી એવા હીન્દુ લોકો હાડકાં જોઈને ફફડી ઉઠે છે. અધુરામાં પુરું તાંત્રીકો મેલી વીદ્યા પ્રાપ્ત કરવાને બહાને હાડકાં-ખોપડીનો ઉપયોગ કરતા હોય છે. ભુત-પ્રેત કે મેલી વીદ્યા જેવી કોઈ વસ્તુ જ અસ્તીત્વમાં નથી છતાં પૈસા પડાવવા તાંત્રીક-માંત્રીકો આવું ધતીંગ કરતા રહે છે. એક તરફ ધાર્મીક વીદ્વાનો અંધશ્રદ્ધા-વહેમ પ્રસરાવે અને બીજી તરફ તાંત્રીકો ભુતપ્રેતથી પ્રજાને સતત ડરપોક બનાવતા રહે. વળી ત્રીજી બાજુ પ્રજાને કાલ્પનીક આત્મશ્લાઘામાં નાખે છે ('આપણે મહાન છીએ, આપણું અધ્યાત્મ/સંસ્કૃતી શ્રેષ્ઠ છે, 21મી સદીમાં દુનીયાનું નેતૃત્વ કરીશું... વગેરે) એક મોટા દેશને દુનીયાની સૌથી લાંબી ગુલામીનું કારણ આ છે : કાલ્પનીક ડરપોકપણું+અંધશ્રદ્ધા+આત્મશ્લાંઘા.

મકાનના પાયા ખોદાય તેમાં હાડકા નીકળે તો પ્લોટ વેચી નાખે યા વીધી કરાવે પણ લાખો વર્ષોથી આ પૃથ્વી પર સજીવો વસે છે તેથી તમે જ્યાં બેઠા છો તેની નીચે પણ કોઈક ક્યારેક દટાયેલ હોય જ છે. માંસાહારી લોકો તો હાડકાં ચાવી જાય છે. લાકડાં પણ આખરે શું છે ? વૃક્ષોનાં હાડકાં જ ને ! શું આપણે નથી વાપરતા તેને ઘરમાં-રસોડામાં ? આપણે પણ શરીરમાં 213 હાડકાં ધારણ કરેલા જ છે ને ! તેમાં ડરવા જેવું છે શું ? ભુમીસંસ્કાર દરમ્યાન હાડકાનું માટીમાં રુપાંતર થતા વાર લાગે તો બીજા દફન વખતે તેને એક ખુણામાં કરી દેવાય. કેટલીક દફન કરતી જાતીઓ આવું જ કરે છે.

## (5) ભુમીસંસ્કાર કેવી રીતે ?

આજથી 20-25 વર્ષ પહેલાં વીજળીથી અગ્નીદાહ આપવા કોઈ તૈયાર ન હતું. પછી વૃક્ષો/લાકડાંનુ મહત્વ જાણતાં વીદ્યુત સ્મશાનનો ઉપયોગ થવા લાગ્યો. હવે ગેસ અને ડીઝલ ભઠ્ઠીઓ દ્વારા 80થી 90% મૃતદેહોનાં (જ્યાં સગવડ હોય ત્યાં) અગ્નીદાહ થાય છે. આ પરીવર્તન લાકડાંની અછતથી (મજબુરીથી) આવેલું છે. પરીવર્તનના બીજા તબક્કામાં ભુમીસંસ્કાર આવશે. જે સૈદ્ધાન્તીક પરીવર્તન હશે. કારણ કે વીજળી ગેસ-ડીઝલ પણ બહુપયોગી અને સીમીત ઉર્જાસોર્સ છે.

કોઈ પણ સફળ સુધારાવાદી પ્રકીયા શહેરોમાંથી થતી હોય છે. શીક્ષીત અને



બુદ્ધીશાળી લોકોની સંખ્યા તથા મોટો માનવસમુદાય હોવાથી આ પ્રયત્ન પણ શહેરોમાંથી કરવો જોઈએ. કોઈ પ્રગતીશીલ સંપીલું ગામ પણ આ કાર્યમાં પહેલ કરી શકે છે. સેવાભાવી લોકો એકત્ર થઈ અથવા સંસ્થાના સભ્યોએ પહેલાં આ નવા વીચારનો પ્રચાર કરવો જોઈએ. સર્વેક્ષણ દ્વારા લોકોના વીચારો એકઠા કરવા જોઈએ. જોકે આ કાર્ય માત્ર સામાજીક નથી રાષ્ટ્રીય પણ છે. તેથી સરકારે પણ આ વીષયનો પ્રચાર કરવો જોઈએ.

ભુમીસંસ્કાર કેન્દ્ર સ્થાપવા ઇચ્છતા લોકોએ શહેરની આસપાસ (5-7કીમી.) નકામી જમીન સંપાદન કરવી. તથા શહેરમાં ઓફીસ તથા એમ્બ્યુલન્સ વાન વસાવવી પડે. તેમ છતાં સ્મશાન કરતા ખર્ચ ઘણો ઓછો આવે. લાકડાં/વીજળી/ડીઝલની જરુર જ નહીં તેથી નીભાવ ખર્ચ તો ઘણો ઓછો આવે. વીચારશીલ લોકોના સ્વજનનું મૃત્યુ થાય ત્યારે ઓફીસે ફોન કરશે. એમ્બ્યુલન્સ તેમના ઘરે આવી જાય. એકલ-દોકલ વૃદ્ધ લોકોને એ ચીંતા હંમેશાં રહેતી હોય છે કે તેનાં અંતીમસંસ્કાર કોણ કરશે ? તેઓની ચીંતા અહીં ટળી જાય. પાડોશીઓએ ફક્ત ફોન દ્વારા જાણ કરવાની રહે.

એમ્બ્યુલન્સ વાન સાથે ડૉક્ટરો પણ હોય જેથી નેત્રદાન કરવાનું હોય તો તરત કરી શકાય. જરુરી વીધી કે ઔપચારીકતા પુરી કરી મૃતદેહને વાનમાં મુકવામાં આવે તથા થોડા સ્વજનો પણ સાથે જોડાય. દેહદાન કરવાનું હોય તો એમ્બ્યુલન્સ મેડીકલ કૉલેજે જાય અન્યથા નક્કી કરેલ ભુમીસંસ્કાર કેન્દ્ર તરફ. જ્યાં એક બાજુથી યોગ્ય અંતરે, યોગ્ય માપનાં થોડાં ખાડાઓ સંસ્થાએ મજુરો પાસેથી ખોદાવી રાખેલા જ હોય.

પૂર્ણ અદબ સાથે મૃતદેહને ખાડા પાસે મુકી ત્યાં ઉપસ્થીત સર્વે જનો મૃત વ્યક્તી માટે બે-પાંચ મીનીટ મૌન પ્રાર્થના કરે. મૃતકના આત્માને શાંતી મળે, પરમેશ્વર તેમની ભુલો પ્રત્યે ઉદારતા દાખવે તેવું વ્યક્ત કરે તો કોઈ રેશનલીસ્ટ હોય તે એક વ્યક્તીના મૃત્યુનો અફસોસ વ્યક્ત કરે, તેમનાં કુટુમ્બમાં / સમાજમાં તેનાથી કેટલી ખોટ પડી તેનું દુઃખ વ્યક્ત કરે. અંતમાં સર્વે સમગ્ર હીન્દુ પ્રજાના ગ્રંથ ગીતાના થોડા શ્લોકનું પઠન કરી મૃતદેહને માનભેર ખાડામાં મુકી માટી આપવામાં આવે. ઈશ્વરનાં દરબારમાંથી ખાલી હાથે આવ્યા છીએ ને ખાલી હાથ જવાનું તેથી મૃતકને પ્રીય કાંઈપણ વસ્તુ મુકવામાં આવતી નથી. આમ પુરોહીતો વગરની, કોઈ પણ દ્રવ્ય-સામગ્રી વગરની સાદી-સરળ વીધી થોડા શ્લોકો સાથે પુરી થાય છે. સંસ્થા તરફથી વ્યવસ્થા હોય તો બાજુમાં વૃક્ષ રોપવામાં આવે અને માત્ર કુટુમ્બીજનો પાણી પાઈ રહે એટલે આ ભુમીસંસ્કાર-આદર્શ અંતીમ ક્રીયા પુરી થાય. સંસ્થા દ્વારા મૃતકનું નામ, સ્થાન, તારીખ, વારસદારનાં નામ, સરનામાં વગેરેની જે જરુર હોય તેની નોંધણી કરવામાં આવે.

નેત્રદાન, દેહદાનની વ્યવસ્થા સંસ્થાની ઓફીસ મારફત થતી હોવાથી લોકો તથા નેત્ર હોસ્પીટલોને વધુ સુગમ થશે. ભવીષ્યમાં તબીબી વીજ્ઞાન દ્વારા વધુ અંગોનો જીવતા લોકો માટે ઉપયોગ થાય તો આવાં કાર્યોથી માનવતાની મહેક ખીલી ઉઠશે. દાનનું પ્રમાણ વધારે હોય તો તેની અછત પણ નહીં રહે અને ધંધાદારી ગેરરીતી પણ ન થાય. સમાજના 5% લોકો પણ જો નેત્રદાન-દેહદાન કરે તો તમામ જરુરીયાતો પુરી થઈ શકે છે.

કુતરાં, શીયાળ, લોંકડી, ઘોરખોદીયાં વગેરેથી શબને બચાવવા ચણતર વગર બે-ચાર પથ્થર મુકી શકાય, જે એક વરસ પછી પહેલી પુણ્યતીથીએ થોડાં ફુલ મુકી, બે શ્લોક બોલી, હટાવી લેવાથી કબર કરવાની પરંપરા સ્થાપીત થશે નહીં અને જમીનનો ફરી ઉપયોગ કરી શકાય. અમુક વર્ષો પછી જમીન ફળદ્રુપ થવાથી નર્સરી/બાગાયત/ખેતી માટે ખાલી કરી બીજે જમીન લઈ શકાય.

## (6) હેતુ અને ઉપસંહાર

આ વીષય પર આટલું લાંબું લખાણ લખવાનું કારણ એટલું જ કે કોઈને શંકા કે ખોટી દલીલ કરવાનો અવકાશ ન રહે. તથા સૌને સમાધાન મળી રહે. વળી લાંબા સમયથી ચાલી આવતી પદ્ધતીમાં ફેરફાર માટે કારણો તો આપવાં જ જોઈએ. વર્ષોથી પોતાની પદ્ધતી/રીવાજોનો બચાવ ઉટપટાંગ તર્કો દ્વારા કરવામાં આવતો હોય તેનું નીરસન પણ કરવું જ પડે. અને સર્વને બધી જ રીતે વીચારવાની તક મળે પછી જ પરીવર્તન શક્ય બને.

ધર્મગુરુની કે શાસ્ત્રો દ્વારા અપાયેલી આજ્ઞાઓ કે બોધ લાંબા સમયે રુઢીરીવાજની જડતામાં ફેરવાય છે. જો તેની સમજુતી શાસ્ત્રોમાં આપવામાં આવી હોત તો કોઈ અર્થના અનર્થ ન થયા હોત. પણ ધાર્મીક શાસ્ત્રોમાં કોઈ પણ વીધી-કર્મકાંડનાં કારણો આપવામાં આવ્યાં નથી તેથી આપણે બધાએ પોતપોતાની રીતે અનુમાન લગાવવાં પડે છે. ન સમજાય તેવી અસામાજીક વાતોને રુપક તરીકે સમજાવવી પડે છે.

આ પુસ્તકનો મુખ્ય હેતુ રાષ્ટ્રની કીમતી સંપત્તી બચાવવાનો છે. દેશ સુખી તો આપણે અને આપણાં સંતાનો સુખી. જે દેશમાં પોતાની સલામતી ન હોય, પોતાના હક્ક, સંપત્તીનું રક્ષણ ન થતું હોય તે વ્યક્તી ભાવી પેઢીનો શું વીચાર કરી શકે ? આવું ક્યારે થાય ? બધા લોકો રાષ્ટ્રની ઉપેક્ષા કરે ત્યારે રાષ્ટ્ર નબળુ પડતું હોય છે. અતી ધાર્મીકતામાં રાષ્ટ્રની ઘોર ઉપેક્ષા થતી હોય છે. ત્યારે ઈશ્વર પણ તે દેશને બચાવી શકતો નથી. કોઈ પણ દેશ તુટતાં બચી શક્યો હોય તો તેના દેશભક્તોને કારણે બચી શક્યો હોય છે. ધર્મ અને ધર્મગુરુઓની દૃષ્ટી પરલોકભણી હોય તેથી આ લોકને



ઘણી રીતે નુકસાન થાય. તેમ છતાં એવો દાવો કરવો કે દેશ તો ધર્મ-સંસ્કૃતીને કારણે બચી શક્યો છે. તે હળહળતું જુઠાણું કહેવાય; એટલું જ નહીં પણ તેનાથી લોકો ગેરમાર્ગે દોરવાય, દેશભક્તોની ઉપેક્ષા થાય અને લોકો દેશ પ્રત્યેની ફરજો તરફ બેધ્યાન બને છે. દા.ત. લોકો ટેક્ષ ભરવા કરતાં દાન વધારે કરે છે, સરહદના સંઘર્ષ કરતાં યાત્રાઓમાં મરવાનું વધારે પસંદ કરે છે. પણ હવે દરેક ક્ષેત્રોમાં રાષ્ટ્રનો વીચાર થવો જોઈએ.

આ પુસ્તકનો બીજો આશય પર્યાવરણ બચાવવાનો છે. હું પહેલેથી પ્રકૃતીનો ચાહક રહ્યો છું. મને વૃક્ષ આચ્છાદીત દૃશ્યો ખુબ જ પ્રીય છે. પહેલું સુખ તે જાતે નર્યા. તેમ રાષ્ટ્રની તંદુરસ્તી તેની સ્વસ્થ પ્રકૃતીમાં છે. ધાર્મીક પરંપરા અને વસ્તી વીસ્ફોટથી થતા પર્યાવરણના ભયંકર નુકસાનને ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો છે. પર્યાવરણ આખરે કુદરતની દેન છે. ઈશ્વરની રચના છે. તેને નુકસાન ધર્મપરંપરા દ્વારા થાય તો તે ઘણું વીપરીત ગણાય. અને રાષ્ટ્રને નુકસાન થતું હોવાથી રાષ્ટ્રવીરોધી પણ ગણાય. ભાવી પેઢી માટે આપણે જો સારું પર્યાવરણ પણ ન છોડી જઈએ તો આપણને સાત પેઢીની ચીંતા કરવાનો શું અધીકાર છે !! સારું વાતાવરણ-હવામાન આપણી તંદુરસ્તી માટે પણ એટલું જ અગત્યનું છે.

હું ઈચ્છું કે સમાજના શીક્ષીત–બુદ્ધીશાળી, આગેવાનો, નેતાઓ, મહાપુરુષો, ધર્મગુરુઓ પક્ષીય માન્યતાથી દુર રહી રાષ્ટ્રના હીતમાં વાસ્તવીક અભીગમ અપનાવે, પ્રજાને જાગૃત કરે, દોરે, માર્ગદર્શન આપે, ઝુંબેશ શરુ કરે. જીવનનાં તમામ ક્ષેત્રોમાં પ્રશ્નોના મુળમાં જઈ, સત્ય અને વાસ્તવીકતા જાણે, જરુર પડે તો જે તે વીષયના નીષ્ણાતોની સલાહ લે અને સમસ્યાઓ હલ કરવાનો પ્રયત્ન કરે. યાદ રહે આ છેલ્લી તક છે. દુનીયાથી ઘણા પાછળ છીએ. નહીં જાગીએ તો પતન નીશ્ચીત છે. આગળથી ચાલી આવતી, ફેઈલ ગયેલી થીઅરી/સીસ્ટમ આપણને તારી શકશે નહીં. માટે હવે શક્તીશાળી રાષ્ટ્રના નીર્માણ માટે સંપૂર્ણપણે વૈજ્ઞાનીક અભીગમ અપનાવીએ.

આમ છતાં જે લોકનેતાઓ નક્કર સત્યોને સ્વીકારશે નહીં અને પ્રજાના પ્રશ્નોને દુર કરવાના કઠોર પ્રયત્ન નહીં કરે તો તેઓ લોકો સમક્ષ ખુલ્લા પડી જશે. આજના શીક્ષીત-વૈજ્ઞાનીક યુગની પ્રજાની નજરમાંથી, જો તેઓ એક વખત નીકળી જશે તો પછી તેમની પાસે કોઈ વીકલ્પ નહીં બચે. વખત જતાં ભાવી પેઢી સમસ્યાઓથી ઘેરાઈ જશે ત્યારે તેઓ વાસ્તવીકતાની ઉપેક્ષા કરનારને કદી માફ નહીં કરે. જે સંસ્કૃતી અને સમાજ સમય સાથે પરીવર્તન પામતો નથી, તે અંધકારમાં વીલીન થઈ જાય છે. વીશ્વની જે સંસ્કૃતીઓ / પ્રજા નષ્ટ થઈ છે તેને આ જ શાશ્વત નીયમ લાગુ પડ્યો છે. તેનો ઈતીહાસ સાક્ષી છે.

✳

## આભાર

**શ્રી સતીષભાઈ ઠકરાર**નો જન્મ જુનાગઢ જીલ્લાના બીલખા ગામે 25, નવેમ્બર 1950માં થયો હતો. તેઓએ પ્રાથમીક શીક્ષણ શારદાગ્રામમાં મેળવ્યું હતું. માધ્યમીક શીક્ષણ મુંબઈ તથા ઉચ્ચ શીક્ષણ પુનામાં મેળવ્યું હતું. તેઓએ પુનાથી ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગની ડીગ્રી મેળવી 1980 સુધી વડોદરામાં પોતાનો બીઝનેસ ચલાવ્યો હતો.

શ્રી સતીષભાઈ 1980 પછી યુ. કે. ગયા. આજે બ્રીટનમાં તેઓ પોતાની બુદ્ધી અને સાહસીકતાથી સ્વતંત્ર ધંધો ધરાવે છે. અને પોસ્ટ ઓફીસ પણ ચલાવે છે.

કૌટુમ્બીક લાગણી ધરાવતા સતીષભાઈ સ્વભાવે નમ્ર, નીડર અને સ્વતંત્ર વીચારશક્તી ધરાવતા પ્રભાવશાળી વ્યક્તી છે. પત્ની અને બે બાળકો સાથે સુખી ગૃહસ્થ જીવન જીવતા સતીષભાઈને સમાજ અને રાષ્ટ્ર માટે ઉંડી લાગણી છે.

આવી જ ઉમદા સામાજીક લાગણીને કારણે તેમણે આ પુસ્તકના પ્રકાશનમાં મોટું આર્થીક યોગદાન આપ્યું છે. અત્રેથી અમે તેમનો કૃતજ્ઞતાપુર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

* * *

ડુમરા (અબડાસા)ના મુળ વતની એવા **શ્રી લક્ષ્મીચંદ દેવજી શાહ** હાડોહાડ વૃક્ષપ્રેમી છે. મુંબઈમાં મોટો બીઝનેસ હોવા છતાં નીવૃત્તી લઈ પોતાના વતન કચ્છમાં દેશ, સમાજ અને પર્યાવરણને લગતી અનેક પ્રવૃત્તીમાં તન-મન-ધનથી સેવા આપી રહ્યા છે.

કુવા રીચાર્જીંગનો પ્રથમ પ્રયોગ તેઓએ કચ્છમાં કર્યો હતો. તેમના પગલે આજે કચ્છમાં 15000 કુવા રીચાર્જ થાય છે. તેમના મતે તેમાં એક નાના ચેકડેમ જેટલું પાણી સંગ્રહાય છે. તેઓએ ડુમરા અને બીડડામાં બે ડેમ પણ બાંધ્યા છે. 50% બળતણ બચાવતા, ગ્રામ્ય વીસ્તારમાં બહુપયોગી નીર્ધુમચુલા, મકાન નીચે પાણીસંગ્રહ જેવી અનેક યોજનામાં લોકોને જાગૃતી સાથે આર્થીક સહાય કરે છે.

કચ્છ ઈકોલોજી ફાઉન્ડેશન, ભગવાન મહાવીર પશુરક્ષા કેન્દ્ર, શ્રી વીવેકાનંદ રીસર્ચ ટ્રેઈનીંગ ઈન્સ્ટીટ્યુટ જેવી સંસ્થાઓ દ્વારા પર્યાવરણ અને લોકોપયોગી અનેક પ્રવૃત્તી ચલાવે છે. કોટી વૃક્ષ અભીયાન અને એન્કરવાળા અહીંસાધામ દ્વારા, 500 એકરમાં વનીકરણ અંતર્ગત, અંગત વૃક્ષ દત્તક યોજના દ્વારા લોકો દ્વારા વૃક્ષો ઉછેરી જાગૃત કરી રહ્યા છે. દર વર્ષે થતી કુળદેવીની ઉજવણી (પહેળી) નીમીત્તે લોકોના દાનને વૃક્ષ તરફ વાળે છે.

ગુજરાતભરનાં અઢીસો જેટલા ભાષાવીજ્ઞાનીઓ, સાહીત્યકારો, પ્રાધ્યાપકો, શીક્ષકો, તંત્રીઓ, લેખકો અને પત્રકારોની મળેલી જોડણી પરીષદે સતત બે દીવસની ચર્ચા, વીચારણા અને ચકાસણીને અંતે લોકશાહી ઢબે નીચે પ્રમાણે નીર્ણય લીધો હતો.

તા. 9, 10 **જાન્યુઆરી** 1999ના ઉંઝામાં મળેલી

**અખીલ ગુજરાત જોડણી પરીષદનો ઠરાવ**

ગુજરાતીમાં ઈ-ઉની જોડણીના પ્રવર્તમાન નીયમો અતાર્કીક અને ઘણી અસંગતતાઓથી ભરેલા છે તેમજ ગુજરાતી ભાષામાં ઈ-ઉનું હ્રસ્વત્વ-દીર્ઘત્વ અર્થભેદક ન હોઈને એ અવાસ્તવીક પણ છે તેથી હવે પછી તે નીયમો છોડી દેવા અને લેખનમાં સર્વત્ર એક ઈ અને ઉ યોજવા. ઈ માટે દીર્ઘ ઈ ( ી )નું ચીહ્ન અને ઉ માટે હ્રસ્વઉ ( ુ )નું ચીહ્ન રાખવું.

### ‘શુ ભાષાશુદ્ધી અભીયાન એક તુત છે ?’ પુસ્તક વીશે

* દરેક વાદી-પ્રતીવાદીએ ફરજીયાત વાંચવી પડે એવી મુલ્યવાન જણસ.
– વીપુલ કલ્યાણી (તંત્રી, ‘ઓપીનીયન’)

* હવે બીજી કોઈ વકીલાતની જરુર નથી.– જગદીશ શાહ (તંત્રી, ‘ભુમીપુત્ર’)

* આટલી તટસ્થતા અને તાર્કીકતા વીરલ. – અરવીંદ ભાંડારી (અધ્યાપક, ભાષાશાસ્ત્રી)

* કોઈને પણ પોતાના પક્ષ સમજાવી શકવા સમર્થ, જો મન ખુલ્લું રાખે તો.
– ઉર્મી દેસાઈ (ભાષાશાસ્ત્રી)

* વીષયની વીશદ અને સર્વગ્રાહી છણાવટ. – હરીપ્રસાદ શાસ્ત્રી (અધ્યાપક)

* આત્યંતીક ઝનુનને ઠારીને ચીંતન પ્રેરે એવી. – રમેશ ભટ્ટ (અધ્યાપક)

* તારવી-સારવીને બહોળા સમુદાયમાં પહોંચાડવા જેવું.
– જયંત મેઘાણી (પ્રકાશક, ભુતપુર્વ ગ્રંથપાલ)

* વીદ્વાનો માટે પણ માર્ગદર્શક. – તુલસીભાઈ પટેલ (અધ્યાપક)

મુર્ધન્ય સાહીત્યકાર ભાષાભક્ત સ્વ. જયંત કોઠારી લીખીત, ‘શું ભાષાશુદ્ધી અભીયાન એક તુત છે ?’ અને ‘જો મન ખુલ્લું હોય તો’; બન્ને પુસ્તીકાઓનો આદરણીય મહેન્દ્ર મેઘાણીએ કરેલો સંક્ષેપ, ‘જોડણી-વ્યવસ્થામાં પરીવર્તન માટે લોકમતની કેળવણી’ નામે પ્રગટ થયો છે.

માત્ર એક જ પોસ્ટકાર્ડ પુરા સરનામાં પીનકોડ સાથે લખવાથી તે પુસ્તક સાવ મફત ઘર બેઠે મોકલવામાં આવશે. લખો : – ઉત્તમ ગજ્જર,
53, ગુરુનગર, વરાછા રોડ, સુરત-395006. ફોન : (0261) 2553591

વીજળીથી મૃતદેહને બાળવામાં પણ ઉર્જાનો ગંભીર બગાડ થાય જ છે, કારણ કે વીદ્યુત ઉત્પન્ન કરવા માટેય કોલસા, લાકડાં, પેટ્રોલીયમ જેવા ઉર્જાસ્રોતની અનીવાર્યતા રહે જ છે. વળી વીદ્યુત જીવતા માણસની સુખસગવડ માટે અત્યંત ઉપયોગી એવી મુલ્યવાન ઉર્જા છે; પરંતુ એવા ચેતનહીન, મૃત લાકડાને બાળવા માટે ભારોભાર ચૈતન્ય વીલસતાં, જીવનદાયક વૃક્ષોનું નીકંદન કાઢી નાખવું એમાં કઈ સમજદારી છે, કઈ બુદ્ધી છે ? એ તો ઘોર અપરાધ જ છે, પાપ છે.

શ્રી વીનોદ વામજાએ ‘દેહદાન, નેત્રદાન, કીડનીદાન, રક્તદાન’ પર પણ યોગ્ય ભાર મુક્યો છે : પ્રદુષણની સમસ્યા વીગતે ચર્ચતાં, યજ્ઞાદી દહનથી પણ પ્રદુષણ વધે એમ દર્શાવ્યું છે અને અંતમાં એક નમુનેદાર વસીયતનામું પણ આપ્યું છે, આમ આજની કટોકટીમાં આ પુસ્તક ઘણું મુલ્યવાન તથા પ્રેરક બની રહે છે. સૌરાષ્ટ્રના વંથલી (જી. જુનાગઢ) જેવા ખુણામાંથી આવી રેશનલીસ્ટ વીચારસરણી પ્રગટે એ અતીઆવકાર્ય ઘટના લેખાય.

(પ્રસ્તાવનામાંથી) – પ્રા. રમણ પાઠક ‘વાચસ્પતી’

રવાના :

PRINTED BOOK
છાપેલી ચોપડી

To
પ્રતી, ________________

# ભુમીસંસ્કાર

વીનોદ વામજા